ISSN-0971-8397

# યોજના

ઑક્ટોબર-૨૦૧૭ વિકાસને સમર્પિત માસિક ₹ ૨૨






## નવા ભારતનું નિર્માણ


**ફોક્સ લેખ**

સ્વચ્છ ભારતનું સર્જન
પરમેશ્વરન ઐયર

ગરીબી મુક્ત ભારતની રચના
અમરજિત સિંહા

જ્ઞાતિવાદથી મુક્ત ભારતનું નિર્માણ
અમરજિત એસ. નારંગ

નવા ભારત માટે નવી કૃષિ નીતિ
જગદીપ સક્સેના

નવા ભારત માટે નવીન સુધારાઓ
ઉન્નત પંડિત

**ખાસ લેખ**

ટ્રિપલ તલ્લાક પર ચુકાદોઃ મુસ્લિમ મહિલાઓની જીત
આર. કે. સિંહા







# ભારતમાં બુલેટ ટ્રેનની સફરની શરૂઆત



મુંબઈ અને અમદાવાદ વચ્ચે ભારતની પ્રથમ બુલેટ ટ્રેન રેલ પ્રોજેક્ટના શિલારોપણ દરમિયાન ઉપસ્થિત રહેલા ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, જાપનના પ્રધાનમંત્રી શ્રી શિન્ઝો આંબે તેમજ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ભારતના પ્રધાનમંત્રી અને જાપાનના પ્રધાનમંત્રી શિન્ઝો આબેએ સંયુક્તપણે અમદાવાદમાં ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ મુંબઈ અને અમદાવાદ વચ્ચે ભારતની પ્રથમ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ માટે શિલારોપણ કર્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ''નવા ભારત''ની ઊંચી આકાંક્ષા અને ઇચ્છાશક્તિ પર વાત કરી હતી. તેમણે આ પ્રસંગે ભારતની જનતાને અભિનંદન આપ્યાં હતાં અને કહ્યું હતું કે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઝડપી અને પ્રગતિ પ્રદાન કરશે તથા તેના પરિણામો ઝડપથી મળશે.

આ મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ (એમએએચએસઆર) પ્રોજેક્ટ (લોકપ્રિય રીતે અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન તરીકે જાણીતો છે) એ દૂરગામી અસર ધરાવતો પ્રોજેક્ટ છે, જે લોકોની સલામતી, ઝડપ અને સેવાના નવા યુગની શરૂઆત કરશે તથા ભારતીય રેલવેને સ્કિલ, ઝડપ અને કૌશલ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરે લીડર બનવામાં મદદ કરશે.

### પ્રોજેક્ટનો ઓછો ખર્ચ

આ અતિ ઊંચો ખર્ચ ધરાવતાં વિશાળ માળખાગત પ્રોજેક્ટ માટે નાણાકીય ખર્ચ મોટા ભાગે ઋણ દ્વારા પૂરો પાડવામાં આવશે અને કુલ ખર્ચનો નોંધપાત્ર હિસ્સો ઋણનો ખર્ચ છે. ભારત અને જાપાન વચ્ચે સહકાર સમજૂતીના ભાગરૂપે જાપાનની સરકાર ૦.૧ ટકાના નગણ્ય વ્યાજદરે રૂ. ૮૮,૦૦૦ કરોડની સોફ્ટ લોન પ્રદાન કરશે. તેની પુનઃચુકવણીનો ગાળો ૫૦ વર્ષ છે. લોનની પુનઃચુકવણી લોન મળ્યાનાં ૧૫ વર્ષ પછી શરૂ થશે, જે વ્યવહારિક રીતે વ્યાજમુક્ત બનાવશે. આ લોન પર મહિને અંદાજે રૂ. ૭થી ૮ કરોડનું વ્યાજ ચુકવવું પડશે.

સામાન્ય રીતે આ પ્રકારની લોન વિશ્વ બેંક કે અન્ય આવી જ કોઈ સંસ્થા પાસે લઈએ તો ૨૫થી ૩૫ વર્ષના પુનઃચુકવણીના ગાળા સાથે વ્યાજદર ૫થી ૭ ટકા લાગુ પડે છે એટલે ભારતને હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ માટે લોન લગભગ ઝીરો ખર્ચે મળી છે, જેમાં દેશમાં ઉપલબ્ધ નાણાકીય સંસાધનો પર વધારે કોઈ ભારણ નહીં આવે, કારણ કે પ્રોજેક્ટનો ૮૦ ટકાથી વધારે ખર્ચ જાપાનની સરકાર પૂરો પાડશે. દેશના ઇતિહાસમાં પહેલી વખત એવું બન્યું છે કે કોઈ પણ માળખાગત પ્રોજેક્ટને આ પ્રકારની અનુકૂળ શરતો પર ફંડ મળ્યું છે.

### મેક ઇન ઇન્ડિયા

પ્રોજેક્ટનો એક મુખ્ય ઉદ્દેશ ''મેક ઇન ઇન્ડિયા'' છે, જે પ્રોજેક્ટ શરૂ થતાં અગાઉ પાર પડશે. સરકારો વચ્ચે થયેલી સમજૂતીના ભાગરૂપે એમએએચએસઆર પ્રોજેક્ટના ઉદ્દેશ ''મેક ઇન ઇન્ડિયા'' અને ''ટેકનોલોજીનું હસ્તાંતરણ'' છે. કાર્યદળ (ડીઆઇપીપી અને જાપાન એક્સ્ટર્નલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન – જેટ્રો)ના માર્ગદર્શન હેઠળ સ્વીકાર્ય પેપર માર્ગદર્શિકા મુજબ કામગીરી હાથ ધરવામાં આવી છે. ભારતીય ઉદ્યોગ, જાપાનીઝ ઉદ્યોગ, ડીઆઇપીપી, એનએચએસઆરસીએલ અને જેટ્રોના પ્રતિનિધિઓ સાથે ચાર પેટા જૂથો મેક ઇન ઇન્ડિયા માટે સંભવિત ચીજવસ્તુઓ અને પેટા-વ્યવસ્થાઓની ઓળખ કરવા બનાવવામાં આવ્યાં છે. ભારત અને જાપાનના ઉદ્યોગો વચ્ચે સક્રિય ચર્ચાવિચારણા શરૂ થઈ ગઈ છે. એવી અપેક્ષા છે કે રોલિંગ સ્ટોક સહિત વિવિધ ઘટકોનું ઉત્પાદન હાથ ધરવા આગામી સમયમાં અનેક સંયુક્ત સાહસોની રચના થશે. તેનાથી ભારતીય ઉદ્યોગને નવી ટેકનોલોજીની સાથે દેશની અંદર રોજગારીની તકોનું સર્જન કરવાનો પણ લાભ થશે. મેક ઇન ઇન્ડિયાનો ઉદ્દેશ એવું પણ સુનિશ્ચિત કરશે કે આ પ્રોજેક્ટમાં રોકાણ થયેલી મોટાભાગની રકમનો ખર્ચ અને ઉપયોગ ભારતની અંદર થશે.

ભારતમાં નિર્માણ ક્ષેત્રને પણ રોકાણની દૃષ્ટિએ મોટું પ્રોત્સાહન મળવાની સાથે નવી ટેકનોલોજી અને કાર્યસંસ્કૃતિની દૃષ્ટિએ પણ લાભ થશે. આ પ્રોજેક્ટ નિર્માણનાં તબક્કા દરમિયાન આશરે ૨૦,૦૦૦ કામદારો માટે રોજગારીનું સર્જન કરશે એવી શક્યતા છે, જેઓ ભારતમાં આ પ્રકારના પ્રોજેક્ટનું નિર્માણ હાથ ધરવા તાલીમબદ્ધ હશે. જેમાં નિર્માણ કૌશલ્યની જરૂર પડશે એવા કેટલાંક નવા ક્ષેત્રોમાં બેલાસ્ટ-લેસ ટ્રેક, અંડર સી ટનલ વગેરે વિકસશે.

(અનુસંધાન પાના નંબર-૫૧ ઉપર)

Follow us on Facebook - https://www.facebook.com/pages/Yojana-Journal

ISSN-0971-8397

www.yojana.gov.in

ઑક્ટોબર-૨૦૧૭

# યોજના

વિકાસને સમર્પિત

*Let noble thoughts come to us from all sides*
*Rig Veda*

વર્ષ : ૪૫ અંક : ૦૭ સળંગ અંક : ૮૦૨ કિંમત: ₹ ૨૨

મુખ્ય તંત્રી
દીપિકા કચ્છલ

આસિસ્ટન્ટ ડાયરેક્ટર
અજય ઈન્દ્રેકર

તંત્રી
જાન્હવી પટેલ

છૂટક નકલ : ₹ ૨૨-૦૦,
વાર્ષિક લવાજમ : ₹ ૨૩૦-૦૦,
બે વર્ષ : ₹ ૪૩૦-૦૦,
ત્રણ વર્ષ : ₹ ૬૧૦-૦૦.
લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચૅક/ડિમાન્ડ ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે. યોજના ગુજરાતીનું લવાજમ ઑનલાઈન ભરી શકાશે :
(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana
(2) http://yojana.gov.in/
(3) http://publicationsdivision.nic.in/Subscription.aspx

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER: The views expressed in various articles are those of the authors 'and they do not necessarily reflect the views of the Government or the organisation they work for Maps / flags & photos/design are only indicative.*

www.publicationsdivision.nic.in
@DPD_India

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
લૉંગ લાઈફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅંક ઉપર, પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦
E-mail : yojanagujarati@gmail.com

કુલ પાના : ૫૨

લવાજમ અંગેની માહિતી શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી ફોન નંબર ૦૭૯-૨૬૫૮૮૬૬૯ ઉપર મળશે.

## વિષયસૂચિ

**સ્વચ્છ ભારતનું સર્જન**
**પરમેશ્વરન ઐયર** ........ ૫

**ગરીબી મુક્ત ભારતની રચના**
**અમરજિત સિંહા** ........ ૧૦

**જ્ઞાતિવાદથી મુક્ત ભારતનું નિર્માણ**
**અમરજિત એસ. નારંગ** ........ ૧૬

**નવા ભારત માટે નવી કૃષિ નીતિ**
**જગદીપ સક્સેના** ........ ૧૯

**નવા ભારત માટે નવીન સુધારાઓ**
**ઉજ્જ્વલ પંડિત** ........ ૨૪

**ટ્રિપલ તલ્લાક પર ચુકાદોઃ મુસ્લિમ મહિલાઓની જીત**
**આર. કે. સિંહા** ........ ૨૯

**નૂતન ભારતમાં કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતા વિકાસ**
**અમિત કુમાર દ્વિવેદી, સારવાનાન વેલ્યુસામી** ........ ૩૨

**ભ્રષ્ટાચાર સામે ભારતનો જંગ**
**વી. શ્રીનિવાસ** ........ ૩૭


**વિકાસનો મંત્ર : જનધન, આધાર અને મોબાઈલ**
**ડો. તુષાર હાથી** ........ ૪૩

## ટાઈટલ

૧. **આવરણ ડિઝાઇન**
૨. **ડેવલપમેન્ટ રોડ મેપ - ભારતમાં બુલેટ ટ્રેનના સફરની શરૂઆત - ટાઈટલ ૨ અને ૩**
૪. **પ્રકાશન વિભાગનાં પુસ્તકો**

# તંત્રીલેખ

## નવી ક્ષિતિજ




એક કદમ ભરવાથી હજારો માઈલની મજલનો પ્રારંભ થાય છે. જ્યારે પ્રધાનમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં નૂતન ભારતના નિર્માણ માટે હાકલ કરી ત્યારે સમગ્ર રાષ્ટ્રમાં નવી ક્ષિતિજ તરફ ડગ માંડવા માટે અત્યંત આવશ્યક એવી ઊર્જાનો સંચાર થયો. આ હાકલ ૧૯૪૨ના ઓગસ્ટમાં હાથ ધરાયેલી ભારત છોડો ચળવળને ૭૫ વર્ષ પૂરાં થવા પ્રસંગે કરાઈ હતી. એ સમયે પ્રજામાં બ્રિટિશરો ભારત છોડે તે માટેની પ્રેરણા પ્રાપ્ત કરી સામુદાયિક ચળવળ દ્વારા લોકોમાં ઊર્જાનો સંચાર થયો હતો. હવે વધુ એક વાર દેશવાસીઓને પ્રસંગ અનુસાર ઊંચા ઊઠીને દેશને અવરોધતાં ભ્રષ્ટાચાર, ગરીબી, કોમવાદ, જ્ઞાતિવાદ વગેરે જેવાં વિવિધ અનિષ્ટો દૂર કરવા માટે આ વિચારનું અનુસરણ કરવામાં આવ્યું છે. સમગ્ર રાષ્ટ્રએ આ માટે એક અવાજે વર્ષ ૨૦૨૨ સુધીમાં ભારતને ગંદકી, ગરીબી, ભ્રષ્ટાચાર, આતંકવાદ, જ્ઞાતિવાદ વગેરેથી મુક્ત કરીને નૂતન ભારતના નિર્માણ માટે વચન લીધું છે.

નૂતન ભારતના અભિગમનાં ઘણાં પાસાં છે, અને એ માટે સરકાર તેમજ પ્રજા બંને દ્વારા ભારતને અવરોધરૂપ દૂષણો દૂર કરવા પ્રયાસ હાથ ધરવા પડે તેમ છે. આપણે જો એક પછી એક તેનું વિશ્લેષણ કરીશું તો જણાશે કે આમાનાં ઘણાં બધાં દૂષણો આપણી સાથે વર્ષોથી અને કેટલાંક તો સદીઓથી સંકળાયેલાં રહ્યાં છે. ઉદાહરણ તરીકે વાત કરીએ તો આપણી સંસ્કૃતિ આપણને કહે છે કે જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુનો વાસ. એક તરફ આપણે ઘરને અત્યંત સ્વચ્છ રાખવામાં માનીએ છીએ, આમ છતાં આપણે જાહેરમાં આપણી અસ્વચ્છતાની નામચીન કુટેવોને કારણે જાણીતા છીએ. આમ છતાં આપણે જ્યારે જ્યારે ગલીમાં બહાર નીકળીએ છીએ ત્યારે આપણામાં જાદુઈ પરિવર્તન આવે છે. ખુલ્લામાં હાજતે જવું, આપણો ઘરનો કચરો ગલીમાં ફેંકવો આવું બધું સામાન્યપણે જોવા મળે છે. એક અસ્વચ્છ રાષ્ટ્ર, આપણે જેમના તરફથી મૂડીરોકાણની અપેક્ષા રાખીએ છીએ અને જેમની વચ્ચે આપણે સ્થાન હાંસલ કરવા માંગીએ છીએ, તે લોકોના બહારના વિશ્વમાં ખરાબ છાપ તો ઉભી કરે જ છે, પણ સાથે સાથે રોગો તરફ દોરી જાય છે અને આપણી આર્થિક સમૃદ્ધિએ તેનો ભોગ બનવું પડે છે. અને આથી જ સ્વચ્છ ભારતની આવશ્યકતા છે.

બીજી તરફ ગરીબી પ્રગતિના રાહમાં આડે આવે છે, કારણ કે આપણી ઘણી મોટી વસતિ ખાસ કરીને ગ્રામ વિસ્તારોમાં ગરીબીમાં સપડાયેલી છે. ભ્રષ્ટાચાર એ એક એવી સાર્વત્રિક આપત્તિ છે, જે આપણા વિકાસને ખાઈ જાય છે. નોટબંધી, લાભની સીધી તબદીલી, આધાર, ભીમ એપ્પ વગેરેની રજૂઆત ભ્રષ્ટાચાર ઓછો કરવા માટે તથા વિકાસના ફળ સાચા લાભાર્થી સુધી પહોંચે તેની ખાત્રી માટે કરવામાં આવી છે. આમ છતાં આ દિશામાં હજુ ઘણું બધું કામ કરવાનું બાકી છે, જેથી ગરીબી મુક્ત અને ભ્રષ્ટાચાર મુક્ત ભારતનું નિર્માણ થઈ શકે.

આતંકવાદ એ એક આંતરરાષ્ટ્રીય દૂષણ છે, જે દુનિયાભરમાં લોકોના જીવ લઈ રહ્યો છે. આ એક એવું દૂષણ છે કે જે લોકોને માનસિક અને શારીરિક રીતે અસર કરે છે. લોકોને આતંકવાદના ભયથી દૂર કરવાની બાબત નૂતન ભારતના નિર્માણ માટે મહત્વની છે. આથી જ આતંક મુક્ત ભારતની જરૂર છે.

ઈતિહાસ કાળથી જ્ઞાતિવાદનું દૂષણ ભારતીય સંસ્કૃતિનો હિસ્સો બની રહ્યું છે. અસ્પૃશ્યતા નીચલી જાતિઓને રાષ્ટ્રીય પ્રવાહથી દૂર રાખે છે અને તેમને શિક્ષણ, આરોગ્ય તથા સમાજમાં સ્થાનના લાભથી દૂર રાખે છે. આ કારણે ભારતીય વસતિના એક સમુળગા વર્ગનો વિકાસ અટકી પડ્યો છે. આ દૂષણ દૂર કરવાથી અને નીચલી જ્ઞાતિઓને વિકાસનો લાભ મળે તેની ખાત્રી રાખવી તે દેશની પ્રગતિ માટે આવશ્યક છે. આથી જ જ્ઞાતિમુક્ત ભારતની જરૂર છે. એવું જ કોમવાદનું છે. ભારત વિવિધ ધર્મો અને પંથનો સમાવેશ કરતો દેશ છે અને એક રાષ્ટ્ર તરીકે આપણે હંમેશાં વિવિધતામાં એકતાનું ગૌરવ અનુભવીએ છીએ. આમ છતાં ક્યારેક તો કોમવાદ ભભૂકી ઉઠે છે અને જીવ ગુમાવવા પડે છે અને સંપત્તિનો વિનાશ થાય છે. આથી રાષ્ટ્રના વિકાસ માટે શાંતિ અને સંવાદિતામાં જીવતા સમાજની આવશ્યકતા છે. આથી જ કોમવાદ મુક્ત ભારતની જરૂર છે.

નૂતન ભારત માટે ઉપર દર્શાવ્યાં છે તે બધા ધ્યેય ઉપરાંત સરકારે ત્રિપલ તલાક સામેનો ચુકાદો મેળવીને મુસ્લિમ મહિલાઓના સશક્તિકરણ માટે પ્રયાસો હાથ ધર્યા છે. મુસ્લિમ માટેનો કાયદાનો આ વણલખ્યો નિયમ એવો છે કે જેમાં માત્ર તલાક શબ્દ ત્રણ વખત ઉચ્ચારીને મુસ્લિમ મહિલાને છૂટાછેડા આપી શકાય છે. મુસ્લિમ મહિલાઓ આ ક્રૂર કાયદા ઉપર પ્રતિબંધ માટે વર્ષોથી ચળવળ ચલાવી રહી હતી. એમની વાત સાંભળવામાં આવી છે અને પગલાં લેવાયાં છે. સ્ટાર્ટ-અપ્સને 'વર્ષ ૨૦૨૨ સુધીમાં નૂતન ભારત'ના ધ્યેય સાથે જોડીને ઈનોવેશનને પ્રોત્સાહિત કરીને તથા સરકાર અને સ્ટાર્ટ-અપ્સ વચ્ચે સંવાદની પરિવર્તનના ચેમ્પિયન ("Champions of Change") સમાન બીજી એક પહેલ હાથ ધરવામાં આવી છે. કોઈક સ્થળે પહોંચવા માટેનું કદમ મંડાય એટલે નિર્ણય થાય છે કે આપણે જ્યાં છીએ ત્યાં જ અટકવાના નથી, અને આ નિર્ણય લેવાઈ ચૂક્યો છે અને આર્થિક રીતે સમૃધ્ધ અને વર્ષ ૨૦૨૨ સુધીમાં મજબૂત નૂતન ભારતના નિર્માણ માટે નવેસરથી ડગ મંડાયાં છે.

# સ્વચ્છ ભારતનું સર્જન

**પરમેશ્વરન ઐયર**




*સ્વચ્છ ભારત મિશન (એસબીએમ)ને લગભગ ત્રણ વર્ષ પૂરા થઈ ગયા છે. આ અભિયાનની વિકાસ પ્રક્રિયા એકંદરે ઘણી સારી છે. આ ક્ષેત્રમાં કેટલાક રાજ્યોએ અન્યોની સરખામણીમાં સારી કામગીરી કરી છે. ગ્રામીણસ્તરે શૌચાલય બનાવવાનું કામ આ અભિયાનમાં શરૂ થયું ત્યારે ૩૯ ટકાથી વધીને હાલ ૬૮ ટકા સુધી પહોંચ્યું છે. ગ્રામીણ ભારતમાં અંદાજે ૨૩ કરોડ લોકોથી વધુ ખુલ્લામાં શૌચ કરતાં અટકી ગયા છે. દેશમાં ૧૯૩ જિલ્લાઓ અને અંદાજે ૨,૩૫,૦૦૦ ગામડાઓને ખુલ્લામાં શૌચાલય મુક્ત (ઓડીએફ) તરીકે જાહેર કરવામાં આવ્યા છે. પાંચ રાજ્યો - સિક્કિમ, હિમાચલ પ્રદેશ, કેરળ, હરિયાણા અને ઉત્તરાખંડ ખુલ્લામાં શૌચાલય મુક્ત બની ગયા છે. આ અભિયાનની સૌથી મોટી સિદ્ધિ તો એ છે કે ગંગા નદી કિનારે આવેલા બધા જ ૪,૦૦૦થી વધુ ગામડાઓ ખુલ્લા શૌચાલયથી મુક્ત (ઓડીએફ) બની ગયા છે.*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫મી ઑગસ્ટને ૨૦૧૪ના રોજ લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિનના તેમના ભાષણમાં રાષ્ટ્રને ખુલ્લામાં શૌચ વિરુદ્ધ યુદ્ધ છેડવા અને ૨જી ઑક્ટોબર ૨૦૧૯ના રોજ રાષ્ટ્રપિતા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી સુધીમાં મહાત્મા ગાંધીના સ્વપ્નને સાર્થક કરવા માટે ભારતને ખુલ્લામાં શૌચથી મુક્ત કરવાનું અને ભારતને સ્વચ્છ કરવાનું લક્ષ્ય હાંસલ કરવા લોકોને આગ્રહભરી હાકલ કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ હાકલને વિશ્વમાં સ્વચ્છતા અને શૌચાલયના સંદર્ભમાં કોઈ પણ દેશના વડા દ્વારા કરવામાં આવેલું આ સૌથી મહત્વાકાંક્ષી અને હિંમતપૂર્વકનું આહ્વાન માનવામાં આવે છે. સર્વોચ્ચ સ્તરે શૌચાલય અંગેની ચર્ચા બંધબારણેથી બહાર નીકળીને રાષ્ટ્રીય નીતિ અને વિકાસના મોરચે આગળ આવી છે. આપણા દેશમાં પ્રવર્તતી સદીઓ જૂની ખુલ્લામાં શૌચ કરવાની પ્રવૃત્તિના કારણે ડાયેરિયા (ઝાડા)થી અંદાજે ૧ લાખથી વધુ બાળકોના મોત થાય છે. આ બાળકોના મોતને અટકાવી શકાય તેમ હોય છે. વિશ્વ બેન્કના એક અભ્યાસ મુજબ ભારતમાં અંદાજે ૪૦ ટકા બાળકો મુખ્યત્વે શૌચાલયના અભાવે કુંઠિત થઈ ગયા છે. પરિણામે તેમની કમાણીની ક્ષમતા પર વિપરીત અસર પડી છે અને એક અંદાજ મુજબ આ કારણથી ભારતે જીડીપીના ૬ ટકા જેટલો બોજ સહન કરવો પડે છે. ખુલ્લામાં શૌચાલયના કારણે મહિલાઓની સલામતી અને સ્વમાન જોખમાય છે. આપણા વડાપ્રધાને જોયું કે આ મુદ્દે નક્કર પગલાં લેવાની તાતી જરૂર છે અને કોઈ મિશન હાથ પર લેતા હોય તે રીતે ચોક્કસ સમય મર્યાદામાં આ સમસ્યાનો ઉકેલ લાવવાની જરૂર છે. ૨૧મી સદીમાં વૈશ્વિક આર્થિક સુપર પાવર બનવાના માર્ગે આગળ વધતા ભારતમાં ખુલ્લા શૌચાલય માટે કોઈ સ્થાન હોવું જોઈએ નહીં. તેમણે શૌચાલય અને સ્વચ્છતા પાછળ તેમનું રાજકીય બળ લગાવવાનો અને આ સમસ્યાને રાષ્ટ્રીય અગ્રતાનો મુદ્દો બનાવવાનો નિર્ણય કર્યો હતો.

### એસબીએમની વિકાસ પ્રક્રિયા

સ્વચ્છ ભારત મિશન (એસબીએમ)ને લગભગ ત્રણ વર્ષ પૂરા થઈ ગયા છે. આ અભિયાનની વિકાસ પ્રક્રિયા એકંદરે ઘણી સારી છે. આ ક્ષેત્રમાં કેટલાક રાજ્યોએ અન્યોની સરખામણીમાં સારી કામગીરી કરી છે. ગ્રામીણ સ્તરે શૌચાલય બનાવવાનું કામ આ અભિયાન શરૂ થયું ત્યારે ૩૯ ટકાથી વધીને હાલ ૬૮ ટકા સુધી




પહોંચ્યું છે. ગ્રામીણ ભારતમાં અંદાજે ૨૩ કરોડ લોકોથી વધુ ખુલ્લામાં શૌચ કરતાં અટકી ગયા છે. દેશમાં ૧૯૩ જિલ્લાઓ અને અંદાજે ૨,૩૫,૦૦૦ ગામડાઓને ખુલ્લામાં શૌચાલય મુક્ત (ઓડીએફ) તરીકે જાહેર કરવામાં આવ્યા છે. પાંચ રાજ્યો - સિક્કિમ, હિમાચલ પ્રદેશ, કેરળ, હરિયાણા અને ઉત્તરાખંડ ખુલ્લામાં શૌચાલય મુક્ત બની ગયા છે. આ અભિયાનની સૌથી મોટી સિદ્ધિ તો એ છે કે ગંગા નદી કિનારે આવેલા બધા જ ૪,૦૦૦થી વધુ ગામડાઓ ખુલ્લા શૌચાલયથી મુક્ત (ઓડીએફ) બની ગયા છે.

**એસબીએમ અજોડ કેવી રીતે છે**

સ્વચ્છ ભારત મિશન (એસબીએમ) વૈશ્વિક સ્તરે એક અજોડ કાર્યક્રમ છે. આ અભિયાન વિશ્વમાં કોઈપણ જગ્યાએ શૌચાલયની અન્ય પહેલો કરતાં કાર્યક્ષેત્ર અને પ્રમાણમાં એકદમ અલગ છે. ૫૫ કરોડ ગ્રામીણ ભારતીયોને ખુલ્લામાં શૌચાલયોમાંથી બહાર લાવવાનું કાર્ય અનેક મુશ્કેલીઓ ભરેલું છે. આ અભિયાન માર્ગો, પુલો અને વીજ એકમો જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભા કરવા જેવું મુશ્કેલ કામ છે. કરોડો લોકોની ટેવો બદલવી અને સદીઓ જૂની ખુલ્લા શૌચાલય સામેના જનઆંદોલનમાં સ્વૈચ્છિકપણે તેમને જોડવા એ પણ વધુ એક મોટો પડકાર છે. સ્વચ્છ ભારત મિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભા કરવા અંગેનું નથી, પરંતુ તે લોકોની માનસિક્તા બદલવાનું અભિયાન છે. તેથી જ તે અગાઉના શૌચાલયના કાર્યક્રમો કરતાં અલગ પડે છે.

આ અભિયાનની સૌપ્રથમ અને સૌથી મહત્વપૂર્ણ વિવિધતા એ છે કે તેમાં માહિતી, શિક્ષણ અને સંપર્ક (આઈઈસી) મારફત લોકોના વર્તનમાં પરિવર્તન લાવવા પર અને શૌચાલયોના બાંધકામની સંખ્યાથી લઈને ખુલ્લામાં શૌચાલયોથી મુક્ત ગામો પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. આ સંપૂર્ણ પ્રક્રિયાના કેન્દ્રમાં સમાજ છે. તેઓ સ્વચ્છ ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યા છે. બાળકો, મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ નાગરિકો સૌથી મોટા સ્વચ્છતા ચેમ્પિયન્સ તરીકે ઊભરી આવ્યા છે. તેઓ એકસાથે તેમના સમાજને પ્રેરણા આપી રહ્યા છે અને ખુલ્લા શૌચાલયોના દૂષણ સામે લડી રહ્યા છે. માનનીય વડાપ્રધાને આંતરરાષ્ટ્રીય મહિલા દિને અંદાજે ૬૦૦૦ મહિલા સરપંચો માટે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં આવી ૧૦ પ્રેરક મહિલા સ્વચ્છતા ચેમ્પિયન્સનું સન્માન કર્યું હતું.

સ્વચ્છતાગ્રહીઓ તરીકે ઓળખાતા લાખો સ્વચ્છતા પ્રેરકોને સમાજમાં શૌચાલયનો સંદેશ ફેલાવવા માટે તાલીમ આપવામાં આવી છે. પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલય (એમડીડબ્લ્યુએસ) દ્વારા વ્યાપક સ્તર પર આ પ્રકારની તાલીમ માટે વર્ચ્યુઅલ ક્લાસરૂમ્સ ચલાવાઈ રહ્યા છે, જેમાં અસરકારક રીતે સમાજને આ અભિયાનમાં જોડવા અને લોકોના વર્તનમાં પરિવર્તન લાવવા માટે એક ટ્રેઈનર અનેક સ્થળો પર તાલીમાર્થીઓ સાથે સંપર્ક કરી તેમને તાલીમ આપે છે. તેઓ શૌચાલયના મહત્વને સમજાવવા અને શૌચાલય માટે સમાજના સ્તરે માંગને પ્રોત્સાહન આપીને લોકોના વર્તનમાં ફેરફાર માટે ગ્રામ્યસ્તરે પ્રોત્સાહન આધારિત વ્યવસ્થા હેઠળ કામ કરે છે. હાલ સમગ્ર દેશમાં ૧,૫૦,૦૦૦ સ્વચ્છતાગ્રહીઓ કામ કરે છે અને આ સંખ્યામાં ખૂબ જ ઝડપથી વધારો થઈ રહ્યો છે. સ્વચ્છ ભારત મિશનનો મુખ્ય આશય ભારતમાં પ્રત્યેક ગામડા દીઠ એક સ્વચ્છતાગ્રહી ઊભા કરવાનો છે.

પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલય તથા રાજ્યો એસબીએમને એક જનઆંદોલન બનાવવા માટે સ્થાનિક સ્તરે ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સ્વયંસેવી સંસ્થાઓ, યુવાન સંગઠનો, સ્કૂલના વિદ્યાર્થીઓ, કોર્પોરેટ્સ અને નાગરિક સામાજિક સંસ્થાઓને સામેલ કરવાનો પ્રયાસ કરે છે. શૌચાલયના સંદર્ભમાં સંદેશાઓના પ્રસાર અને તેની વિનંતીને વધુ


વ્યાપક સ્તર સુધી પહોંચાડવા ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ માસ મીડિયાનો ઉપયોગ કરે છે. બોલિવુડ સ્ટાર્સ અને ક્રિકેટર્સ પણ તેમાં જોડાયા છે. સુપરસ્ટાર અમિતાભ બચ્ચન સમગ્ર દેશમાં ટીવી, રેડિયો અને આઉટડોર હોર્ડિંગ્સ પર 'દરવાજા બંધ' (ખુલ્લામાં શૌચાલય પર) અભિયાનનું નેતૃત્વ કરી રહ્યા છે. અક્ષય કુમારે ખુલ્લામાં શૌચાલયના વિષય પર 'ટોઈલેટ - એક પ્રેમ કથા' પર બ્લોકબસ્ટર બોલિવુડ ફિલ્મ બનાવી છે, જે આ વર્ષની સૌથી મોટી હિટ સાબિત થઈ છે.

એક વખત ગ્રામસભામાં કોઈ ગામ પોતાને ખુલ્લામાં શૌચાલયથી મુક્ત જાહેર કરે એટલે તેની ખરાઈ ખૂબ જ મહત્વની બને છે. હાલમાં ખુલ્લામાં શૌચાલયથી મુક્ત ગામડાઓની ખરાઈ અંદાજે ૬૦ ટકા જેટલી છે, જે થોડા મહિના અગાઉ માત્ર ૨૫ ટકા જેટલી હતી. એસબીએમ-જી માર્ગદર્શિકા ગામડાએ જાતે જ જાહેર કરેલા ઓડીએફ દરજ્જાની ત્રીજા પક્ષ દ્વારા ખરાઈ માટે ૯૦ દિવસના સમયની સુવિધા પૂરી પાડે છે. તેમાં જો કોઈ ખામી જણાય તો તાત્કાલિક તે ઓળખી કાઢવામાં આવે છે અને ખરાઈ દરમિયાન સમાજ દ્વારા ઉકેલ લાવવામાં આવે છે. ઓડીએફ દરજ્જાની સમયસર ખરાઈ પર ધ્યાન કેન્દ્રીત કરવું એ એસબીએમ અને અગાઉના શૌચાલય કાર્યક્રમો વચ્ચેનો બીજો એક મહત્વપૂર્ણ તફાવત છે.

આ કાર્યક્રમમાં જિલ્લા અને રાજ્ય સ્તરે ખરાઈની વ્યવસ્થા ખૂબ જ મજબૂત છે. રાષ્ટ્રીય સ્તરે એમડીડબ્લ્યુએસ અલગથી તપાસ કરાવે છે તેમજ સ્વતંત્ર સંસ્થાઓ દ્વારા ત્રીજા પક્ષનો સેમ્પલ સર્વે પણ કરવામાં આવે છે. તાજેતરમાં જ મે-જૂન ૨૦૧૭ દરમિયાન ક્વૉલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ૧,૪૦,૦૦૦ ઘરોનો રાષ્ટ્રીય સર્વે હાથ ધરાયો હતો, જેમાં સમગ્ર દેશમાં શૌચાલયના વપરાશમાં ૯૧ ટકા વધારો થયો હોવાનું જણાયું હતું.

અગાઉના કાર્યક્રમોમાં એવા પણ બનાવો બન્યા છે, જેમાં એક વખત ઓડીએફ જાહેર થયેલા ગામો જૂની ટેવ છૂટતી ન હોવાના કારણે ફરી પાછા ખુલ્લામાં શૌચાલય તરફ પાછા ફર્યા હોય. ઓડીએફ દરજ્જો જાળવવાનું કામ સરળ નથી. રાજ્યો, જિલ્લાઓ અને ગામોએ આ દરજ્જો જાળવી રાખવા માટે આઈઈસી પર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. ઓડીએફ દરજ્જો જાળવી રાખવા માટે પાઈપથી પાણીના પુરવઠા જેવી કેન્દ્ર દ્વારા સ્પોન્સર્ડ યોજનાઓ માટે ઓડીએફ ગામોને અગ્રતા આપવા સહિતનું પ્રોત્સાહક વ્યવસ્થાતંત્ર વિકસાવવામાં આવ્યું છે. એમડીડબ્લ્યુએસે રાજ્યોને સસ્ટેનેબિલિટી માર્ગદર્શિકા પૂરી પાડી છે અને ઓડીએફ દરજ્જો જાળવી રાખનારા ગામો માટે નાણાકીય પ્રોત્સાહક માળખુ પૂરું પાડવામાં આવ્યું છે. એસબીએમ-જી પર તેમના પરફોર્મન્સ, સસ્ટેનેબિલિટી અને પારદર્શિતાના આધારે સ્વચ્છ દર્પણ હેઠળ જિલ્લાઓને પણ રેન્કિંગ આપવામાં આવે છે અને જિલ્લાઓ વચ્ચે સ્વાસ્થ્ય સ્પર્ધામાં વધારો કરે છે. એસબીએમ-જી અને અગાઉના શૌચાલય કાર્યક્રમો વચ્ચે અન્ય એક મહત્વપૂર્ણ તફાવત છે ઘન અને પ્રવાહી કચરાના સંચાલન મારફત સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરવું. હવે કચરાને સંશાધન તરીકે જોવામાં આવે છે અને તેને સોલિડ એન્ડ લિક્વિડ રિસોર્સ મેનેજમેન્ટ (એસએલઆરએમ) નામ આપવામાં આવ્યું છે. વિલેજ સ્વચ્છતા ઈન્ડેક્સ પર ગામડાઓ પોતાને જ સ્વ-રેન્કિંગ આપે છે, જેમાં અંદાજે ૧.૫ લાખ ગામડાઓએ આ પ્રક્રિયા પૂરી કરી લીધી છે. આ ઈન્ડેક્સ ગામડાઓને રાજ્યો દ્વારા ઈચ્છિત સ્તર સાથે તેમના વર્તમાન સ્વચ્છતા સ્તરના બેન્ચમાર્ક સુધી પહોંચવામાં મદદરૂપ થાય છે. હવે ઓડીએફ અને પર્યાપ્ત એસએલઆરએમ ધરાવનારા






ગામડાઓને ઓડીએફ પ્લસ તરીકે ઓળખવામાં આવે છે.

**એસબીએમ બધાનું કામ છે**

વડાપ્રધાને વારંવાર ભારપૂર્વક કહ્યું છે તેમ સ્વચ્છતા દરેકનું કામ હોવું જોઈએ. તે માત્ર એક મંત્રાલય એક વિભાગની જવાબદારી નથી. આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતાં સ્વચ્છતા આઈકોનિક પ્લેસિસ (એસઆઈપી) અને સ્વચ્છતા એક્શન પ્લાન્સ (એસએપી) જેવી પહેલો લોન્ચ કરવામાં આવી હતી. એસઆઈપી હેઠળ ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ ૨૦ આઈકોનિક સ્થળોની ઓળખ કરવામાં આવે છે અને સ્વચ્છતાના સંદર્ભમાં તેમને શ્રેષ્ઠ સ્થળો બનાવવા માટે પૂર્ણ ક્ષમતાથી કામ ચાલી રહ્યું છે. આ સ્થળો અન્ય સ્થળો માટે ગોલ્ડ માપદંડો સમાન બની રહેશે. ત્યાર બાદના તબક્કામાં ૮૦થી વધુ સ્થળો પર કામ કરવામાં આવશે. એસએપી હેઠળ ભારત સરકારના બધા જ મંત્રાલયો અને વિભાગોએ તેમના સંબંધિત કાર્યક્ષેત્રોમાં સ્વચ્છતા અને શૌચાલય સંબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરવાનું વચન આપ્યું છે અને આ પ્રવૃત્તિઓ માટે તેમના વર્તમાન બજેટ્સમાંથી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે કુલ રૂ. ૧૨,૦૦૦ કરોડ ફાળવ્યા છે. એસબીએમ સંભવતઃ એકમાત્ર એવો સરકારી કાર્યક્રમ છે, જેને સરકારની બધી જ મશીનરીના કામ સાથે એકિકૃત કરવામાં આવ્યો છે.

ખાનગી ક્ષેત્ર પણ એસબીએમમાં યોગદાન આપવા પ્રેરિત બન્યો છે. આ યોગદાન માત્ર સીએસઆર હેઠળ નાંણાં પૂરતું મર્યાદિત નહીં હોય, પરંતુ એસબીએમના સીધા અમલમાં મદદરૂપ થવા તેમના માનવીય અને વહીવટી સંશાધનોનો લાભ પણ પૂરો પાડશે. આ કાર્યક્રમમાં સૌથી મોટું યોગદાન ટાટા ટ્રસ્ટ તરફથી આવ્યું છે, જેમણે ૬૦૦ યુવાનોની ભરતી કરી છે અને તેમને ભારતના પ્રત્યેક જિલ્લામાં કામ કરવા માટે સ્પોન્સર કર્યા છે. તેઓ તેમના જિલ્લાને ઓડીએફ અને એસએલડબ્લ્યુએમ તરફ લઈ જવા સાથે જિલ્લા વહીવટી તંત્ર સાથે કામ કરશે. જિલ્લા સ્વચ્છ ભારત પ્રેરક તરીકે ઓળખાતા આ વ્યાવસાયિકો એસબીએમ-જીના અમલમાં ડૂબેલા છે અને બધી જ રાજ્ય સરકારો દ્વારા તેમની પ્રશંસા થઈ છે.

**એસબીએમ જનઆંદોલન બની રહ્યું છે**

સ્વચ્છ ભારત મિશન (એસબીએમ) તેના ત્રીજા વર્ષની નજીક છે ત્યારે આપણે એવા સ્તર પર પહોંચી ગયા છીએ જ્યાં આ મિશન એક મહાન જનઆંદોલનમાં પરિવર્તિત થઈ શકે છે. નવા ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાકલથી પ્રેરિત એસબીએમ-જી હેઠળ ભારતમાં સ્વચ્છતા ક્રાંતિ સાથે સામાન્ય જનતાને જોડવા માટે કેટલીક નવી પહેલો પણ શરૂ કરવામાં આવી છે. આ શ્રેણીમાં સ્વચ્છતા પર સૌપ્રથમ પહેલ છે - સ્વચ્છ ભારત હેકાથોન. આ પહેલ હેઠળ એસબીએમ-જી જે પડકારોનો સામનો કરે છે તેમાંથી કેટલાકના નવીન ટેક્નોલોજી

પર આધારિત ઉકેલ માટે આમંત્રણ આપવામાં આવે છે. વ્યાપક ધોરણે ટોઈલેટનો યોગ્ય રીતે કેવી રીતે ઉપયોગ કરવો, વ્યાપક સ્તર પર લોકોના વર્તનમાં પરિવર્તન લાવવા ટેક્નોલોજીનો કેવી રીતે ઉપયોગ કરવો, મુશ્કેલ પર્વતીય વિસ્તારો માટે સસ્તા ટોઈલેટ્સની ટેક્નોલોજી ડિઝાઈન, સ્કૂલોના શૌચાલયોની જાળવણી માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવાના માર્ગો, માનવ મળના સલામત નિકાલ માટે ટેક્નોલોજીકલ ઉપાય માટેની ટેક્નોલોજી જેવા પ્રશ્નોના જવાબ આ પહેલ મારફત મેળવવામાં આવે છે. સમગ્ર દેશમાં સ્વચ્છતાથોનમાં ૩,૦૦૦થી વધુ એન્ટ્રીઓ મળી છે અને અનેક લોકોએ તેમના નવીન વિચારો રજૂ કરીને આ પહેલમાં યોગદાન આપ્યું છે, જે એસબીએમ-જીના લક્ષ્યાંકો હાંસલ કરવામાં મદદરૂપ થઈ શકે છે.

શ્રી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સંકલ્પ સે સિદ્ધિ પહેલથી પ્રેરિત એસબીએમ-જીએ સમગ્ર ભારતમાં સ્વચ્છ સંકલ્પ સે સ્વચ્છ સિદ્ધિ ફિલ્મ, નિબંધ અને ચિત્ર સ્પર્ધા શરૂ કરી છે, જે સ્વચ્છતાને જનઆંદોલન બનાવવા માટેનું વધુ એક મોટું પગલું છે. સ્કૂલના બાળકો, લશ્કરી દળો, યુવાન સંગઠનો અને સામાન્ય જનતા જેવા વિવિધ જૂથો મોટી સંખ્યામાં આ સ્પર્ધાઓમાં ભાગ લે છે અને સ્વચ્છતા માટે નિબંધ લેખન અથવા વીડિયો રેકોર્ડ કરીને ફિલ્મ મારફત તેમના અનુભવો રજૂ કરે છે. અમને આશા છે કે આ સ્પર્ધામાં આયોજકોને સ્વચ્છ ભારત પર ૧ કરોડ નિબંધો અને ૫૦,૦૦૦થી વધુ ફિલ્મો મળશે. આમ, સ્વચ્છતાને કરોડો નાગરિકોના અચેત મનમાં એકીકૃત કરાશે અને સ્વચ્છ ભારત મિશન અંગે લોકોમાં વધુ ઉત્સાહ જાગૃત કરાશે. વડાપ્રધાન મોદીએ ૨૭મી ઓગસ્ટે તેમની 'મન કી બાત'માં સંબોધન દરમિયાન આ સૌથી મહત્વાકાંક્ષી પહેલોની જાહેરાત કરી હતી, જેમાં તેમણે રાષ્ટ્રને નિશ્ચિત સમય મર્યાદા સાથે આ પહેલોમાં જોડાવા અને તેમણે રાષ્ટ્ર-વ્યાપી માસ મોબિલાઈઝેશન અભિયાન હેઠળ ટ્વીન-પીટ ટોઈલેટ્સ બનાવવા માટે, જાહેર સ્થળોની સ્વચ્છતા અને ૧૫મી સપ્ટેમ્બરથી ૨જી ઑક્ટોબર ૨૦૧૭ વચ્ચે શ્રમદાન મારફત એસબીએમ અંગે જાગૃતિ ફેલાવવા જનતાને અપીલ કરી હતી. તેમણે આ પહેલને 'સ્વચ્છતા હિ સેવા' નામ આપ્યું. એમડીડબ્લ્યુએસ સરકારી નેતાઓ, પીઆરઆઈ પ્રતિનિધિઓ, સામાજિક સંસ્થાઓ, યુવાન જૂથો, લશ્કરી દળો, કંપની જગત અને નાગરિકોને આ પહેલ સાથે જોડવા પ્રયાસ કરી રહ્યું છે.

માનનીય રાષ્ટ્રપતિજીએ ઉત્તર પ્રદેશમાં ૧૫મી સપ્ટેમ્બરે એક પખવાડિયાના કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું અને માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨જી ઑક્ટોબર ૨૦૧૭ના રોજ સ્વચ્છ ભારત રાષ્ટ્રીય પુરસ્કાર અને સ્વચ્છ સંકલ્પ સે સ્વચ્છ સિદ્ધિ એવૉર્ડ્સ રજૂ કરીને આ કાર્યક્રમનું સમાપન કરશે.

આ બધી જ પહેલોની રજૂઆત સાથે સ્વચ્છ ભારત મિશન સમગ્ર દેશમાં વધુ મજબૂત બની રહ્યું છે અને તે પરિવર્તનના આ પ્રવાસમાં તેમની ભૂમિકા ભજવવા માટે દેશના લોકોને પ્રેરિત કરી રહ્યું છે. દેશમાં સ્વતંત્રતા બાદ ૭૦ વર્ષ સુધી નિષ્ક્રિય રહેલું મહાત્મા ગાંધીજીનું સ્વચ્છ ભારતનું સ્વપ્ન અંતે વાસ્તવિક્તા બની રહ્યું છે. તેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પાંચ વર્ષના સમયમાં ભારતને ખુલ્લામાં શૌચાલયથી મુક્ત કરવાની જાહેરાતમાં કટિબદ્ધતા વ્યક્ત કરવા હિંમત અને સાહસ આપ્યા છે. દેશમાં અનેક લોકો હજી પણ એવું માને છે કે આ લક્ષ્યાંક હાંસલ કરવો ખરેખર અશક્ય છે. દેશને ખુલ્લામાં શૌચાલયથી મુક્ત જાહેર કરવા માટે હજી ઘણી લાંબી મજલ કાપવાની છે, પરંતુ આ દિશામાં પ્રગતિ થઈ રહી છે. આગામી ૧૨થી ૧૫ મહિનામાં આ અભિયાનની ગતિ વધશે અને લાખો લોકો તેમાં સક્રિય ભાગ લેશે તથા અંતે આ લક્ષ્યાંક નિશ્ચિતપણે હાંસલ થશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

**લેખક ભારત સરકારના પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયના સચિવ છે. તે સ્વચ્છતાને ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. તેમણે અગાઉ વિશ્વ બેંકમાં પાણી અને સ્વચ્છતાના વિશેષજ્ઞ અને પ્રોગ્રામ લીડર તરીકે નેતૃત્વ સંભાળ્યું હતું અને તે વિશ્વ બેંકના વોટર એંકર પ્રોગ્રામના અમલીકરણમાં સામેલ છે.**

**E-mail: param.iyer@gov.in**

# ગરીબી મુક્ત ભારતની રચના

**અમરજિત સિંહા**





*ગ્રામ વિકાસ મંત્રાલયે ગરીબી મુક્ત ભારત માટેના કાર્યક્રમો (રોજગારી, કૌશલ્યો, સામાજિક સુરક્ષા, આજીવિકાનું વિવિધિકરણ, માર્ગ બાંધકામ, હાઉસિંગ, જળ સંરક્ષણ, ઘન અને પ્રવાહી સ્રોતોનું વ્યવસ્થાપન વગેરે) નો મુખ્ય સ્રોત છે. સાથે સાથે આરોગ્ય, શિક્ષણ, પોષણ અને કૌશલ્ય જેવા સમાંતરપણે યોજાતા કાર્યક્રમોને ધ્યાનમાં લેવાય તો ટૂંકાગાળામાં આવા વંચિત પરિવારોની સ્થિતિમાં સુધારો કરી શકાય તેમ છે. વંચિત પરિવારોને ગરીબીથી મુક્ત કરવાના પ્રયાસને સામાજિક તકો પૂરી પાડીને તેમને કંગાલિયતમાંથી બહાર લાવવાના પ્રયાસ તરીકે ઓળખવામાં આવે છે, આથી ગરીબી મુક્તનો અર્થ શિક્ષણ, આરોગ્ય , કૌશલ્યો, સ્વચ્છતા, પીવાનું શુધ્ધ પાણી, પોષણ, આહાર સલામતી, રોજગારી, હાઉસિંગ, જાતિ, સામાજિક સમાનતા , સશક્તિકરણ, કનેકટિવિટી, વીજળી, સ્ત્રોતોના ઉપયોગ તથા વ્યક્તિ પોતાની શક્તિનો સંપૂર્ણ ઉપયોગ કરી શકે તેવો કરવામાં આવે છે. ગરીબી મુક્ત ગ્રામ પંચાયતનો પડકાર ઉપાડીને કેટલીક સમાંતર દરમ્યાનગીરીઓ દ્વારા ગરીબીનાં વિવિધ પાસાંને હલ કરીને પરિવર્તન હાંસલ કરી શકાય. રાજ્ય દ્વારા મિશન અંત્યોદય હેઠળ પરિવર્તનલક્ષી અભિગમ અપનાવીને ગરીબીના વિવિધ પાસાં હલ કરી શકાય.*

૧૯૪૨ની ભારત છોડો ચળવળને ૭૫ વર્ષ પૂરાં થવા પ્રસંગે પ્રધાન મંત્રીશ્રીએ "ગરીબી ભારત છોડો" નો નારો આપ્યો છે. આ હેતુ સિધ્ધિ માટે તેમણે વર્ષ ૨૦૨૨ સુધીનું મિશન જાહેર કર્યું છે. એ હકીકત છે કે ભારતના અંદાજે ૮.૮૫ કરોડ પરિવારો વંચિત છે અથવા તો આપમેળે આ પડકાર હેઠળ આવી ગયા છે. સંખ્યા નક્કી કરવી ઘણું મુશ્કેલ કામ છે. આમ છતાં છેલ્લાં અઢી વર્ષમાં જે પ્રયાસો હાથ ધરાયા તેનાથી આપણને આત્મવિશ્વાસ પ્રાપ્ત થયો છે કે આપણે ગ્રામ વિકાસના કાર્યક્રમો દ્વારા ગ્રામ્ય ગરીબી હલ કરવા પ્રયાસ કરી રહ્યા છીએ તે સાચો માર્ગ છે.

તાજેતરમાં એચએસબીસી દ્વારા બહાર પાડવામાં આવેલા અભ્યાસ અહેવાલમાં એવો નિર્દેશ કરવામાં આવ્યો છે કે ૬૯ ટકા જેટલા ગ્રામ્ય પરિવારો એક હેક્ટર સુધીની જમીનની માલિકી ધરાવે છે અથવા તો તે જમીન વિહોણા છે અને ટોચના ૩૧ ટકા વર્ગથી વિપરીત રીતે ગ્રામ વિસ્તારમાં વાસ્તવિક વેતનોમાં વધારો થવાને કારણે અને ગામડાંમાં બિન કુશળ લોકો માટે રોજગારીમાં ઘટાડાના કારણે તથા તે ઉપરાંત એ બાબત પણ પુરવાર થઈ છે કે ગ્રામ્ય ગરીબો માટે દુષ્કાળ જેવા કપરા સમયમાં અને ખેત પેદાશોના ઘટતા ભાવો અંગે જે પ્રયાસો હાથ ધરાયા છે તેને પરિણામે માનસિક પીડાનો સામનો કરી રહ્યા છે. ઈરમા (૨૦૧૭) દ્વારા નેશનલ ઈવેલ્યુએશન ઓફ દીનદયાળ અંત્યોદય નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન (DAY-NRLM) માં પણ એવું જણાવવામાં આવ્યું છે કે નિયંત્રિત વિસ્તારો કરતાં આવરી લેવાયેલા વિસ્તારોમાં આવકોનું પ્રમાણ ૨૨ ટકા જેટલુ ઊંચુ છે અને ઉત્પાદનમાં ઉપયોગમાં લઈ શકાય તેવી મિલકતોમાં અને શિક્ષણમાં, આરોગ્ય અને પોષણમાં વધારે મૂડીરોકાણ કરાયું છે. આ ઉપરાંત DAY-NRLM હેઠળના મહિલા સ્વ-સહાય જૂથો પણ આ વિસ્તારમાં સક્રિય જણાયા છે. આ અહેવાલથી એ બાબતને સ્વીકૃતિ મળે છે કે સામાજિક મૂડીને સંબંધ છે ત્યાં સુધી રોજગારીનું વિવિધિકરણ અને વિકાસ તે આગળ વધવાનો એક માત્ર માર્ગ છે.

ગ્રામ વિકાસ મંત્રાલયે આ માટેના કાર્યક્રમો (રોજગારી, કૌશલ્યો, સામાજિક સુરક્ષા, આજીવિકાનું વિવિધિકરણ, માર્ગ બાંધકામ, હાઉસિંગ, જળ સંરક્ષણ, ઘન અને પ્રવાહી સ્રોતોનું વ્યવસ્થાપન વગેરે) નો મુખ્ય સ્રોત છે. સાથે સાથે આરોગ્ય, શિક્ષણ, પોષણ અને કૌશલ્ય જેવા




સમાંતરપણે યોજાતા કાર્યક્રમોને ધ્યાનમાં લેવાય તો ટૂંકાગાળામાં આવા વંચિત પરિવારોની સ્થિતિમાં સુધારો કરી શકાય તેમ છે. વંચિત પરિવારોને ગરીબીથી મુક્ત કરવાના પ્રયાસને સામાજિક તકો પૂરી પાડીને તેમને કંગાલિયતમાંથી બહાર લાવવાના પ્રયાસ તરીકે ઓળખવામાં આવે છે, આથી ગરીબી મુક્તિનો અર્થ શિક્ષણ, આરોગ્ય , કૌશલ્યો, સ્વચ્છતા, પીવાનું શુધ્ધ પાણી, પોષણ, આહાર સલામતી, રોજગારી, હાઉસિંગ, જાતિ, સામાજિક સમાનતા, સશક્તિકરણ, કનેકટિવિટી, વીજળી, સ્ત્રોતોના ઉપયોગ તથા વ્યક્તિ પોતાની શક્તિનો સંપૂર્ણ ઉપયોગ કરી શકે તેવો કરવામાં આવે છે. ગરીબી મુક્ત ગ્રામ પંચાયતનો પડકાર ઉપાડીને કેટલીક સમાંતર દરમ્યાનગીરીઓ દ્વારા ગરીબીનાં વિવિધ પાસાંને હલ કરીને પરિવર્તન હાંસલ કરી શકાય. રાજ્ય દ્વારા મિશન અંત્યોદય હેઠળ પરિવર્તનલક્ષી અભિગમ અપનાવીને ગરીબીના વિવિધ પાસાં હલ કરી શકાય.

ગ્રામ વિકાસ વિભાગે રાજ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સાથે મળીને આ કાર્યક્રમના અસરકારક પરિણામો માટે સંયુક્ત પ્રયાસો હાથ ધર્યા છે. છેલ્લા અઢી વર્ષ કરતાં વધુ સમય દરમ્યાન કેટલાંક પરિવર્તનલક્ષી પગલાં પણ હાથ ધરાયા છે અને મિશન અંત્યોદય હેઠળ સંતૃપ્તિકરણ પ્રાપ્ત થાય તેવું ધ્યેય છે.

૧. **વ્યાપક દરમ્યાનગીરી:** ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં ગ્રામ્ય પરિવારો કરોડો આવાસો અને ગામોમાં પથરાયેલા છે. આથી એ બાબત સ્પષ્ટ છે કે વ્યાપકપણે દરમ્યાનગીરી હાથ ધરવી પડે તેમ છે. ગ્રામ વિકાસ વિભાગ હેઠળ કેન્દ્ર સરકારની ફાળવણીઓમાં અને વાસ્તવિક વપરાશમાં અનેક ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૧.૦૫ લાખ કરોડની ફાળવણી કરાઈ હતી, જે વર્ષ ૨૦૧૨-૧૩માં કરાયેલી ફાળવણીની તુલનામાં બમણી છે. આમાં રાજ્યનો હિસ્સો ઉમેરાય (નોન-હિમાલયન વિસ્તારોમાં ૬૦-૪૦ અને હિમાલયન વિસ્તારો અને ઉત્તર- પૂર્વના રાજ્યોમાં ૯૦-૧૦ના પ્રમાણમાં) છે. ૧૪મા નાણાં પંચ હેઠળ ગ્રામ પંચાયતોને નાણાંની જે વાર્ષિક તબદીલી કરાઈ હતી તે આ ગાળા દરમ્યાન રૂ.૨૫,૦૦૦ કરોડથી રૂ.૩૫,૦૦૦ કરોડની રેન્જમાં રહી છે. રૂ,૭૦,૦૦૦ કરોડથી વધુ રકમ મહિલા સ્વ-સહાય જૂથો માટે વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૭ દરમ્યાન બેંકોના ધિરાણ તરીકે ફાળવવામાં આવી છે, જે અગાઉના વર્ષોની તુલનામાં અનેક ગણો વધારો દર્શાવે છે. ગ્રામ્ય વિસ્તારોમાં કૌશલ્ય અને સ્વરોજગારના કૌશલ્યો માટે પણ વ્યાપક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. પશુપાલન અને રોજગારના વિવિધિકરણ દ્વારા પણ આવા પરિવારોની વધારાની આવકમાં ઉમેરો થયો છે. એનએફએસએ દ્વારા ઘઉં અને ચોખા સસ્તી કિંમતે ઉપલબ્ધ કરવા માટે સબસીડી આપવામાં આવે છે, જેનાથી ગરીબ પરિવારોની આહાર સલામતીમાં ઉમેરો થાય છે. આ બધા સ્રોતોનો જો

સંતૃપ્તિકરણ સુધી ઉપયોગ કરવામાં આવે અને એમાં જો ઓછામાં ઓછા છીદ્રો રહે તો ગ્રામ્ય પરિવારોના જીવનમાં પરિવર્તન લાવવાની શક્તિ પેદા થાય છે. પ્રધાન મંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ગરીબો માટે એક કરોડ સુંદર મકાનો બનાવવાનું સપનું, યોજના માટે લાયક તમામને માટે કનેક્ટિવિટી, તમામ મોસમમાં ટકી શકે તેવું પાકું મકાન, તથા ૨૦૧૮-૧૯ સુધીમાં મહિલા સ્વસહાય જૂથોને વાર્ષિક રૂ.૬૦ હજાર કરોડનુ બેંક ધિરાણ આપવાથી શક્ય છે કે જે વિઝન હાંસલ કરવાનું છે તેને ટેકો મળી રહે.

૨. **જળ સંરક્ષણ અને રોજગાર સલામતી તરફનો ઝોકઃ** સમૃધ્ધ ગામની નિશાની એ છે કે ત્યાંના પરિવારોના કલ્યાણની ખાત્રી થાય અને અસરકારક જળ સંરક્ષણ થાય. આ કારણથી જ મનરેગામાં ઓછામાં ઓછા ૬૦ ટકા ખર્ચ કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે કરવાની જોગવાઈ કરાઈ છે. મે, ૨૦૧૫માં પ્રધાન મંત્રી શ્રી દ્વારા દુષ્કાળની સંભાવના ધરાવતા ૧૩ રાજ્યોના મુખ્ય પ્રધાનોની બેઠક યોજવામાં આવી હતી અને મુખ્ય પ્રધાનોને જળ સંરક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. આ દ્વારા રાજય સરકારની આગેવાની હેઠળ ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. રાજસ્થાનનું મુખ્ય મંત્રી જલ સ્વાવલંબન અભિયાન, આંધ્રપ્રદેશનું નિરૂ-ચિત્તા, તેલંગણાનું મિશન કાકટિયા, મહારાષ્ટ્રનું જલયુક્ત શીવર અને જળ સંરક્ષણની પહેલ, ઝારખંડનું 'ડોભા' ખેત તલાવડી બાંધકામ યોજના અને રાજ્યોએ શરૂ કરેલા આવા વિવિધ જળ સંરક્ષણના કાર્યક્રમો જોવા મળ્યા છે. મનરેગા દ્વારા છેલ્લા ૫ વર્ષમાં સૌથી વધુ રોજગારી આપવામાં આવી છે, જે વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭ એમ બંને વર્ષોમાં દર વર્ષે વાર્ષિક ૨૩૫ કરોડ માનવ દિન જેટલી થાય છે. આ વર્ષોમાં જે કુલ ખર્ચ કરવામાં આવ્યો છે તે મનરેગાની શરૂઆત થઈ ત્યારથી સૌથી વધુ છે. બકરાં માટે શેડ, મરઘાં- બતકા માટે શેડ, ડેરી પ્રવૃત્તિ માટે શેડ વગેરે હેઠળ વ્યક્તિગત લાભ આપવાની યોજનાઓ, IHL, હાઉસિંગ માટે ૯૦/ ૯૫ દિવસનું વેતન, ૧૧ લાખથી વધુ ખેત તલાવડીઓની કામગીરી પૂર્ણ થઈ, આ બધાંથી આવક પ્રાપ્ત કરવાની તથા જીવનની ગુણવત્તા સુધારવાની અભૂતપૂર્વ તકો પ્રાપ્ત થઈ છે. જળ સંરક્ષણના નવા મિશન હેઠળ જે માર્ગરેખાઓ બહાર પાડવામાં આવી છે તેમાં જળ સંરક્ષણ મંત્રાલય અને જમીન સ્રોત વિભાગની ભાગીદારીમાં વિકટ પરિસ્થિતિ ધરાવતા ૧૨૬૪ બ્લોકમાં ટેકનોલોજી અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ મજબૂત કામો ઉપર ઝોક દ્વારા જળ સંરક્ષણની પ્રવૃત્તિથી કામદારોનું અને ઈજનેરોનું ક્ષમતા નિર્માણ કરવામાં આવ્યું છે. આ દ્વારા સરકારી દરમ્યાનગીરી અને તેની અસર સુધારવામાં લાંબા ગાળાની કામગીરી થશે.



૩. **નાગરિકોની સામેલગીરીઃ** કાર્યક્રમોની જવાબદેહિતા વધે તે માટે વિભાગ નાગરિકલક્ષી અભિગમ અપનાવી રહ્યો છે. નિર્ધારિત કરાયેલા પછાત બ્લોક્સમાં ક્લસ્ટર અને પંચાયતની સહાયથી કાર્યક્રમો હાથ ધરાયા છે. ૨૫૬૯ પછાત બ્લોક્સમાં SECC ના વંચિત વર્ગના ડેટાનો ઉપયોગ કરીને દરેક વંચિત પરિવારના બારણે ટકોરા મારીને તેમના કલ્યાણ માટેની ઘનિષ્ટ સહભાગી પ્રવૃત્તિઓ હાથ ધરાઈ છે અને સૌથી ગરીબ પરિવારોની ભાગીદારી મજબૂત બનાવવાના પ્રયાસો હાથ ધરાયા છે. 'મેરી સડક એપ્પ' નાગરિકલક્ષી એપ્પ દ્વારા માર્ગો અંગે ફિડબૅક તથા PMAY ગ્રામીણ આવાસો માટેની આવાસસોફ્ટ એપ્પ અપલોડ કરીને પરિવારો સાથે જોડાણ કરાયું છે. જાહેર માહિતીની ઝુંબેશને આગળ ધપાવવા માટે વિભાગ દ્વારા ગ્રામ સમૃધ્ધિ અને સ્વચ્છતા પખવાડિયાનું તા.૧ થી ૧૫ ઓક્ટોબર, ૨૦૧૭ દરમ્યાન દરેક ગ્રામ પંચાયતોમાં આયોજન કરવામાં આવ્યું છે. આ ગાળા દરમ્યાન ગ્રામ પંચાયત ભવનની ઓફિસમાં કાર્યક્રમના ઉપલબ્ધ રેકર્ડ લોકોને તથા લાભાર્થીઓની ચકાસણી વગેરે માટે મૂકવામાં આવશે. સેલ ફોન આધારિત એક જનતા ઈન્ફોર્મેશન સિસ્ટમ પણ શરૂ કરવામાં આવી છે, જેમાં



ગ્રામવાસીઓ જે તે ગામનો દરેક પ્રોગ્રામ જોઈને પોતે તેની ચકાસણી કરી શકે છે. સમાન પ્રકારે મહિલા સ્વસહાય જૂથોમાંથી યોગ્ય તાલીમ અને સામાજિક ઓડિટીંગના ધોરણો અંગે પ્રમાણપત્રો આપીને સોશ્યલ ઓડિટરોની એક કેડર વિકસાવવામાં આવી છે. કેગની ઓફિસ દ્વારા પરામર્શ કરીને આ અંગેની વ્યવસ્થા ગોઠવાઈ છે.

૪. **IT/DBT મારફતે પારદર્શકતા અને આધારનો ઉપયોગઃ** આ વિભાગ IT/DBT આધારિત MIS આર્થિક વ્યવહારોનો ઉપયોગ કરીને બેંક/ પોસ્ટ ઓફિસના ખાતા મારફતે લાભ તબદીલ કરવામાં મોખરે રહ્યું છે. મનરેગા હેઠળના ૯૮ ટકા વેતનો અને PMAY ગ્રામીણ હેઠળની ૧૦૦ ટકા ચૂકવણીઓ IT/DBT પ્લેટફોર્મનો ઉપયોગ કરીને કરવામાં આવે છે. ૫.૯ કરોડથી વધુ મનરેગા શ્રમિકો આધાર સાથે જોડાયેલું બેંકનું ખાતુ ધરાવે છે અને તેમની સંમતિથી નાણાં તબદીલ થાય છે. ચોક્કસ તારીખોએ બેંકિંગ કોરસપોન્ડન્ટ અથવા તો ગામમાં નિશ્ચિત જગાએ માઈક્રો એટીએમ ધરાવતા પોસ્ટ ઓફિસ કેન્દ્રોમાં ઉપલબ્ધિને કારણે મોટા પાયે આસાનીથી ડીજીટલ આર્થિક વ્યવહારો કરવાની સુવિધા ઉભી થઈ છે. આ વ્યવસ્થાને કારણે શ્રમિકો, પેન્શનરો વગેરેની હાડમારીઓ ઘટી છે. મહિલા સ્વ-સહાય જૂથોના કોમ્યુનિટી રિસોર્સ પર્સન્સ બેંકિંગ કોરસપોન્ડન્ટસ અથવા તો બેંક સખી બનાવવાનો જે પ્રયોગ કરાયો છે તેનો અનુભવ અત્યાર સુધીમાં ખૂબ જ પ્રોત્સાહક રહ્યો છે.

૫. **સ્પેસ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પારદર્શકતા અને અસરકારક મોનિટરીંગઃ** પારદર્શકતાને પ્રોત્સાહન માટે સ્પેસ ટેકનોલોજીને અપાતા

પ્રોત્સાહનના અનેક પ્રયાસોને કારણે મનરેગા હેઠળની અંદાજે બે કરોડ જેટલી અસ્કયામતોને જીયો ટેગ લગાવી શકાયો છે. આ ટેકનોલોજીનો વધુ શક્તિશાળી ઉપયોગ લાભાર્થીઓના ૧૦૦ ટકા જીયો ટેગીંગ દ્વારા ગ્રામીણ યોજનાના લાભાર્થીઓની આખરી પસંદગી કરવામાં આવે છે. એમાં લાભાર્થીઓના જૂના મકાન અને બાંધકામમાં થયેલી પ્રગતિની વિગતો અક્ષાંશ- રેખાંશની વિગત સાથે આપવામાં આવી હોય છે. આ બધી જીયો ટેગ કરાવેલી અસ્કયામતો દરેક વ્યક્તિ જોઈ શકે તે રીતે પબ્લિક ડોમેઈનમાં મૂકવામાં આવી હોય છે. આ સુવિધાને કારણે સાચા અર્થમાં પારદર્શકતા પ્રાપ્ત થાય છે. PMGSY માં સ્પેસ ટેકનોલોજીનો ઉપયોગ માર્ગોના એલાઈનમેન્ટ અને વાસ્તવિક માર્ગ બાંધકામનું અંતર તથા નિવાસો સાથે તેને સફળતાપૂર્વક જોડવામાં થાય છે. આ પધ્ધતિનો ઉપયોગ મનરેગા તથા PMGSY માર્ગોની બંને તરફ થતા વનીકરણના નિયંત્રણ માટે થાય છે. આપણી સામે પડકાર એ છે કે માર્ગો અંગેની આ એપ્લીકેશનનું મનરેગા એસેટનું જીયો ટેગીંગ થાય તેની પહેલાં, તે દરમ્યાન અને તે પછી સાર્વત્રિક ઉપયોગ કરવાનો છે.

૬. **સ્વ-સહાય મહિલા જૂથોને બેંકોના ધિરાણનો લાભ આપવો:** દિનદયાળ અંત્યોદય યોજના-નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશન (DAY-NRLM) દ્વારા વ્યાપક ગતિશીલતા અને જૂથોની રચના તેમજ આર્થિક પ્રવૃત્તિના વિકાસ તેમજ રોજગારીના વિવિધિકરણ માટે ઝોક જરૂરી છે. બેંક સાથેના લીંકેજના વ્યાપક મોનિટરીંગ ઉપર ઝોક મૂકવામાં આવે છે, કારણ કે ગરીબી નિવારણના કોઈપણ પ્રયાસ માટે વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ માટે વ્યાજબી દરે સંસ્થાકીય ધિરાણ ઉપલબ્ધ બને તે જરૂરી છે. રૂ.૪૩,૦૦૦ કરોડથી વધુ વાર્ષિક બેંક લીકેજ સુધી પહોંચી ચૂક્યા પછી અમને વર્ષ ૨૦૧૮-૧૯ સુધીમાં રૂ.૬૦ હજાર કરોડનો આંકડો વટાવી જવાનો આત્મવિશ્વાસ છે. કૌશલ્ય વિકાસનું જોડાણ કરવું તે સ્વ-સહાય જૂથોનો આંતરિક હિસ્સો છે. પરિવારો બેંકોના ધિરાણનો અસરકારક ઉપયોગ કરવા માટે સજ્જ બને તે પણ આવશ્યક છે.

૭. **કનેક્ટિવિટીમાં ઝડપ:** ગ્રામ્ય વિસ્તારોના ગામડાંઓમાં માર્ગોની કનેક્ટિવિટી દ્વારા રોજગારીની તકો પૂરી પાડીને પરિવર્તન લાવી શકાશે. આ ઉપરાંત બજારો સાથેનો સંપર્ક આસાન બને છે. આ કનેક્ટિવિટીથી વેતન મેળવતા શ્રમિકોની હેરફેર પણ વધે છે અને આ કારણથી જ PMGSY હેઠળ માર્ગ બાંધકામ વધારવાના સંનિષ્ટ પ્રયાસો કરાયા છે. વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૪માં દૈનિક ૭૦ કિ.મી.ના રસ્તા બાંધવામાં આવતા હતા તે વધારીને ૨૦૧૬-૧૭ સુધીમાં દૈનિક ૧૩૦ કિ.મી. સુધી પહોંચાયું છે. અંદાજે ૮૦ ટકા જેટલા યોગ્ય આવાસોને બારમાસી માર્ગો સાથે જોડવામાં આવ્યા છે અને માર્ચ ૨૦૧૯ સુધીમાં ૧૦૦ ટકા સુધી પહોંચવાનો અમારો પ્રયાસ છે. વેસ્ટ પ્લાસ્ટીક, ફ્લાય એશ, જીયો ટેક્સટાઈલ્સ, સેલ-ફીલ્ડ કોંક્રીટ, કોલ્ડ મિક્સ વગેરે ગ્રીન અને ઈનોવેટિવ ટેકનોલોજીનો નોંધપાત્ર પ્રમાણમાં ઉપયોગ કરીને યોજનાનો વ્યાપ વિસ્તારવામાં આવ્યો છે અને માર્ગો માટે યોગ્ય પર્યાવરણલક્ષી વ્યૂહરચનાની ખાત્રી રાખવામાં આવી છે. મધ્ય પ્રદેશમાં માવજતની સફળ પધ્ધતિ અને ઉત્તરાખંડમાં સમુદાય દ્વારા માવજતના અનુભવના દાખલાને અન્ય રાજ્યો પણ અનુસર્યા છે.

૮. **જરૂરિયાત આધારિત સ્કિલ અપગ્રેડેશન:** બેરોજગારીની સમસ્યાને હલ કરવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં મોટાપાયે રિટેઈલ બિઝનેસ, ખેતપેદાશોની સંસ્થાઓ, કસ્ટમ હાયરીંગ સેન્ટર, ગ્રામ પરિવહન પધ્ધતિઓ, હસ્તકલા અને હેન્ડલૂમ તેમજ અન્ય કસબ માટેના એકમો સ્થાપીને સહયોગ તથા રૂપાંતરની પ્રક્રિયા હાથ ધરી શકાય. ગ્રામ વિકાસ વિભાગ, કૃષિ, પશુપાલન, એમએસએમઈ, ખાદી અને ગ્રામોદ્યોગ, ટેક્સટાઈલ્સ વગેરે જેવા વિભાગોના સંબંધિત કાર્યક્રમોની મુખ્ય તાકાતનો લાભ લઈને

ખેતીલક્ષી અને બિન- ખેતીલક્ષી રોજગારીની પ્રવૃત્તિઓનો વ્યાપ વિસ્તારવા માટે સજ્જ છે. ઉઘાડપગા (barefoot) ટેકનિશિયનો અને કડિયાઓનો ઓવર ટાઈમ ઘટાડીને ગ્રામ્ય વિસ્તારોમાં હાલમાં અપાતી ૫ કરોડથી વધુ લોકોની રોજગારી વધારી શકાય. આ બધા કાર્યક્રમોને જે તે ક્ષેત્રની સ્કિલ કાઉન્સિલે માન્યતા આપી છે અને તેને ચકાસીને સર્ટિફિકેટ પણ આપ્યા છે. માર્ગ વિકાસ વિભાગે તેના તમામ પ્લેસમેન્ટ મંત્રાલયના કૌશલ્યો અંગેના સામાન્ય ધોરણોને અનુસરીને સ્વરોજગારી આપવા માટે કર્યા છે, કે જેથી પાયાના ધોરણો અને પ્રોટોકોલનું પાલન થઈ શકે. DDUGKY અને RSETI જ માં વધુ સુધારા કરવામાં આવ્યા છે કે જેથી વધુ પ્લેસમેન્ટ/ સેટલમેન્ટનો દર હાંસલ કરી શકાય.

૯. **પરિવર્તન માટે ઈનોવેશનને પ્રોત્સાહનઃ** માર્ગ વિકાસ વિભાગ સમુદાયો અને રાજયોની અગ્રતાઓ હલ કરવા માટે ખૂબ જ ઈનોવેટિવ અભિગમ દાખવી રહ્યો છે. સોલીડ રિસોર્સ મેનેજમેન્ટ પ્રોગ્રામ તામિલનાડુના ૮૦ ટકાથી વધુ ગામોમાં અમલી બનાવાયો છે. લીક્વિડ રિસોર્સ મેનેજમેન્ટ પ્રોગ્રામ મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગણા પછી હવે બિહાર અને છત્તીસગઢમાં મનરેગા અને DAY-NRLM મારફતે અમલી બનાવીને ઈનોવેશનના ઉદાહરણો પૂરાં પાડવામાં આવ્યા છે. આજીવિકા ગ્રામીણ એક્સપ્રેસ, રૂરલ ટ્રાન્સપોર્ટ સ્કીમ, મિશન વોટર કન્ઝર્વેશન અને ગ્રામ માર્ગોની માર્ગરેખાઓ, હાઉસિંગ ટાઈપોલોજીના અભ્યાસોનો ઉપયોગ ચોક્કસ પ્રદેશો માટે ગ્રામ્યવિસ્તારોમાં આવાસોની યોગ્ય એવી ટેકનોલોજીસ અને ડીઝાઈન અપનાવવા માટે થયા છે. લાઈવલીહુડ ઈન ફૂલ એમ્પલોયમેન્ટ (LIFE) પહેલ દ્વારા મનરેગા હેઠળ કામ કરતા કામદારોમાં કૌશલ્ય વિકાસ માટે ઉપયોગ કરાયો છે. આ બધાં ઉદાહરણો મોટા પાયે ઈનોવેશનના છે, જે આ ગાળા દરમ્યાન હાથ ધરવામાં આવ્યા હતા.

૧૦. **પૂરાવા આધારિત મોનિટરીંગઃ** મોટાપાયે ચાલતા કાર્યક્રમોની અસરકારકતા માટે મોનિટરીંગ અને મૂલ્યાંકનનો પધ્ધતિસરનો અભિગમ જરૂરી બને છે. મજબૂત અને પારદર્શક આર્થિક વ્યવહારો આધારિત મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ, અસ્કયામતોની ગુણવત્તા નક્કી કરવા માટે જીયો ટેગીંગનો ઉપયોગ, ચોક્કસ કાર્યક્રમનું મોનિટરીંગ કરતી સંસ્થાઓ દ્વારા દર વર્ષે ૬૦૦ જિલ્લાઓનું મોનિટરીંગ, દર બે વર્ષે ૮ રાજ્યોમાં કોમન રિવ્યુ મિશન દ્વારા ગુણવત્તાયુક્ત અમલીકરણનાં પગલાં જેવા કેટલાંક પ્રયાસો વડે મોનિટરીંગમાં સુધારો લાવવામાં આવ્યો છે. આ બધા ઉપરાંત DAY-NRLM અંગે તાજેતરમાં ઈરમા દ્વારા કરાયેલા અભ્યાસને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. વિવિધ દરમ્યાનગીરીઓના મૂલ્યાંકનના આ બધા પ્રયાસો છે. જ્ઞાનની જરૂરિયાતોમાં વિવિધતા તથા આધુનિક ટેકનોલોજીને કારણે વિભાગે પરિણામો માટે ઉચ્ચસ્તરના હ્યુમન રિસોર્સિસ ગ્રુપની સ્થાપના કરી છે. આ ઉપરાંત માહિતી ટેકનોલોજીનો ઉપયોગ અને પડકારો, ઈન્ટર્નલ ઓડિટ, બજાર અને વેલ્યુ ચેઈન સાથે જોડાણ વગેરે દ્વારા ગ્રામ્ય વિકાસના કાર્યક્રમોને અસરકારક રીતે હાથ ધરી શકાશે.

૧૧. **રૂપાંતરના માર્ગે અમલીકરણઃ** ગરીબીથી મુક્તિને વંચિત પરિવારો માટેની સામાજિક તક પૂરી પાડીને તેમને હતાશામાંથી બહાર લાવવાની પ્રવૃત્તિ ગણાય છે. આ રૂપાંતરલક્ષી અભિગમ મિશન અંત્યોદયમાં અપનાવાયો છે અને એ દ્વારા ગરીબીના વિવિધ પાસાં હલ કરવા માટે મિશન કામ કરી રહ્યું છે.

**લેખક હાલમાં ગ્રામ વિકાસ વિભાગના સચિવ છે. તે સરકારમાં મહદઅંશે સામાજિક ક્ષેત્રોનો ૩૪ વર્ષનો અનુભવ ધરાવે છે. તેમણે સર્વ શિક્ષા અભિયાન અને નેશનલ રૂરલ હેલ્થ મિશનની રૂપરેખા ઘડવામાં મહત્વની ભૂમિકા બજાવી છે. તેમના ૭ પુસ્તકો અને રાષ્ટ્રિય અખબારો તથા સામયિકોમાં અનેક લેખ પ્રસિધ્ધ થયા છે. તેમના નવા પુસ્તકનું નામ An India for Everyone- A Path to Inclusive Development છે.**

**E-mail: secyrd@nic.in**

# જ્ઞાતિવાદથી મુક્ત ભારતનું નિર્માણ

**અમરજિત એસ. નારંગ**




*જ્ઞાતિવાદ એ ભારતના આર્થિક-સામાજિક વિકાસને અને તેની સાથે સાથે દેશની એકતા માટે નડતરરૂપ સૌથી મોટું દૂષણ છે. આપણે જ્યારે સંગઠિત, ગૌરવપૂર્ણ અને વિકસિત ભારતની વાત કરીએ છીએ ત્યારે તે એક શક્તિશાળી, સામાજિક અને રાજકીય વિભાજનકારી બળ બનીને સામાજિક સંઘર્ષો પેદા કરી સ્થિરતા, શાંતિ અને સંવાદિતાને અસર કરી તથા મજબૂત કાનૂની અને વહીવટી નિર્ણયોને નડતરરૂપ બનવાનું કામ કરી રહ્યું હોય છે. રાજદ્વારીઓ, નીતિ ઘડવૈયાઓ, નિરીક્ષકો અને અર્થપૂર્ણ કામ કરતા રાજકીય આગેવાનોમાં એક સામાન્ય સંમતિ એવી છે કે ભારતને ગરીબી, નિરક્ષરતા અને રોગોથી મુક્ત કરીને મજબૂત અને આત્મનિર્ભર બનાવી વિશ્વના સમુદાયમાં સન્માનજનક સ્થાન અપાવવું હોય તો જ્ઞાતિવાદ નાબૂદ કરવો તે સમયની તાકીદની જરૂરિયાત છે. આ માટે આપણે જ્ઞાતિવાદ અંગે કેટલીક ગેરસમજો દૂર કરવાની તથા જ્ઞાતિવાદ ઉભો થવાનાં કારણો તેમજ જ્ઞાતિવાદની વૃધ્ધિ અને તેની વર્તમાન ભૂમિકા સમજવાની જરૂર છે.*

જ્ઞાતિવાદ એ ભારતના આર્થિક-સામાજિક વિકાસને અને તેની સાથે સાથે દેશની એકતા માટે નડતરરૂપ સૌથી મોટું દૂષણ છે. આપણે જ્યારે સંગઠિત, ગૌરવપૂર્ણ અને વિકસિત ભારતની વાત કરીએ છીએ ત્યારે તે એક શક્તિશાળી, સામાજિક અને રાજકીય વિભાજનકારી બળ બનીને સામાજિક સંઘર્ષો પેદા કરી સ્થિરતા, શાંતિ અને સંવાદિતાને અસર કરી તથા મજબૂત કાનૂની અને વહીવટી નિર્ણયોને નડતરરૂપ બનવાનું કામ કરી રહ્યું હોય છે. રાજદ્વારીઓ, નીતિ ઘડવૈયાઓ, નિરીક્ષકો અને અર્થપૂર્ણ કામ કરતા રાજકીય આગેવાનોમાં એક સામાન્ય સંમતિ એવી છે કે ભારતને ગરીબી, નિરક્ષરતા અને રોગોથી મુક્ત કરીને મજબૂત અને આત્મનિર્ભર બનાવી વિશ્વના સમુદાયમાં સન્માનજનક સ્થાન અપાવવું હોય તો જ્ઞાતિવાદ નાબૂદ કરવો તે સમયની તાકીદની જરૂરિયાત છે. આ માટે આપણે જ્ઞાતિવાદ અંગે કેટલીક ગેરસમજો દૂર કરવાની તથા જ્ઞાતિવાદ ઉભો થવાનાં કારણો તેમજ જ્ઞાતિવાદની વૃધ્ધિ અને તેની વર્તમાન ભૂમિકા સમજવાની જરૂર છે.

**જ્ઞાતિવાદી પ્રણાલી**

જ્ઞાતિવાદની ચોક્કસ વ્યાખ્યા, તેના મૂળ અને વિવિધ સમયે તેમની ભૂમિકા અંગે નિરીક્ષકો અને વિદ્વાનોમાં વિવિધ મતભેદો પ્રવર્તે છે. તેનું અત્યંત મૂળભૂત પાસું એ છે કે તેને આધારે દરજ્જો અને ઊંચ-નીચનો ભેદ નક્કી થાય છે. આ એક એવી પધ્ધતિ છે કે જેમાં ચોક્કસ જૂથો વચ્ચે વિવિધ રિવાજોને આધારે પ્રતિબંધો લાદવામાં આવે છે તથા તેને એક પરંપરાગત વ્યવસાયિક વિશેષતા દ્વારા ઓળખવામાં આવે છે. જો કે ઘણીવાર જ્ઞાતિવાદની પ્રથાને વર્ણ વ્યવસ્થા સાથે પણ જોડવામાં આવે છે. આમ છતાં તેના મૂળ અંગે ધાર્મિક ગ્રંથોમાં ખાસ ઉલ્લેખો નથી. સંશોધકોએ તેના મૂળ અંદાજે બે હજાર વર્ષ જૂની જ્ઞાતિવાદી પ્રથામાં જોયા છે કે જેને કારણે આર્થિક, રાજકીય અને ભૌતિક પ્રક્રિયાઓ ઉદ્દભવી છે. આ સ્થિતિ ક્યારેય હકીકતો સાથે જોડાયેલી નથી, પરંતુ સામાજિક- રાજકીય અને ઐતિહાસિક પરિસ્થિતિ સાથે જોડી દેવામાં આવેલ છે. બ્રિટિશ શાસન પહેલાં જ્ઞાતિવાદી જોડાણો ઢીલા અને પ્રવાહી પ્રકારનાં હતા.

**બ્રિટિશ કાળમાં જ્ઞાતિવાદી પ્રથા**

ઘણાં લાંબા સમયથી જ્ઞાતિ એ એક સામાજિક વાસ્તવિકતા બની ગઈ છે. બ્રિટિશ શાસનકાળમાં જ્ઞાતિઓને ભારતીય સમાજનું મહત્વનું સંસ્થાકીય પરિબળ ગણવામાં આવી હતી. ૧૮૭૧માં જ્યારે ભારતમાં પ્રથમ ૧૦ વર્ષીય વસતિ ગણતરી યોજાવામાં આવી ત્યારે એ ગણતરી જ્ઞાતિવાદ અને તેના વર્ગીકરણ બાબતે માહિતી એકત્ર કરવાનું મુખ્ય સાધન બની રહી હતી. જ્ઞાતિ અને પેટા જ્ઞાતિઓને તેમની વસતિ ગણતરીની સંખ્યાને કારણે ઓળખવામાં આવતા હતા. નિરજા જયાલ (૨૦૦૬) દર્શાવે છે કે આ વસતિ ગણતરી થઈ ત્યાં સુધી જ્ઞાતિને આધારે ઓળખ આપવાની પ્રથા પ્રચલિત ન હતી. વસતિને ચુસ્ત વર્ગોમાં વહેંચવાની પ્રક્રિયા ખાસ કરીને ૧૯૦૧ અને ૧૯૧૧ વચ્ચેની વસતિ ગણતરીને કારણે ઉભી થઈ અને જ્ઞાતિવાદની ઓળખ મજબૂત થતી ગઈ.

ખુદ બ્રિટિશ શાસકોએ ભાગલા કરીને શાસન કરવાની નીતિ અપનાવવા માટે જ્ઞાતિવાદી પ્રથાનો ઉપયોગ કર્યો હતો. તેમણે

જ્ઞાતિવાદી જોડાણોનું ચુસ્ત પાલન કર્યું હતું. તેમણે જ્ઞાતિને સરકારી શિક્ષણ સંસ્થાઓમાં સંસ્થાકીય સ્વરૂપ આપ્યું હતું. કેટલીક જ્ઞાતિઓને ચોક્કસ કામો એટલે કે પોલિસ અને લશ્કર જેવા કામો માટે પસંદ કરવામાં આવતી હતી તથા કેટલીક જ્ઞાતિઓને ગુનેગાર માનવામાં આવતી હતી. જ્ઞાતિવાદી જોડાણોને ધ્યાનમાં રાખીને તેની સાથે જોડાયેલા લોકો અંગે કેટલાક કાયદાઓ પણ ઘડવામાં આવ્યા હતા. શ્રીનિવાસના મત મુજબ આની તાત્કાલિક અસર એ થઈ કે જ્ઞાતિ અંગેની સભાનતા અને જ્ઞાતિઓ વચ્ચેની સ્પર્ધા વધી, કારણ કે હવે જ્ઞાતિ અંગેના સંબંધોને કારણે પ્રાદેશિક અવરોધો દૂર કરીને પ્રાદેશિક સંગઠનો રચી બ્રિટિશ સરકાર પાસેથી કેટલીક રાહતો માટે સોદા કરવાનું શક્ય બન્યું હતું. જ્ઞાતિવાદના ભેદભાવ માત્ર જ્ઞાતિ સુધી સીમિત ન રહેતા તે રાજકારણમાં પણ પહોંચ્યો હતો. આઝાદીની લડત દરમ્યાન રાષ્ટ્રીય નેતાઓએ સામાજિક ન્યાયના મુદ્દાઓ લઈ જ્ઞાતિવાદને આધારે ઉભા થતા ભેદભાવો દૂર કરવા અને પરિસ્થિતિ સરખી કરવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેમને ખાસ સફળતા મળી ન હતી.

**સ્વતંત્ર ભારતમાં જ્ઞાતિ**

● ઉપર વર્ણન કર્યું છે તે મુજબ બ્રિટિશ શાસનકાળમાં જ્ઞાતિવાદી જૂથો ઓળખ, સભાનતા અને સંગઠનનું સ્વરૂપ પામ્યા. આઝાદી હાંસલ થઈ તે વખતે કેટલાક જ્ઞાતિ જૂથો પોતાની નિસબત અને માંગણીઓ અંગે બોલકા જણાતા હતા. બંધારણના ઘડવૈયાઓએ દેશમાં સમાનતા, ભાઈચારા અને ન્યાયી સમાજની રચના કરવા માટે કટિબધ્ધતા દર્શાવી હતી. તેની સાથે સાથે યુગોથી વંચિત સ્થિતિનો સામનો કરી રહેલા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગો માટે તથા સમાજના કેટલાક વર્ગો માટે હકારાત્મક જોગવાઈઓ કરવાની પણ જરૂર જણાઈ હતી અને તેમના માટે બંધારણમાં જોગવાઈ કરવામાં આવી હતી. એવી અપેક્ષા હતી કે સમય જતાં આર્થિક-સામાજિક વિકાસ અને સમાજના પરિવર્તનને કારણે લોકો સામાજિક એકતા દાખવશે.

આઝાદીના ૭ દાયકા દરમ્યાન સામાજિક અને આર્થિક માળખામાં જ્ઞાતિ પ્રથાની અસર ઘટતી જતી હતી, પરંતુ રાજકીય ક્ષેત્રે તેની પક્કડ મજબૂત બની હતી. આ સ્થિતિમાં જ્ઞાતિ આધારિત નવા સંગઠનો રચાયા હતા. જ્ઞાતિને આધારે ધ્રુવીકરણ થયું હતું. અનામતને કેન્દ્રમાં રાખીને સંઘર્ષો અને હિંસા થઈ હતી. જ્ઞાતિ હવે દેશના રાજકીય-આર્થિક પોતમાં વણાઈ ચૂકી છે. લોકશાહી અમલમાં આવતાની સાથે પુખ્તવયના નાગરિકોને જે અધિકારો મળ્યા તેને ધ્યાનમાં લઈને શિક્ષિત લોકોમાં જાગૃતિ લાવવાની જરૂર હતી, પરંતુ રાજકીય બાબતે સભાન લોકો આર્થિક કાર્યક્રમો, દેખાવ અને જ્ઞાતિ, ધર્મ વગેરેને આધારે ઉભા થતા ભેદભાવની બાબતમાં રાજકારણને સમજી શક્યા નહી અને જ્ઞાતિય જોડાણોનો રાજકારણમાં ઉપયોગ થવા લાગ્યો. આથી જ્ઞાતિવાદની પ્રથા રાજકીય સામાજિકીકરણમાં લોકશાહીના વાતાવરણની વચ્ચે લોકોને સક્રિય બનાવવામાં અને જ્ઞાતિને સંસ્થાકીય સ્વરૂપ આપવામાં મહત્વનું પરિબળ બની રહ્યું. સમય જતાં આ સ્થિતિએ જ્ઞાતિવાદને વેગીલો બનાવ્યો.

**જ્ઞાતિવાદ**

જ્ઞાતિવાદનો અર્થ સામાન્યપણે એવો થાય છે કે જ્ઞાતિ અથવા તો પેટા જ્ઞાતિને આધારે પોતાના સભ્યોને આર્થિક, સામાજિક અને રાજકીય લાભ અપાવવો અને સમગ્રપણે સમાજના અન્ય જ્ઞાતિના સભ્યો માટે અવરોધ ઉભો કરવો. આવી સ્થિતિમાં જ્ઞાતિવાદી જૂથોની રાજકીય વફાદારીને આદર્શ ગણવામાં આવી અને તેને કારણે મુખ્યત્વે અવિચારીપણે ચોક્કસ જ્ઞાતિઓના સામાજિક, આર્થિક અને રાજકીય હિતો માટે તરફેણ થવા લાગી. એક સમયે સ્થિતિ એવી આવી કે એક જ્ઞાતિ બીજી જ્ઞાતિને ધિક્કારવા લાગી. અગાઉ નોંધ લીધી છે તે મુજબ સુવિકસિત રાજકીય સુવિધા ધરાવતા અન્ય ગ્રુપની ગેરહાજરીમાં તૈયાર મુખ્ય જ્ઞાતિ જૂથ સત્તા માટે અને ભાગલા પાડીને લાભ લેવામાં મુખ્ય પરિબળ બની રહ્યા. રાજકારણીઓએ પોતાના માટે સમર્થન વ્યાપક બનાવવા જ્ઞાતિની વફાદારીનો દુરૂપયોગ કર્યો. આમાંના ઘણાં બધા લોકોને વિકાસ માટે કોઈ સંબંધ ન હતો. તે લોકશાહી અને ચૂંટણીઓને સત્તા અને રાજય પર નિયંત્રણ મેળવવાનું માત્ર સાધન ગણવા લાગ્યા. ચૂંટણીઓમાં ભાગ લઈને અસરકારક ભૂમિકા ભજવવા ઉપરાંત જ્ઞાતિનો ઉપયોગ સાચા અથવા તો ખોટા લાભ મેળવવા માટેના એક પ્રેશર ગ્રુપ તરીકે થવા લાગ્યો. આ પ્રક્રિયાનું એક મહત્વનું પાસું એ હતું કે હક્કો મેળવવામાં ભાગીદારી અને તેની વિરૂધ્ધમાં દબાણ વધતું ચાલ્યું. આ સ્થિતિ ઘણીવાર હિંસક વિરોધમાં પરિણમી અને જાહેર મિલકતને નુકશાન થવા લાગ્યું તથા કલ્યાણ અને વિકાસ માટે ઉપયોગ થવાને બદલે, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સાધનોનો ઉપયોગ વધી ગયો. આવી પરિસ્થિતિની વચ્ચે જ્ઞાતિવાદનું રાજકીયકરણ થવા લાગ્યું. આને કારણે સમાજમાં સંવાદિતા માટે એક નવી અને ધર્મ નિરપેક્ષ ભૂમિકાની જરૂરિયાત ઉભી થઈ. માયરોન વેઈનર (૨૦૦૬) દર્શાવે છે તે મુજબ વિરોધાભાસી બાબત એ હતી કે વ્યક્તિને જીવનમાં મળતી તકો નક્કી કરવામાં જ્ઞાતિની ભૂમિકા ઓછી મહત્વની બની હતી, પરંતુ એક રાજકીય ઓળખ તરીકે અને નાગરિક સમાજમાં સંસ્થાકીય સ્વરૂપ તરીકે તેની રાજકીય ઓળખ મજબૂત બની હતી. હવે જ્ઞાતિ આધારિત શિક્ષણ સંસ્થાઓ, હોસ્ટેલો અને હાઉસિંગ સોસાયટીઓ વગેરેની રચના થવા માંડી હતી. આ સ્થિતિને કારણે આવી સંસ્થાઓએ કેટલાક કિસ્સાઓમાં વંચિત લોકોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે મહત્વની ભૂમિકા ભજવી હતી અને તેમની અપેક્ષાઓ પૂર્ણ કરી હતી. સામાન્ય રીતે એવી સ્થિતિ ઉભી થઈ છે કે જ્ઞાતિવાદને કારણે સામાજિક અસંવાદિતા ઉભી થઈ છે અને તેને કારણે આર્થિક-સામાજિક વિકાસનાં કામો અને નવા અને આધુનિક ભારતના નિર્માણની કામગીરીને ગંભીર અસર થઈ છે.

**બાકાત રાખવાની જરૂરિયાત**

ઉપર ઉલ્લેખ કર્યો છે તે મુજબ જ્ઞાતિવાદ દેશના આર્થિક, સામાજિક અને રાજકીય વિકાસને ઉધઈની જેમ ખાઈ રહ્યો છે. સામાજિક વાતાવરણમાં જ્ઞાતિ ધીમે ધીમે મૃત:પ્રાય બની છે. જીવન અને કામની આધુનિક સ્થિતિમાં ઘણાં જડ રિવાજો માન્યતાઓ અને પ્રણાલિઓ મૃત:પ્રાય બની ગયા છે. હવે ઓછામાં ઓછુ મોટા ભાગના શહેરોમાં તો આંતરજ્ઞાતિય લગ્નો કે વિવિધ જ્ઞાતિઓ સાથે બેસીને જમવામાં કોઈ છોછ રહેતો નથી. હકારાત્મક પાસું એ છે કે છેલ્લાં

થોડા વર્ષો દરમિયાન અને ખાસ કરીને લોકસભાની ચૂંટણીમાં જ્ઞાતિવાદનું પરિબળ પાછળ ધકેલાઈ ગયું છે. રાજકીય પક્ષો હવે વિકાસ, ભ્રષ્ટાચાર, કરેલી કામગીરી, શાસન જેવા મહત્ત્વના મુદ્દાઓને આગળ રાખી રહી છે. આમ છતાં પણ, એવા પક્ષો અને જૂથો છે કે જેમને માટે લોકોને સક્રિય કરવા અને ઝૂંબેશ ચલાવવા માટે જ્ઞાતિ એ એક મુખ્ય પરિબળ બની રહે છે. આવા લોકો જ્ઞાતિનો ટેકો મેળવવા માટે જ્ઞાતિના પરિબળને વેગ આપે છે. એક રીતે કહીએ તો જ્યારથી વિકાસ અને શાસનના મુદ્દાઓ રાજકારણમાં મોટા પાયે પ્રવેશ્યા છે ત્યારે, ખાસ કરીને જ્ઞાતિને આધારે રાજ્યના સ્તરે અને નીચેના સ્તરે રાજકારણની ભૂમિકા ઘટીને મર્યાદિત બની ગઈ છે. આથી જ્ઞાતિવાદનું પરિબળ દૂર કરવાની અને તેની અસર ઓછી કરવાની તાકીદની જરૂરિયાત છે.

સૌથી પહેલું કદમ શિક્ષણમાં જ્ઞાતિવાદ ઘટાડવાનું હોવું જોઈએ. શિક્ષણનો અર્થ માત્ર સાક્ષરતા કે શાળાનું શિક્ષણ આપવું એવો થતો નથી. તેમાં જ્ઞાતિ પ્રથા સાથે સંકળાયેલી માન્યતાઓ દૂર કરીને જાગૃતિ પેદા કરવાનો પણ સમાવેશ થાય છે. આ લેખમાં અગાઉ જણાવ્યું છે તે મુજબ જ્ઞાતિને ધર્મ અને ધાર્મિક પ્રણાલિઓના હિસ્સા તરીકે જ ઓળખવામાં આવે છે તે સાચુ નથી. મતદારોએ એ બાબત જાણવાની જરૂર છે કે જ્ઞાતિના નેતાઓ વિકાસના કોઈ લાભ આપ્યા વગર કોઈ ચોક્કસ જ્ઞાતિનો કેવી રીતે તેમનો દુરૂપયોગ કરી રહ્યા છે. શાળાઓમાં શિક્ષકોએ પણ તમામ વિદ્યાર્થીઓની સાથે બેસીને જમવાનો કે રમવાનો આગ્રહ રાખવો જોઈએ.

આદિકાળથી ચાલી આવતી સામાજિક- સાંસ્કૃતિક અસમાનતા દૂર કરવાની જરૂર છે. જો કોઈ જ્ઞાતિને દૂષણ ગણવામાં આવે તો નેતાઓ આ બાબતને તેમની સાથેનો ભેદભાવ ગણીને જ્ઞાતિને સંગઠિત કરે છે. કેટલાક કિસ્સાઓમાં તો આર્થિક અસમાનતા આકસ્મિક હોય છે. જેમ કે, મોટા ભાગની અનુસૂચિત જાતિના લોકો ગરીબ અને વંચિત હોય છે. લોકશાહીમાં આને કારણે સંગઠિત થવાનું અને રાજકીય પ્રક્રિયાને આગળ ધપાવવાનું યોગ્ય કારણ મળી રહે છે. જ્યારે કોઈ ચોક્કસ જૂથ તરફ ભેદભાવ રખાતો હોય કે અસમાનતા ઊભી થતી હોય તો સંગઠિત થઈને તેમને સ્થાપિત હિતો અથવા તો ખરાબ ઉદ્દેશ ધરાવતા લોકો સામે સંગઠિત થવાનું કારણ હોય છે.

સામાજિક અને રાજકીય સુધારામાં નાગરિક સમાજની મોટી અને નોંધપાત્ર ભૂમિકા રહે છે. તેમણે જ્ઞાતિના અને ધાર્મિક ભેદભાવ વગર લોકોમાં જાગૃતિ પેદા કરી તેમને સક્રિય બનાવવાની જરૂર હોય છે. લોકોને આવી સ્થિતિમાં વિકાસના લાભ સમજાવવાની તથા જ્ઞાતિ પ્રત્યે થતા ખરાબ વર્તનની નકારાત્મક અસરથી જે સામાજિક વિસંવાદિતા અને સંઘર્ષ ઉભા થાય છે તે સમજાવવાની જરૂર છે. નાગરિક સમાજ આંતરજ્ઞાતીય લગ્નો તથા સહભોજન અને અન્ય સામાજિક પરામર્શોમાં અલગતાની ભાવના દૂર કરવા પ્રોત્સાહન આપી શકે તેમ છે.

આવી સ્થિતિમાં ચૂંટણી પંચની ભૂમિકા મહત્ત્વની બની રહે છે. અગાઉ જણાવ્યું છે તે મુજબ જ્ઞાતિવાદનું મુખ્ય કારણ ચૂંટણીલક્ષી રાજકારણ હોય છે. ચૂંટણી પંચે જ્ઞાતિના ઉપયોગને નિયંત્રિત કરવા માટેના માર્ગો શોધી કાઢવા જોઈએ. આ હેતુ માટે રાજ્ય દ્વારા ચૂંટણી માટે ભંડોળ પૂરું પાડવું, આચાર સંહિતાને વધુ કડક બનાવવી, મતદારોને શિક્ષણ આપવું વગેરે સાધનોનો ઉપયોગ થઈ શકે છે.

સૌથી મહત્ત્વની બાબત રાજકીય ઈચ્છાશક્તિ અને સર્વ સંમતિની છે. જ્યારે મોટા ભાગના રાજકીય પક્ષો ચૂંટણીમાં જ્ઞાતિવાદના પરિબળના ઉપયોગની ટીકા કરતા હોય છે ત્યારે જ્ઞાતિને આધારે પસંદગીના નેતાઓને ટિકિટો અપાતી હોય છે અને એ રીતે મતદારોને દોરવાનો પ્રયાસ કરવામાં આવે છે. ચૂંટણીઓના તાજેતરના પ્રવાહોમાં જણાયું છે કે મતદારો હવે જ્ઞાતિના પરિબળથી ઉપરવટ જઈને તથા સમુદાયને ધ્યાનમાં લીધા વગર સરકારની કામગીરી, નેતૃત્વ અને વિકાસના મુદ્દાઓને મહત્ત્વ આપી મત આપી રહ્યા છે. આ પ્રક્રિયાને મજબૂત બનાવવાની જરૂર છે. રાજકીય પક્ષોએ રાજકારણથી ઉપર ઉઠીને તથા ટૂંકાગાળાના લાભો ત્યજીને રાષ્ટ્ર નિર્માણના લાંબાગાળાના હેતુને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ, કારણ કે નેતાઓ આ ધ્યેય માટે કટિબદ્ધ હોવાનો દાવો કરતા હોય છે. ચૂંટણી એ માત્ર ઈલેક્શન જીતવાની કે હારવાની પ્રક્રિયા નથી, પરંતુ એથી કંઈક વિશેષ છે.

લોકશાહી અર્થપૂર્ણ રીતે કામ કરે તે માટે તેમાં સામેલ થનાર મતદારોએ તર્કબદ્ધ વ્યક્તિ તરીકે કામ કરવું જોઈએ તથા તેમણે વ્યક્તિગત ગુણવત્તાને આધારે અભિપ્રાય બાંધવો જોઈએ, નહીં કે સામી વ્યક્તિ જે સામાજિક જૂથમાંથી આવતી હોય તેના આધારે. તેમણે પોતાનો મત પોતાની ઈચ્છા મુજબ જ આપવો જોઈએ, નહીં કે કોઈ જ્ઞાતિ, સમુદાય કે જ્ઞાતિય ગણતરી કે દબાણને વશ થઈને આપવો જોઈએ. આશા રાખીએ કે ભારત સમયની માંગ અનુસાર ઉપર ઉઠીને આઝાદીનું મૂલ્ય સમજશે અને સમાનતા, ન્યાય અને ભાઈચારાને ધ્યાનમાં લઈને રોજગારી, આરોગ્ય, શિક્ષણ અને તકોનું નિર્માણ કરી શકે તેવા વ્યક્તિ માટે મતદાન કરશે. રાષ્ટ્રના ઘડવૈયાઓએ ભારતના બંધારણમાં આવી જ અપેક્ષાઓ રાખી છે, પરંતુ આઝાદીની ૭૦ વર્ષ પછી પણ આવી જ સ્થિતિ સ્થપાય તેવી આશા રાખી રહ્યા છીએ.

**સંદર્ભો:**


Beteille, Andre (2012), "India's destiny not cast in stone" The Hindu February 1.

Jayal, Neerja Gopal (2006), Representing India: Ethnic Diversity and the Governance of Public

Institutions, Hampshire: Palgrave

Palshikar, Suhash and Suri K.C. (2014) "India's 2014 Elections" Economic and Political Weekly ,Vol XLIX No.39 September 27

Weiner, Myron, (2002) "The Struggle for Equality: Caste in Indian Politics" in Kohli Atul (Ed.) The

Success of India's Democracy, Delhi: Foundation Books



Dr.Amarjit S Narang Professor of Political Science

**લેખક ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રાધ્યાપક છે. તે Brock, McGill ને Queen's Universities અને Indian Institute of Advanced Studies, સિમલાના ફેલો છે. તેમનાં અનેક પુસ્તક અને અભ્યાસ લેખો પ્રસિધ્ધ થયા છે તથા તે વિવિધ આંતરરાષ્ટ્રીય જર્નલ્સના એડિયોરિયલ બોર્ડ (તંત્રી મંડળ)માં સ્થાન ધરાવે છે.**

**E-mail: asnarang7@hotmail.com**

# નવા ભારત માટે નવી કૃષિ નીતિ

જગદીપ સક્સેના



*કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે નવી કૃષિ અને ખેડૂતોની સમૃધ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરતાં નવી દિલ્હીના વિઝનને સાર્થક કરવા માટે સાત મુદ્દાની વ્યૂહાત્મક યોજના વિકસાવી છે. આ વ્યૂહાત્મક યોજનાના નિષ્ણાત પેનલ દ્વારા રજૂ કરાયેલા ચાર વોલ્યુમના રીપોર્ટનો ભાગ છે, જે ખેડૂતોની આવકને બમણી કરવાના માર્ગો અને માધ્યમો પર વિસ્તૃત ચર્ચા કરે છે. આ વ્યૂહાત્મક યોજનાનો આશય કૃષિ પરિવારોની સરેરાશ આવક વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૯૬,૭૦૩થી વધારીને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૧,૯૩,૪૦૦ કરવાનો છે. આ અહેવાલ મુજબ ભારતે આ લક્ષ્યાંક હાંસલ કરવા માટે આ સમય દરમિયાન રૂ. ૧.૪૮૬ ટ્રિલિયન (૨૦૦૪-૦૫ની કિંમતો)નું ખાનગી અને જાહેર રોકાણ કરવાની જરૂર છે. આ વ્યૂહરચના મોટા ભાગે પાક ઉત્પાદનમાં વધારો, ખેતીના ખર્ચ અને લણણી બાદના નુકસાનમાં ઘટાડો અને કૃષિ બજારોમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ અહેવાલ મુજબ ફાર્મ-ગેટ પ્રોસેસિંગ સુવિધા દ્વારા કૃષિ પેદાશોના મૂલ્યમાં વધારો કરવો, પાક વીમો અને આપત્તિ રાહત મારફત જોખમ ઘટાડવું અને બાગાયત તથા ડેરી ઉત્પાદનો જેવા ઊંચા મૂલ્ય ધરાવતા ક્ષેત્રોને પ્રોત્સાહન જેવા અન્ય ક્ષેત્રોમાં દરમિયાનગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.*

નવું ભારત મોદી સરકારનું ભવ્ય અને મહત્ત્વાકાંક્ષી વિઝન છે, જે દેશને સમૃદ્ધ, સ્વસ્થ, શિક્ષિત અને સ્વચ્છ તથા પર્યાવરણલક્ષી રાષ્ટ્રમાં પરિવર્તિત કરવા માગે છે. પરંતુ આપણા કૃષિલક્ષી અર્થતંત્રમાં આ લક્ષ્યાંકો હાંસલ કરવા માટે કૃષિ ક્ષેત્ર સૌથી મહત્ત્વના મુદ્દાઓમાંનું એક છે. કારણ કે આ ક્ષેત્ર દેશના અંદાજે ૫૫ ટકા કાર્યબળને આજીવિકા પૂરી પાડે છે અને રાષ્ટ્રીય જીડીપીમાં પણ ૧૪ ટકા જેટલું નોંધપાત્ર યોગદાન આપે છે. આ વાસ્તવિક્તાને ધ્યાનમાં રાખતાં વર્તમાન કેન્દ્ર સરકારે દેશના વિકાસ માટે કૃષિ ક્ષેત્રને ઉચ્ચસ્તરની અગ્રતા આપી છે અને તેણે છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન આ ક્ષેત્રમાં શ્રેણીબદ્ધ સુધારાઓ કર્યા છે. આ સુધારાઓને વધુ બળ આપતાં ભારત સરકારે દેશની સ્વતંત્રતાના ૭૫ વર્ષની પૂર્તિ નિમિત્તે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે દઢ કટિબદ્ધતા વ્યક્ત કરી છે. નવી યોજનાઓ અને પહેલો માટે પર્યાપ્ત સહાય અને ભંડોળ માટે ભારત સરકાર સતત કૃષિ અને ગ્રામીણ ક્ષેત્રના બજેટની ફાળવણીમાં વધારો કરી રહી છે. આ ફાળવણી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન રૂ. ૧.૮૭ ટ્રિલિયન સુધી પહોંચી ગઈ છે. અગાઉના બજેટની સરખામણીમાં આ ફાળવણી ૨૪ ટકાનો વધારો થયો હોવાનું દર્શાવે છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન દેશમાં અંદાજે ૨૭.૪ કરોડ ટનનું સૌથી વધુ ખાદ્યાન્ન ઉત્પાદન નોંધવામાં આવ્યું છે, જે આપણા ખેડૂતોની મહેનત, નવીન વૈજ્ઞાનિકો, વિસ્તરણ કર્મચારીઓ અને અન્ય હિસ્સેદારો દ્વારા આધારભૂત નવા કાર્યક્રમો અને પહેલોની અસર અને સફળતાનો પુરાવો પૂરો પાડે છે. વધુમાં વર્ષ ૨૦૧૧-૧૪ની સરખામણીમાં ૨૦૧૪-૧૭ દરમિયાન મત્સ્ય અને દૂધનું ઉત્પાદન પણ અનુક્રમે ૨૦ ટકા અને ૧૭ ટકા જેટલુ ઊંચું રહ્યું છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કૃષિ ક્ષેત્રનો સરેરાશ વૃદ્ધિદર ૪.૪ ટકા નોંધાયો હતો. જોકે, ભારત સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યાંકને પૂરો કરવા માટે આ ટકાવારી ૧૦.૪ ટકા સુધી વધારવાની જરૂર છે.

**નવીન યોજનાઓ મારફત વ્યૂહાત્મક પગલાં**


કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે નવી કૃષિ અને ખેડૂતોની સમૃધ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરતાં નવી દિલ્હીના વિઝનને સાર્થક કરવા માટે સાત મુદ્દાની વ્યૂહાત્મક યોજના વિકસાવી છે. આ વ્યૂહાત્મક યોજનાના નિષ્ણાત પેનલ દ્વારા રજૂ કરાયેલા ચાર વોલ્યુમના રીપોર્ટનો ભાગ છે, જે ખેડૂતોની આવકને બમણી કરવાના માર્ગો અને માધ્યમો પર વિસ્તૃત ચર્ચા કરે છે. આ વ્યૂહાત્મક યોજનાનો આશય કૃષિ પરિવારોની સરેરાશ આવક વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૯૬,૭૦૩થી વધારીને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૧,૯૩,૪૦૦ કરવાનો છે. આ અહેવાલ મુજબ ભારતે આ લક્ષ્યાંક હાંસલ કરવા માટે આ સમય દરમિયાન રૂ. ૧.૪૮૬ ટ્રિલિયન (૨૦૦૪-૦૫ની કિંમતો)નું ખાનગી અને




જાહેર રોકાણ કરવાની જરૂર છે. આ વ્યૂહરચના મોટા ભાગે પાક ઉત્પાદનમાં વધારો, ખેતીના ખર્ચ અને લણણી બાદના નુકસાનમાં ઘટાડો અને કૃષિ બજારોમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ અહેવાલ મુજબ ફાર્મ-ગેટ પ્રોસેસિંગ સુવિધા દ્વારા કૃષિ પેદાશોના મૂલ્યમાં વધારો કરવો, પાક વીમો અને આપત્તિ રાહત મારફત જોખમ ઘટાડવું અને બાગાયત તથા ડેરી ઉત્પાદનો જેવા ઊંચા મૂલ્ય ધરાવતા ક્ષેત્રોને પ્રોત્સાહન જેવા અન્ય ક્ષેત્રોમાં દરમિયાનગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

ભારત સરકાર કૃષિ ક્ષેત્રના વિકાસ માટે જળ-ઉપયોગની ક્ષમતા વધારવાનો અને 'પ્રતિ ટીપાં, વધુ પાક' મિશન હેઠળ સિંચાઈ સુવિધાની ઉપલબ્ધતા માટે સતત પ્રયાસ કરી રહી છે. આ મિશન માઈક્રો-સિંચાઈ ટેકનિક મારફત સિંચાઈવાળા વિસ્તારોના વિસ્તારોને લક્ષિત કરે છે. પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના (પીએમકેએસવાય) હેઠળ માઈક્રો-સિંચાઈ હેઠળનો વિસ્તાર વર્ષ ૨૦૧૩-૧૪માં ૪.૩ લાખ હેક્ટરથી વધારીને ૨૦૧૬-૧૭માં ૮.૩ લાખ હેક્ટર કરવામાં આવ્યો છે. વડાપ્રધાને વર્ષ ૨૦૧૭ના તેમના સ્વતંત્રતા દિવસના વક્તવ્યમાં પીએમકેએસવાય હેઠળ ૩૦ પ્રોજેક્ટ્સ પૂરા થવાની અને વધુ ૫૦ પ્રોજેક્ટ્સમાં કામ ચાલુ હોવાની જાહેરાત કરી હતી. સરકારની અજોડ જમીન સ્વાસ્થ્ય કાર્ડ યોજના ખેડૂતોને ખેતીનો ખર્ચ ઘટાડવામાં મદદરૂપ થાય છે. તે ટકાઉ ધોરણે રાસાયણિક ખાતરના સંતુલિત ઉપયોગ અને જમીનની ઉત્પાદક્તા વધારવાની ખાતરી આપે છે. અત્યાર સુધીમાં સમગ્ર દેશમાં ખેતરના સ્તરે જમીન વિશ્લેષણ પ્રવૃત્તિ પર અંદાજે ૭.૧ કરોડ જમીન સ્વાસ્થ્ય કાર્ડ્સ ઈશ્યુ કરવામાં આવ્યા છે. પરંપરાગત કૃષિ વિકાસ યોજના (પીકેવીવાય)નો આશય ઓર્ગેનિક ખેતીનો વિસ્તાર વધારવાનો છે. ઓર્ગેનિક ખેતી એકંદરે ખેતીના ઓછા ખર્ચ અને ઓર્ગેનિક પેદાશોના પ્રીમિયમ ભાવના કારણે ખેડૂતોની આવકમાં વધારો સુનિશ્ચિત કરે છે. વ્યાપારિક ધોરણે સજીવ ખેતીના વ્યવસાય માટે ક્લસ્ટર રચના માટે ખેડૂતોને એકત્ર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં સરકારની નાણાકીય સહાય મારફત ૯,૧૦૦થી વધુ ક્લસ્ટર્સની રચના કરવામાં આવી છે, જે સંભવિત બજારોમાં ઓર્ગેનિક પેદાશોના સંગ્રહ અને પરિવહનમાં પણ સહયોગ કરે છે.

ખેડૂતોની આજીવિકા અને ટકાઉ આવક સુનિશ્ચિત કરવા માટે પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના (પીએમએફબીવાય) કેન્દ્ર સરકારનો મુખ્ય કાર્યક્રમ છે, જે બધા જ ખાદ્યાન્નો, તેલીબિયાં અને વાર્ષિક રોકડિયા પાકને ખૂબ જ નીચા પ્રીમિયમે 'એક મોસમ, એક દર'ના આધારે વીમો પૂરો પાડે છે. તે સંપૂર્ણ પાક ચક્ર - વાવેતરથી લઈને ઊભા પાક અને લણણી બાદના નુકસાન સહિતના બધા જ જોખમોને આવરી લે છે. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ ૫.૭૫ કરોડથી વધુ ખેડૂતોને આવરી લેવાયા છે અને હજી વધુ ખેડૂતો કવરેજ મેળવે તેવી સંભાવના છે. આ યોજનાનો આશય પાકના વિસ્તારનું કવરેજ ૨૦૧૬-૧૭માં ૩૦ ટકાથી વધારીને ૨૦૧૭-૧૮માં ૪૦ ટકા કરવાનો છે. એક બોનસ તરીકે આ યોજના કૃષિ ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન આપે છે અને આકર્ષે છે. ખેડૂતોની આવક વધારવા માટે બજારમાં વધુ સારી કિંમત મળવી તે સૌથી મહત્વની પૂર્વશરત છે. ઈ-નામ (નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ) એક નવીન પહેલ છે. આ પહેલ મારફત વેપાર અને વ્યવહારો માટે એક સમાન ઈ-પ્લેટફોર્મ પર ૧૩ રાજ્યોની ૪૧૦થી વધુ મંડીઓને એકત્રિત કરીને આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ૬૯ કોમોડિટીઝ માટે વ્યાપારિક પરિમાણો નિશ્ચિત કરાયા છે અને ૪૫ લાખથી વધુ ખેડૂતોએ ઈ-નામ પ્લેટફોર્મ પર તેમની નોંધણી કરાવી છે. આ સુધારાએ હતાશાપૂર્ણ વેચાણ અને




વચેટીયાઓ મારફત વેચાણ ટાળીને સફળતાપૂર્વક ખેડૂતોની આવક વધારી છે. વધારામાં તેની અસર તરીકે કોમોડિટીઝના જથ્થાબંધ ભાવમાં વધારો થયો છે અને નિષ્ણાતોના જણાવ્યા મુજબ પાકના ભાવમાં ૧૩ ટકાનો વધારો થતાં ખેડૂતોની આવકમાં અંદાજે ૯.૧ ટકાનો વધારો થાય છે. જોકે, હજી ખેડૂતો દ્વારા પ્રાપ્ત થતા ભાવમાં વધારો કરવા માટે અને તે રીતે તેમની આવક વધારવા માટે ઘણી મોટી સંભાવના છે. પરંતુ ખેડૂતોની આવક પર ઈચ્છિત અસર મેળવવા માટે આ યોજનાઓ અને કાર્યક્રમોનો ચોક્કસ સમય મર્યાદામાં અમલ થવો ખૂબ જ જરૂરી છે.

**નફાકારક્તા વધારવા માટે ઉત્પાદક્તામાં વધારો**

તાજેતરમાં નીતિ આયોગે 'ખેડૂતોની બમણી આવક' પર એક નીતિ વિષયક અહેવાલ બહાર પાડ્યો છે, જે પાયાના સ્તર પર અમલ માટે એક્શન પ્લાન દર્શાવે છે. આ અહેવાલ જમીનના પ્રતિ એકમ ઉત્પાદક્તા વધારવામાં સિંચાઈ અને નવી ટેક્નોલોજીની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે. તે રીતે ખેતરના સમાન વિસ્તારમાંથી ખેડૂતોની આવક વધારી શકાશે. વધુ આક્રમક અને વિસ્તૃત વ્યવસ્થા તંત્ર તથા પરવડે તેવી કિંમતે બીજના પુરવઠાને કારણે ખેડૂતો ઉપજના ઊંચા સ્તર સાથે પાકની નવી અને સુધારેલી જાતો અપનાવી રહ્યા છે અને આ પ્રમાણ પણ વધી રહ્યું છે. દેશની સર્વોચ્ચ સંશોધન સંસ્થા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ (આઈસીએઆર)એ ઉત્પાદક્તાને નવા સ્તર પર લઈ જવા માટે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન પાકની સુધારેલી ૬૦૦થી વધુ જાતો વિકસાવી અને રજૂ કરી છે. ઉપરાંત ઉત્પાદક્તા વધારવા માટે અનેક નવીન કૃષિ ટેક્નોલોજીસનો પ્રચાર કરવાની જરૂર છે. શુદ્ધિકરણ ખેતી, એકીકૃત ખેતી, સ્રોત સંરક્ષણની ટેક્નોલોજી અને સંરક્ષિત ખેતી જેવા કેટલાક ઉદાહરણો પાકની ઉપજ વધારવાની ખાતરી અને સંભાવનાઓ ધરાવે છે. જમીનના પ્રતિ એકમ આવક વધારવા માટે પાકની તીવ્રતા વધારવી એ પણ ટેક્નોલોજીકલી વધુ એક મજબૂત વિકલ્પ છે. સિંચાઈ સુવિધાની ઉપલબ્ધતા અને નવીન ટેક્નોલોજીની ઉપલબ્ધતા સાથે ખેડૂતો માટે હવે પાકની મુખ્ય મોસમો ખરીફ અને રવિ બાદ ટૂંકા સમયના પાક લેવાનું પણ શક્ય બન્યું છે. એ જ રીતે નફાકારક્તા વધારવા માટે ઈન્ટેગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ મોડેલ્સ વિકસાવવામાં આવ્યું છે. આ પ્રકારના મોડેલ્સ હવામાનની પ્રતિકૂળ ઘટનાઓના વર્ષો દરમિયાન પણ ખેડૂતોને વધુ સ્થિર આવક પૂરી પાડે છે. ફળો, શાકભાજી, ફાબર્સ, મસાલા અને તેજાના, ઔષધિ તથા સુગંધીદાર છોડ જેવા ઊંચા મૂલ્ય ધરાવતા પાકો તરફ ડાયવર્સિફિકેશન પણ ખેડૂતોની આવકમાં નોંધપાત્ર સુધારાનો અવકાશ દર્શાવે છે. ઉપરાંત વનીકરણ, કૃષિ પેદાશોના પ્રોસેસિંગ જેવા કૃષિ સંલગ્ન ઉદ્યોગો તરફ ડાયવર્સિફિકેશન દ્વારા પણ ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો કરવા માટેનો અવકાશ છે. નીતિ આયોગનો નીતિવિષયક અહેવાલમાં ખેડૂતોની આવક વધારવા અને આજીવિકાની તકો સુધારવા માટે કૃષિ ક્ષેત્રના કામદારોને કૃષિથી દૂર કરવાની પણ ભલામણ કરવામાં આવી છે. સ્કિલ ડેવલપમેન્ટ પર સરકારની તાજેતરની પહેલો કૃષિ સંલગ્ન અથવા બિન કૃષિ ક્ષેત્રોમાં વધુ સારી આવક માટે ખેડૂતોની કુશળતા સુધારવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી શકે છે.

**નવો દૃષ્ટિકોણ**


ભૂતકાળમાં સરકારનું વિઝન અને વ્યૂહરચનાઓ મુખ્યત્વે અન્ન સલામતી માટે અને કૃષિ ઉત્પાદન વધારવા પર કેન્દ્રિત હતા. પાછળથી નીતિ આયોજકોને ખેડૂતોની આવક વધારવા અને ખેડૂતોની સુખાકારીને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂકવાનો ખ્યાલ આવ્યો. આ દિશામાં પ્રથમ પગલું ભરતાં ભારત સરકારે વર્ષ ૨૦૧૫માં કૃષિ મંત્રાલયનું નામ બદલીને કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય કર્યું. ત્યાર બાદથી ભારત સરકાર વિવિધ સુધારાઓ, નીતિઓ અને પહેલો મારફત વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા સતત પ્રયાસ કરી રહી છે. આ દૃષ્ટિકોણ મુજબ નવા વિઝનનો આશય ખેડૂતોની હતાશા ઘટાડવાનો અને ખેડૂતો તથા કૃષિ સિવાયના ક્ષેત્રોમાં કામ કરતા લોકોની આવક વચ્ચે સમાનતા લાવવાનો છે. તેના નવા અવતારમાં ભારતીય કૃષિ ક્ષેત્ર નવા ભારતનું સ્વપ્ન સાર્થક કરવા માટે તૈયાર છે.


**વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના ત્રણ વર્ષની માર્ગદર્શિકા (૨૦૧૭-૧૯)ના મુખ્ય મુદ્દા-**

- સીડ વિલેજ પ્રોગ્રામ ૩૦,૦૦૦ ગામોથી લંબાવીને ૬૦,૦૦૦ ગામો સુધી લઈ જવો અને પંચાયત સ્તર પર ૫૦૦ બીજ ઉત્પાદન તથા પ્રોસેસિંગ એકમો સ્થાપવા.
- ગામડાઓમાં જમીનના પરિક્ષણ માટે સ્થાનિક ઉદ્યોગ સાહસિકો મારફત ૧,૦૦૦ લઘુ લેબોરેટરીઓની સ્થાપનાને પ્રોત્સાહન આપવું.
- નાબાર્ડ મારફત રૂ. ૫,૦૦૦ કરોડના સમર્પિત ભંડોળનો ઉપયોગ કરવામાં આવશે અને ૪૮ લાખ હેક્ટર જમીનને માઈક્રો સિંચાઈ હેઠળ લઈ આવવી.
- વર્ષ ૨૦૨૦ સુધીમાં કઠોળ અને તેલીબિયાં માટે ૩૦ લાખ હેક્ટર જમીનને આવરી લેવા ચોખાના પડતર વિસ્તારોના ઉપયોગ મારફત પ્રત્યેક વર્ષે ૧૦ લાખ હેક્ટર જમીનમાં પાકની તીવ્રતા વધારવામાં આવશે.
- લણણી બાદના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત કરવા માટે પાંચ લાખ એમટી કોલ્ડ સ્ટોરેજ, ૧,૦૦૦ પેક હાઉસીસ અને ૧૫૦ રીપનિંગ ચેમ્બર્સ બનાવવામાં આવશે.
- ૩૫૦ ખેડૂત ઉત્પાદન સંસ્થાઓ મારફત ૨.૫ લાખ હેક્ટર વિસ્તારમાં ઓર્ગેનિક ફાર્મિંગ એટલે કે સજીવ ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે.
- દેશમાં ઈ-નામ પ્લેટફોર્મ પર ૫૮૫ કૃષિ બજારોને લઈ આવવામાં આવશે.
- ટૂંકાગાળાના ધિરાણ હેઠળ નાના અને સિમાંત ખેડૂતોનું કવરેજ હાલમાં ૪૩ ટકાથી વધારીને વર્ષ ૨૦૧૮-૧૯ સુધીમાં ૫૦ ટકા સુધી વધારવામાં આવશે.
- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અને હવામાન આધારિક પાક વીમા યોજના હેઠળ પાકનો કુલ વાવેતર વિસ્તાર વર્તમાન ૩૦ ટકાથી વધારીને વર્ષ ૨૦૧૭-૧૮ માટે ૪૦ ટકા અને ૨૦૧૮-૧૯થી ૫૦ ટકા કરવામાં આવશે.
- માર્ચ ૨૦૧૮ સુધીમાં જથ્થાબંધ દૂધ સંગ્રહ સ્થળો ૧૬,૦૦૦થી વધારીને ૫૦,૦૦૦ ગામો સુધી કરીને દૂધ પ્રાપ્તિના આંતરમાળખાને વધુ મજબૂત બનાવવું.
- વાદળી ક્રાંતિ જાળવી રાખવા માટે મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપવું.
- નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડની જેમ નેશનલ લાઈવસ્ટોક ડેવલપમેન્ટ એજન્સી (એનએલડીએ)ની રચના કરવી.
- ઉપજના સ્તરમાં સફળતા માટે જીનોમિક્સ/જનીન એડિટિંગ ટેક્નોલોજીમાં આરએન્ડડી અને પાકમાં બહુવિધ તણાવ સહનશીલતાને પ્રોત્સાહન આપવું.
- પોષક તત્વોથી સમૃદ્ધ ફૂડ (પ્રોટીન, ઝિંક, વિટામીન-એ અને એન્ટી-ઓક્સિડન્ટ્સ) માટે બાયો-ફોર્ટિફિકેશનમાં આરએન્ડડીને પ્રોત્સાહન આપવું.
- પશુઓ માટે થર્મો-ટોલરન્ટ રસી વિકસાવવી.

**લેખક Indian Council of Agricultural Research, નવી દિલ્હીના ભૂતપૂર્વ ચીફ એડીટર છે.**

**E-mail: jgdsaxena@gmail.com**


More than 200 eBooks of Publications Division
Now available online
BUILDERS OF MODERN INDIA
GREAT MEN GREAT DEEDS
ऐसे थे बापू
THE GOSPEL OF BUDDHA
SARDAR PATEL
AFTER PARTITION
विवेकानन्द चित्रावली
BELIEF IN THE BALLOT
PLAYING TABLA
Purchase at :
play.google.com
kobo.com
amazon.in
with cross platform compatibility in
Android, iOS, Kindle, Kobo etc
Publications Division
Ministry of Information and Broadcasting
Government of India
For complete list of eBooks please visit: publicationsdivision.nic.in


"Give a book instead of bouquet....
Such a move can make a big difference"
– Hon'ble Prime Minister
Publications Division has rich repository of a range of books
from Art & Culture, Freedom Struggle, History, Biographies and Gandhian Literature
...to Children's Books
Gift our books
To your dear ones....
because
"There is no friend as loyal as a book"
Publications Division
Ministry of Information and Broadcasting
Government of India
For purchase of books, find details at publicationsdivision.nic.in
To buy eBooks visit kobo.com, play.google.com, amazon.in

# નવા ભારત માટે નવીન સુધારાઓ


ઉન્નત પંડિત




**“નવું ભારત” એટલે સુશાસન માટે પ્રેરિત કરશે, પ્રોત્સાહન આપશે અને પરિવર્તન લાવશે, સરકાર સાથે ભાગીદારીને મજબૂત બનાવશે અને દેશમાં સર્વસમાવેશક વૃદ્ધિ પર ભાર મૂકશે. “દરેક નાગરિક આપણાં દેશની વિકાસની સફરમાં એક યા બીજી રીતે પ્રદાન કરે છે:” પ્રધાનમંત્રી.**
નવું ભારત જોડવા અને દેશની સેવા કરવાની તક પ્રદાન કરશે. વળી નવું ભારત સાચી આઝાદી, એકતા ઊભી કરવાની તક પ્રદાન કરે છે અને નવા ભારતનું નિર્માણ કરવા માટેની આદર્શ પહેલ છે.
કેન્દ્ર સરકારની થિંક ટેન્ક નીતિ આયોગ દ્વારા આ દિશામાં સૌપ્રથમ પહેલ છે, જેમાં સરકારના ટોચના અધિકારીઓ ‘ચેમ્પિયન્સ ઓફ ચેન્જ’ મારફતે વિવિધ ઉદ્યોગના ઉદ્યોગસાહસિકોને સરકાર સાથે સીધો સંવાદ સ્થાપિત કરવામાં મદદ કરશે અને નવા ભારત માટે તેમનું વિઝન જણાવશે. સરકારની નિર્ણય લેતી મુખ્ય ટીમ પ્રેઝન્ટેશન જોશે અને તેમાં મહત્ત્વપૂર્ણ મુદ્દાથી શાસનને લાભ થશે તેમજ નીતિનિર્માતાઓને નવો જ વિચાર જાણવા મળશે, જેની મદદથી સુધારાની પ્રક્રિયા દરમિયાન પડકારો ઝીલવામાં સહાય મળશે. આ પહેલ નવા ભારતના સ્વપ્નોને સાકાર કરવા આપણાં દેશની યુવા પેઢીને રચનાત્મક અને નવીન ટેક્નોલોજીનું પ્લેટફોર્મ પ્રદાન કરશે, જિજ્ઞાસાવૃત્તિ, રચનાત્મકતા અને કલ્પનાશક્તિને ખીલવવા સુધારાની પ્રક્રિયાને વ્યવસ્થિત બનાવશે.

ભારતમાં નવી ઊર્જાનો સંચાર કરીએ, ભારતની કાયાપલટ કરીએ. વર્ષ ૨૦૨૨માં ભારત આઝાદીનું ૭૫મું વર્ષ ઊજવશે એટલે ભારતમાં પરિવર્તનનો પવન ફૂંકવાની અને નવા ભારતનું નિર્માણ કરવાની જરૂર છે.

“નવું ભારત” એટલે સુશાસન માટે પ્રેરિત કરશે, પ્રોત્સાહન આપશે અને પરિવર્તન લાવશે, સરકાર સાથે ભાગીદારીને મજબૂત બનાવશે અને દેશમાં સર્વસમાવેશક વૃદ્ધિ પર ભાર મૂકશે. “દરેક નાગરિક આપણાં દેશની વિકાસની સફરમાં એક યા બીજી રીતે પ્રદાન કરે છે:” પ્રધાનમંત્રી. નવું ભારત જોડવા અને દેશની સેવા કરવાની તક પ્રદાન કરશે. વળી નવું ભારત સાચી આઝાદી, એકતા ઊભી કરવાની તક પ્રદાન કરે છે અને નવા ભારતનું નિર્માણ કરવા માટેની






આદર્શ પહેલ છે.

કેન્દ્ર સરકારની થિંક ટેન્ક નીતિ આયોગ દ્વારા આ દિશામાં સૌપ્રથમ પહેલ છે, જેમાં સરકારના ટોચના અધિકારીઓ 'ચેમ્પિયન્સ ઓફ ચેન્જ' મારફતે વિવિધ ઉદ્યોગના ઉદ્યોગસાહસિકોને સરકાર સાથે સીધો સંવાદ સ્થાપિત કરવામાં મદદ કરશે અને નવા ભારત માટે તેમનું વિઝન જણાવશે. સરકારની નિર્ણય લેતી મુખ્ય ટીમ પ્રેઝન્ટેશન જોશે અને તેમાં મહત્ત્વપૂર્ણ મુદ્દાથી શાસનને લાભ થશે તેમજ નીતિનિર્માતાઓને નવો જ વિચાર જાણવા મળશે, જેની મદદથી સુધારાની પ્રક્રિયા દરમિયાન પડકારો ઝીલવામાં સહાય મળશે. આ પહેલ નવા ભારતનાં સ્વપ્નોને સાકાર કરવા આપણાં દેશની યુવા પેઢીને રચનાત્મક અને નવીન ટેક્નોલોજીનું પ્લૅટફોર્મ પ્રદાન કરશે, જિજ્ઞાસાવૃત્તિ, રચનાત્મકતા અને કલ્પનાશક્તિને ખીલવવા સુધારાની પ્રક્રિયાને વ્યવસ્થિત બનાવશે.


**શાસનનાં મોડલમાં મોટા પાયે પરિવર્તન લાવવું:**

સરકારે આપણા દેશના સંપૂર્ણ સામાજિક વિકાસ માટે પહેલ હાથ ધરી છે. આપણાં દેશનાં તમામ નાગરિકો માટે શાસનને અસરકારક બનાવવા સરકારે ૧૨૦૦ જેટલાં જૂનાં અને બિનઅસરકારક કાયદા રદ કરવા જેવી અનુભવી શકાય તેવી પહેલો હાથ ધરી છે, પ્રધાનમંત્રી જનધન યોજના (પીએમજેડીવાય) મારફતે સમાજના છેવાડાના નાગરિકને બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રની સુવિધાઓ પહોંચાડી છે, શાસનનું વિકેન્દ્રીકરણ કર્યું છે તથા તેને પારદર્શક બનાવ્યું છે, ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જીઇએમ) મારફતે ભાગીદાર બનવાની અને વ્યવસાય કરવાની તક પ્રદાન કરી છે. અસરકારક શાસનથી વૃદ્ધિને વેગ મળ્યો છે અને તમામ રાજ્યો વચ્ચે વિકાસ કરવા તંદુરસ્ત સ્પર્ધા જામી છે. આ રાજ્યો સમાજમાં વિકાસ કરવા અગ્રેસર થયા છે. લિંગ સમાનતા, કૃષિ વિકાસ, આબોહવામાં ફેરફાર, અક્ષય ઊર્જા, મોબિલિટી, સંચાર, નાણાકીય ક્ષેત્રમાં ડિજિટલ પરિવર્તન જેવી પહેલો નવા ભારત માટેનો માર્ગ પ્રશસ્ત કરે છે. નવું ભારત યુવાનોની આકાંક્ષા અને સ્વપ્નો સાકાર કરવા અગ્રેસર છે.

ભારતનો ઉદ્દેશ ભવિષ્યના ઇન્નોવેટર્સ તરીકે એક મિલિયન બાળકો અને યુવાનો પેદા કરવાનો છે. મહાત્મા ગાંધીએ આઝાદીની લડાઈ દરમિયાન જે જુસ્સો ખીલવ્યો હતો તેવો જ ઉત્સાહ નવીનતા સંચાલિત વિકાસ માટે ખીલવવામાં આવશે. તેમણે દરેક નાગરિકને દેશ માટે વિશેષ બનાવી દીધા હતા. તેમણે આઝાદીની લડાઈને જન આંદોલનમાં પરિવર્તિત કરી હતી અને આપણે તેનાં પરિણામો જોયાં હતાં. તે જ રીતે આપણે ભારતના વિકાસ માટેની પહેલને જન આંદોલન બનાવવાની જરૂર છે. જ્યારે આપણે ખભેખભો મિલાવીને કામ કરીએ છીએ, ત્યારે આપણે આપણા દેશની દરેક સમસ્યાનું સમાધાન લાવી શકીએ. એક સમાજ તરીકે આપણે નવા ભારતનું નિર્માણ કરવા પડકારોનું સમાધાન કરવા આપણી તાકાતનો જવાબદારી સાથે ઉપયોગ કરી શકીએ. સરકારની મુખ્ય પહેલોમાં અટલ ઇનોવેશન મિશન, રાષ્ટ્રીય આઇપીઆર નીતિ, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયા, નીતિ આયોગ સંચાલિત ચેમ્પિયન્સ ઓફ ચેન્જ અને ડિજિટલ અર્થતંત્ર છે, જે વિકાસને વેગ આપે છે.

**અટલ ઇનોવેશન મિશન (એઆઇએમ):**

અટલ ઇનોવેશન મિશનની સ્થાપનાનો ઉદ્દેશ નવીનતા, ઉદ્યોગસાહસિકતા, શૈક્ષણિક વ્યવસ્થામાં ક્રાંતિ મારફતે આપણાં દેશમાં વિકાસને વેગ આપવાનો છે. "બાળકોને કેવી રીતે વિચારવું અને શું વિચારવું એ શીખવવું જોઈએ." જોકે આપણે તેમને આવું સમજાવીએ છીએ. "કાળજી રાખો. બહાર ન જાવ. કોઈની સાથે વાત ન કરો. આના ઉપર ચઢો નહીં. તમારાં શરીરને ગંદું ન કરો. આ ન કરો, તે ન કરો. આ યાદીનો કોઈ અંત જ નથી...." ચોક્કસ, આ સૂચનો આપણા અનુભવો પર આધારિત છે. આ સૂચના બાળકનાં માનસને ઘડે છે, જે તેમની અંદર ડર, પૂર્વગ્રહ અને જિજ્ઞાસા વિનાનો અભિગમ વિકસાવે છે તથા આત્મવિશ્વાસ ઘટાડે છે. તેનાં પરિણામે બાળકને અતિ ઓછા મિત્ર હોય છે, તેનું



સામાજિક વર્તુળ નાનું હોય છે અને બહુ ઓછી પુસ્તકો વાંચે છે. આ પ્રકારનું બાળક ઝડપથી પ્રેરિત થઈ શકતું નથી, ઉત્સાહ અનુભવતું નથી અને નિરાશાજનક વલણ વધારે છે.

આ નિયંત્રણો લાદીને આપણે પુખ્ત વયનાં લોકો ઘણી વખત ભૂલી જઈએ છીએ કે આપણે મોટા ભાગનાં બોધપાઠો આપણાં બાળપણમાં શીખ્યાં છીએ, જે અનુભવો અને સમજણને આભારી છે.

સારાં શિક્ષકો તેમનાં વિદ્યાર્થીઓને સ્વાભાવિક કુશળતા અસરકારક રીતે ખીલવવા માટે ત્રણ આવશ્યક માનસિકતા વિકસાવે છેઃ (૧) વિચાર કરવાની મહત્ત્વપૂર્ણ શક્તિ (૨) સલામતીની સમજણ અને (૩) દરેક સ્થિતિમાં શાંતિથી વિચારવાની ક્ષમતા. વિદ્યાર્થીઓનાં શોખ અને રસને ધ્યાનમાં રાખ્યાં વિનાં માતાપિતાઓ અને શિક્ષકોએ તેમને યોગ્ય બાબતોનું અવલોકન કરવાનું અને યોગ્ય વર્તણૂંક શીખવવાની જરૂર છે.

"સરેરાશ બાળક દરરોજ ઘણાં સરળ અને હાસ્યાસ્પદ પ્રશ્નો પૂછે છે, પણ સમયની સાથે બાળક ૧૦થી ૧૨ વર્ષની વયે શાળા સાથે પરિચિત થઈ જાય છે, પછી તેને સમજણ પડી જાય છે કે વિચાર માંગી લે એવા પ્રશ્નો પૂછતાં રહેવાને બદલે યોગ્ય જવાબો મેળવવા વધારે મહત્ત્વપૂર્ણ છે."

**વિદ્યાર્થીઓ અને યુવાનોમાં મોટાં વિચારો ખીલવવાઃ**

ખાણમાંથી વિસ્ફોટક સામગ્રી શોધવી અને એક-એક ઈંચ જમીનની ચકાસણી કરવાની પ્રક્રિયા અતિ ધીમી, મુશ્કેલ, જોખમકારક અને મજૂરી માંગી લેતી પ્રક્રિયા છે. વિસ્ફોટક સામગ્રી ધરાવતી જમીન પરથી તમામ વનસ્પતિ દૂર કરવી પડે છે અને મેટલ ડિટેક્ટર્સથી શોધખોળ કરવી પડે છે. જ્યારે જોખમકારક ચીજવસ્તુ મળે છે, ત્યારે તેને કાળજીપૂર્વક જમીનમાંથી બહાર કાઢવી પડશે અને તેને નિષ્ક્રિય કરવી પડશે.

છત્તીસગઢના હાથબંધની સરકારી ઉચ્ચમાધ્યમ શાળાના વિદ્યાર્થીઓને આ સમસ્યાનું સમાધાન કરવા કુશળતા વધારાની તાલીમ આપવામાં આવી હતી તથા સાઉન્ડ ટૅક્નોલોજીનો ઉપયોગ કરતાં માઈન ડિટેક્શન ઉપકરણની સમજણ પ્રદાન કરવામાં આવી હતી. આ સોલ્યુશનમાં સેન્ટર ટૅક્નોલોજીનો ઉપયોગ થાય છે, જે અવાજનાં કિરણોની બદલાતી ફ્રીકવન્સીની જાણકારી મેળવે છે, જે એલાર્મ મારફતે ખાણમાં હાજર વિસ્ફોટક સામગ્રીનો સંકેત આપે છે. આ ઉપકરણનું નિયંત્રણ રિમોટ સાધનથી થઈ શકશે, જેમ કે સ્માર્ટ ફોન કે બ્લૂટુથ તથા વર્તમાન વ્યવસ્થા કરતાં વધારે ઝડપી છે. પ્રોટોટાઈપ ઉપકરણ ૯ વોલ્ટ બેટરીનો ઉપયોગ કરે છે અને તેને એસેમ્બલ કરવામાં ૫ મિનિટથી ઓછો સમય લાગે છે.

દુનિયાભરનાં આંખની સમસ્યાથી પીડિત લોકો અકસ્માતો ટાળવા કોઈ પણ અવરોધ ચકાસવા સ્ટિક એટલે કે લાકડીનો ઉપયોગ કરે છે. જોકે આ હંમેશા અસરકારક પદ્ધતિ પુરવાર થતી નથી. કોઈ પણ અવરોધની હિલચાલ અકસ્માત ટાળવા હંમેશા ઉપયોગી નીવડે છે. સરળ છતાં અસરકારક ટૅક્નોલોજી આધારિત સોલ્યુશનની જરૂર છે, જે આ પ્રકારની સમસ્યા ધરાવતાં લોકોને મદદરૂપ થઈ શકે છે અને તેમને અસરકારક રીતે માર્ગદર્શન આપી શકે છે.

બેંગાલુરુની ઉત્તરહલ્લીની સરકારી હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓએ અંધજનો માટે અટલ ટિન્કરિંગ પ્લૅટફૉર્મનો ઉપયોગ કરતું ધારણ કરી શકાય તેવું ઉપકરણ બનાવ્યું હતું, જેમાં સેન્સરનો ઉપયોગ થાય અને તે અલ્ટ્રાસોનિક કિરણોનો ઉપયોગ કરીને અવરોધને ઓળખી શકે છે. તે અકસ્માતો ટાળવા તેમને મદદરૂપ થવા વાઈબ્રેશન અને અવાજનો ઉપયોગ કરે છે.

એટીએલ વિદ્યાર્થીઓ આંખોની સમસ્યા ધરાવતાં લોકો માટે અભૂતપૂર્વ સોલ્યુશન્સ પ્રદાન કરવામાં માને છે અને તેમને સરળ છતાં અસરકારક સમાધાન સાથે સપોર્ટ કરવા ઈચ્છે છે.

અત્યારે તમામ ઓફિસ અને બહુમાળી ઈમારતોમાં મોટાં અગ્નિશામકો હોય છે. તેને રાખવા પાછળનું મુખ્ય કારણ સાંકડા રોડ, ટ્રાફિકની ગીચતાને કારણે ફાયર

સર્વિસની સમયસર અનુપલબ્ધતા છે. આ પડકારોનું સમાધાન કરવા ઓછા ખર્ચે, અસરકારક સ્કેલેબલ સમાધાન મેળવવાની જરૂર છે.

ચંદીગઢનાં સેક્ટર ૩૭બીમાં સ્થિત ગવર્મેન્ટ સિનિયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ અટલ ટિન્કરિંગ લેબ્સ મારફતે તેમનાં અભ્યાસ દરમિયાન રિમોટ કન્ટ્રોલ સાઉન્ડ વેવ આધારિત અગ્નિશામક વિકસાવવાનો પ્રયાસ કર્યો છે.

વિદ્યાર્થીઓએ રોબોની ડિઝાઇન બનાવી છે, જે સાઉન્ડ ટેકનોલોજીનો ઉપયોગ કરીને આગનું શમન કરવામાં મદદરૂપ થઈ શકે છે. રોબોનું નિયંત્રણ દૂરસ્થ સ્થળથી આગનું શમન કરવા માટે થઈ શકશે. તેમાં આગ શમાવવા ઓછી ફ્રીકવન્સી ધરાવતાં તરંગો (૪૦થી ૪૦૦ હર્ટ્ઝ)નો ઉપયોગ થાય છે. આ નવીન ટૅક્નોલોજી આધારિત સોલ્યુશન ઓછું વજન ધરાવે છે, જેથી તેનું વહન કરવું સરળ છે.

ચોમાસા દરમિયાન શેરીઓમાં અને માર્ગો પર પાણી ભરાઈ જવાની સમસ્યા ગંભીર છે. અમદાવાદની ધ બેસ્ટ હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓને ભારે વરસાદ દરમિયાન ઘણાં દિવસો ફરજિયાત ઘરે રહેવાની ફરજ પડે છે. તેમની શાળા સુધી દોરી જતો માર્ગ સાધારણ સ્તરથી નીચું સ્તર ધરાવે છે, જેથી વરસાદ દરમિયાન શેરીનાં માર્ગો પર પાણી ભરાઈ જાય છે. કેટલીક વખત નાગરિકો માટે અવરજવર અશક્ય બની જાય છે અને ટ્રાફિકની ગીચતા સમસ્યામાં વધારો કરે છે.

વિદ્યાર્થીઓએ તેમની અટલ ટિન્કરિંગ લેબ મારફતે પ્રોટોટાઈપ પર કામ કર્યું છે, જે વરસાદ કે પૂર દરમિયાન કોઈ પણ વિસ્તારમાં ભરાઈ ગયેલા પાણીને માપે છે અને આ જાણકારી મ્યુનિસિપલ કોર્પોરેશન અને એરિયા સુપરવાઇઝર્સને પણ મોકલે છે, જેથી બહુ મોડું થાય એ અગાઉ યોગ્ય પગલાં લઈ શકાશે.

આ જ પ્રકારની સમસ્યા આસામમાં માલિગાંવનાં કેન્દ્રિય વિદ્યાલય રેલવેનાં વિદ્યાર્થીઓ અનુભવતાં હતાં. તેમણે અલગ અભિગમ અપનાવ્યો છે. તેમણે માર્ગો પર પાણીનાં સ્તરની જાણકારી મેળવવા સ્માર્ટ સિસ્ટમ વિકસાવી છે અને મોબાઇલ ફોન કનેક્ટિવિટી કે એસએમએસ એલર્ટ સિસ્ટમ મારફતે શહેરોનાં વિવિધ વિસ્તારોમાં ડિસ્પેલ મારફતે કમ્પ્યુટર્સને સચેત કરે છે, જેથી ટ્રાફિકની ગીચતા ટાળી શકાય છે. તેમણે વનવિસ્તારની નજીક કોલોનીમાં ચિત્તો પસાર થયો હોય એ સ્થળની જાણકારી આપતા ઉપકરણ પર કામ કરે છે. વન સત્તામંડળની મદદ સાથે એલર્ટ સિસ્ટમ સ્થાપિત કરી શકાશે, જે ચિત્તાએ ક્યાંથી પ્રવેશ કર્યો હતો તેની માહિતી આપે છે અને સાથે સાથે વનમાંથી શહેરમાં જ્યારે ચિત્તો પસાર થાય છે, ત્યારે ઓથોરિટીને એલર્ટ કરે છે. ચિત્તો નાગરિકોને નિશાન બનાવે એ અગાઉ ઉચિત પગલાં લેવા ઓથોરિટીને એલર્ટ મળે છે.

આ સમાધાનો નાનાં લાગી શકે છે, પણ સામાજિક સમસ્યાઓનું સમાધાન કરવા માટે ટૅક્નોલોજી સંચાલિત અભિગમ માટે પ્રોત્સાહક છે. ડો. એપીજે અબ્દુલ કલામ ટૅક્નોલોજી મારફતે સમાજની કાયાપલટ માટે જીવ્યાં હતાં તથા આપણાં દેશનાં વિદ્યાર્થીઓ અને યુવાનોને પ્રોત્સાહિત કરવામાં માનતાં હતાં. તેમનાં જીવનમાંથી દરેક ભારતીય શીખ મેળવી શકે છે. પોતાનાં જીવન દરમિયાન ડો. કલામ પોતાને શિક્ષક તરીકે યાદ કરવામાં આવે તેવું હંમેશા ઈચ્છતાં હતાં. તેઓ જાણતા હતાં કે ભારતનાં વિદ્યાર્થીઓ અને યુવાનો ૨૧મી સદીમાં આપણાં દેશનો મજબૂત પાયો નાંખી શકે છે. તેમનાં ભાષણ યુવાનોને હંમેશા પ્રેરિત કરતાં હતાં. વિદ્યાર્થીઓ અને યુવાનોમાં વિચારોને પ્રેરિત કરવાનો શ્રેષ્ઠ માર્ગ તેમને નવું વિચારવા પ્રોત્સાહિત કરવાનો છે, તેમને આસપાસનાં પડકારો અને સમસ્યાઓનું સમાધાન અવલોકન મારફતે લાવવા પ્રોત્સાહિત કરવાનો છે. તેમને તેમની નિષ્ફળતા અને હકીકતો મારફતે શીખવાની, વિશિષ્ટ બનવા તક આપવાની જરૂર છે. તેમને તેમનાં વિચારો વ્યક્ત કરવાની છૂટ આપવી જોઈએ. ડો. કલામ વિદ્યાર્થીઓ અને યુવાનોને હંમેશા ઊંચું વિચારવા કહેતાં હતાં અને તેમને સમસ્યાઓનું સમાધાન કરવા વિચારોને વ્યવહારિક સ્વરૂપ આપવામાં માનતા હતાં, જે છેવટે નવીનતા તરફ દોરી જાય છે. આ તેમનામાં નવી ચીજવસ્તુઓ શોધવા અને તેમનાં સંશોધન વહેંચવા ક્ષમતા વિકસાવવા પ્રેરિત કરશે. તેનાં પગલે તેમને રચનાત્મક પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન મળશે. યુવાનોને વિજ્ઞાન, ટૅક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ)નું મહત્ત્વ સમજવા દો, જેથી તેઓ તેનો ઉપયોગ કરીને મૂળભૂત સમસ્યાઓનું સમાધાન લાવવા પ્રેરિત થશે. તેનાં પગલે તેમની અંદર વિશ્લેષણાત્મક કૌશલ્ય વિકસશે, જેથી સમસ્યા માટે શ્રેષ્ઠ સમાધાન મળશે. કોઈ પણ વ્યક્તિએ સફળતા મેળવવા સતત શીખતાં રહેવું જોઈએ અને

જાણકારી મેળવવા આકરી મહેતન કરવી જોઈએ. ડો. કલામ હંમેશા વિદ્યાર્થીઓને સમસ્યાઓનું સમાધાન કરવા આગેવાની લેવા પ્રેરિત કરતાં હતાં. શિક્ષકો અને માતાપિતાઓએ પણ સમજવું જોઈએ કે વિકાસ કરવા અને તેમનાં લક્ષ્યાંકો હાંસલ કરવા તેમણે આજીવન વિદ્યાર્થી બની રહેવું જોઈએ. જો તેઓ તેમણે મેળવેલી જાણકારીથી ખુશ રહે, તો તેમને ખરેખર સફળતા મળશે.

બાળકની જેમ દરેક વ્યક્તિને સાથીદારો કે શિક્ષકો સાથે પોતાની રચનાત્મકતા અને સંશોધનને વહેંચવું ગમે છે, જે સૌથી મોટું પ્રેરક પરિબળ હોય છે. સામાજિક પ્રાણી તરીકે આપણે હકારાત્મક પ્રોત્સાહન અને માન્યતા મેળવવા આતુર હોઈએ છીએ – જે બાળક માટે સૌથી મોટું પ્રેરક પરિબળ બને છે. જ્યારે શિક્ષકો અને માતાપિતાઓ સકારાત્મક ટિપ્પણીઓ અને સમર્થન સાથે પોતાના કામની પ્રશંસા થાય છે, ત્યારે સ્ટેમ માટે પ્રેમ અને સન્માન વધે છે. આ પ્રોત્સાહન ટિપ્પણી સ્વરૂપે હોઈ શકે છે અને વર્ગખંડમાં બાળકને પ્રશંસાને પાત્ર બનાવી શકે છે. આ પ્રકારની માન્યતા ઊર્જા, પ્રોત્સાહન વધારે છે તથા નવા અને કાયમી પડકારો મારફતે વિદ્યાર્થીઓને સતત નવું નવું કરવા પ્રેરિત કરે છે. આ જ વાત પુખ્ત વયની વ્યક્તિઓને તેમની વ્યાવસાયિક કારકિર્દીમાં લાગુ પડે છે. સ્ટીવ જોબ્સ, બિલ ગેટ્સ, માઇકલ ડેલ વગેરે ઘણાં ઉદ્યોગસાહસિકોને રાતોરાત સફળતા મળી નહોતી. વિદ્યાર્થીઓએ અનુભવમાંથી શીખવું પડશે, આ અનુભવો નિષ્ણાતોએ તેમનાં ક્ષેત્રમાં શરૂઆતમાં મેળવ્યાં હતાં. તેમને દરેક પ્રશંસા કરે એવી સફળતા મેળવવા અને વ્યક્તિત્વ કેળવવામાં વર્ષો લાગ્યાં હતાં. તેમણે બધાએ સારી ભૂલોને નજરઅંદાજ કરવાને બદલે તેમાંથી બોધપાઠ મેળવ્યો હતો.

એટીએલનો ઉદ્દેશ યુવાનોમાં જિજ્ઞાસા, રચનાત્મકતા અને કલ્પનાશક્તિ વધારવાનો છે. એટીએલ આપણાં દેશની યુવા પેઢી માટે મહત્ત્વપૂર્ણ પ્રશ્નો પર તેમનાં વિચારો અને તેમની કળાને સ્પષ્ટ અને વ્યવસ્થિત રીતે વ્યક્ત કરવા માટે પ્લેટફોર્મ બનશે. લેબ યુવાન વિદ્યાર્થીઓ માટે રચનાત્મક મંચ પ્રદાન કરશે, જે સ્ટેમ શિક્ષણ, સંચાર, રોબોટિક્સ અને અન્ય પ્રાયોગિક સેટઅપ્સ પર કિટ્સ સાથે સજ્જ હશે, જેની મારફતે તેઓ શીખી અને રમી શકે છે. એટીએલ રોજિંદી સમસ્યાઓનું ટેક્નોલોજીકલ સમાધાન પ્રદાન કરવા વિદ્યાર્થીઓ માટે મંચ તરીકે કામ કરશે અને યુવા પેઢીને મોટા પાયે સંશોધન અને નવીનતા માટે પ્રેરિત કરશે. તેમની અંદર ઉદ્યોગસાહસિકતા ખીલવવા વ્યવહારિક તકો અને પ્રાથમિક તબક્કામાં સાથસહકાર આપવા પર્યાપ્ત અવકાશ પ્રદાન કરવામાં આવશે. લેબ આ સાધનો અને વૈજ્ઞાનિક માધ્યમો પ્રદાન કરીને રચનાત્મકતા અને નવીનતા ખીલવવા માટે તેમની અંદર ખંત પેદા કરવા પ્રાયોગિક શિક્ષણની વિભાવનાનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. અત્યારે એટીએલ ભારતનાં ૩૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૯૪૧ માન્યતા પ્રાપ્ત શાળાઓમાં ઊભી કરવામાં આવે છે, જે ભારતનાં ૫૫ ટકા જિલ્લાઓને આવરી લે છે તથા ભારતનાં તમામ જિલ્લાઓ – દેશનાં તમામ સ્માર્ટ સિટીમાં પહોંચ વધારવા ચાલુ વર્ષે ૧૩૦૦થી વધારે એટીએલ ઉમેરી પહોંચ વધારવાનું વિઝન ધરાવે છે. તેઓ આગામી યુવા પેઢી વચ્ચે એટીએલની પહોંચને આવરી લેવાની યોજના ધરાવે છે, પછી યુવાનો શહેરી-ગ્રામીણ નગર કે ગામડાં હોય એ પ્રશ્ન અસ્થાને છે.

આ પહેલને અસરકારક બનાવવા વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને માર્ગદર્શક કાર્યક્રમોનો ભાગ બનશે. આ "રચનાત્મક ભારત – નવીન ભારત"નું સ્વપ્ન સાકાર કરવાની લાંબી સફરની ફક્ત શરૂઆત છે, જેનો આશય રચનાત્મકતા અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે, જેનાં પગલે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન મળશે તથા સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક વિકાસને વેગ મળશે.

ભવિષ્યના ભારતના વિદ્યાર્થી ભારતને એવું બનાવશે, જેનાં પર દરેક ભારતીયને ગર્વ થાય અને ભારત મહાન કેન્દ્ર બને, સમગ્ર દેશમાં વૃદ્ધિ અને વિકાસનો પ્રસાર થાય, પરંપરાગત માળખામાં અસાધારણ સુધારો થાય અને સ્થાયી વિકાસ હાંસલ કરવા નવીનતા સંચાલિત કાયાપલટને પ્રોત્સાહન મળે એવી અભૂતપૂર્વ પહેલો હાથ ધરવાની આદત વિકસશે.

**રીડિંગ્સઃ**

- વિઝ્યુઅલ્સ અને પ્રધાનમંત્રીનું પ્રવચન નીતિ આયોગ દ્વારા આયોજિત ''ચેમ્પિયન્સ ઓફ ચેન્જ'' ઈવેન્ટ દરમિયાન અપાયાં છે.

**લેખક ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી અને ઈનોવેશન ક્ષેત્રના પ્રોફેશનલ છે. તે સંશોધન, આઈપી અને ઈનોવેશન ક્ષેત્રનો ૧૫ વર્ષનો વ્યવસાયિક અનુભવ ધરાવે છે. તે હાલમાં ભારત સરકારના અટલ ઈનોવેશન મિશન , નીતિ આયોગમાં કામ કરી રહ્યા છે.**

**E-mail: pandit.unnat@nic.in**

# ટ્રિપલ તલ્લાક પર ચુકાદોઃ મુસ્લિમ મહિલાઓની જીત

આર. કે. સિંહા



*સર્વોચ્ચ અદાલતે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આ ચુકાદાથી મુસ્લિમ મહિલાઓ ટ્રિપલ તલ્લાકની રૂઢિચુસ્ત અને અન્યાયી પ્રથામાંથી મુક્ત થઈ છે. આ પ્રથામાં મુસ્લિમ પુરુષો ત્રણ વખત તલ્લાક શબ્દો બોલીને મુસ્લિમ મહિલાઓને છૂટાછેડા આપે છે. સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને પણ છ મહિનાની અંદર સંસદમાં ટ્રિપલ તલ્લાક પર કાયદો બનાવવાનો આદેશ આપ્યો છે. ઉપરાંત આ ગાળા દરમિયાન ટ્રિપલ તલ્લાક પર પ્રતિબંધ મૂકી દીધો છે. જો છ મહિનાની અંદર કાયદો નહીં બને, તો સર્વોચ્ચ અદાલત ટ્રિપલ તલ્લાક પરનો તેનો પ્રતિબંધ જાળવી રાખશે.*

*સંપૂર્ણપણે જોઈએ તો દેશ ટ્રિપલ તલ્લાકના કુરિવાજમાંથી મુક્ત થઈ ગયો છે. આપણે એ વાત યાદ કરવાની જરૂર નથી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે સ્વતંત્રતા દિવસના રોજ ઐતિહાસિક લાલ કિલ્લા પરથી તેમનાં ભાષણમાં મુસ્લિમ મહિલાઓને ટ્રિપલ તલ્લાકની અમાનવીય પ્રથા બંધ કરવા કાયદો બનાવવાની ખાતરી આપી હતી.*

સર્વોચ્ચ અદાલતે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આ ચુકાદાથી મુસ્લિમ મહિલાઓ ટ્રિપલ તલ્લાકની રૂઢિચુસ્ત અને અન્યાયી પ્રથામાંથી મુક્ત થઈ છે. આ પ્રથામાં મુસ્લિમ પુરુષો ત્રણ વખત તલ્લાક શબ્દો બોલીને મુસ્લિમ મહિલાઓને છૂટાછેડા આપે છે. સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને પણ છ મહિનાની અંદર સંસદમાં ટ્રિપલ તલ્લાક પર કાયદો બનાવવાનો આદેશ આપ્યો છે. ઉપરાંત આ ગાળા દરમિયાન ટ્રિપલ તલ્લાક પર પ્રતિબંધ મૂકી દીધો છે. જો છ મહિનાની અંદર કાયદો નહીં બને, તો સર્વોચ્ચ અદાલત ટ્રિપલ તલ્લાક પરનો તેનો પ્રતિબંધ જાળવી રાખશે.

મુખ્ય ન્યાયાધીશ જે એસ ખેહર (અત્યારે નિવૃત્ત થઈ ગયા છે) સર્વોચ્ચ અદાલતની પાંચ ન્યાયાધિશોની પેનલે ૩-૨ બહુમતી દ્વારા ટ્રિપલ તલ્લાક પર પ્રતિબંધ મૂક્યો છે. સર્વોચ્ચ અદાલતે ઇતિહાસમાં બોધપાઠ લીધો હતો. અગાઉ વર્ષ ૧૯૮૬માં શાહ બાનો કેસમાં અરજદારની અપીલ સ્વીકારી હતી અને ચુકાદો આપવાને બદલે ટ્રિપલ તલ્લાકના મુદ્દે સંસદને નિર્ણય લેવા જણાવ્યું હતું. જોકે તેમાં પણ સર્વોચ્ચ અદાલતે તેનો ઇરાદો વ્યક્ત કર્યો હતો.

સંપૂર્ણપણે જોઈએ તો દેશ ટ્રિપલ તલ્લાકના કુરિવાજમાંથી મુક્ત થઈ ગયો છે. આપણે એ વાત યાદ કરવાની જરૂર નથી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે સ્વતંત્રતા દિવસના રોજ ઐતિહાસિક લાલ કિલ્લા પરથી તેમનાં ભાષણમાં મુસ્લિમ મહિલાઓને ટ્રિપલ તલ્લાકની અમાનવીય પ્રથા બંધ કરવા કાયદો બનાવવાની ખાતરી આપી હતી.

**માનવતાની જીતઃ અમાવીય પરંપરાની હાર**

તે કહેવું ઉચિત પણ છે કે કાયદો આંધળો છે, નહીં તો ન્યાયની દેવીની આંખો પર પટ્ટી બાંધીને દર્શાવવામાં આવી ન હોત. અનેક રૂઢિચુસ્ત મુસ્લિમ સંગઠનોએ ટ્રિપલ તલ્લાકની પ્રથા જાળવી રાખવાની હિમાયત કરી હોવા છતાં સર્વોચ્ચ અદાલતે તેના ચુકાદામાં મુસ્લિમ મહિલાઓને નવજીવન આપ્યું છે. આ ચુકાદા અગાઉ કહેવાતું હતું કે, આ મુદ્દે સર્વોચ્ચ અદાલતનો નિર્ણય નક્કી કરશે કે માનવતા જીતશે કે મુસ્લિમ સમુદાયની સદીઓ જૂની અમાનવીય પ્રથા.

બંધારણીય પીઠિકાના પાંચ ન્યાયમૂર્તિઓમાંથી ત્રણ ન્યાયમૂર્તિઓ – ન્યાયમૂર્તિ કુરિયન જોસેફ, આર એફ નરિમાન અને યુ યુ લલિતે ટ્રિપલ તલ્લાકને ગેરબંધારણીય ગણાવી હતી. બીજી તરફ ન્યાયમૂર્તિ જે એસ ખેહર અને ન્યાયમૂર્તિ એસ અબ્દુલ નાઝીરનો મત એવો હતો કે આ પ્રથા મુસ્લિમ સમુદાયનાં કાયદાનો ભાગ છે એટલે અદાલત હસ્તક્ષેપ ન કરી શકે. જોકે ત્રણ ન્યાયમૂર્તિઓ ન્યાયમૂર્તિ ખેહર અને ન્યાયમૂર્તિ નાઝીરનાં અભિપ્રાય સાથે સંમત થયા નહોતાં. ત્રણ ન્યાયમૂર્તિઓએ તલ્લાકને બંધારણની કલમ ૧૪ (સમાનતાના અધિકાર)નાં ઉલ્લંઘન સમાન પ્રથા ગણાવી હતી.

આ ચુકાદાનો અર્થ છે કે અદાલતે ટ્રિપલ તલ્લાકની પ્રથાને ગેરબંધારણીય ગણાવી છે. ઉપરાંત એ હકીકતનો ઉલ્લેખ પણ કર્યો છે કે કેટલાંક ઈસ્લામિક દેશોએ પણ



ટ્રિપલ તલ્લાકની પ્રથા ફગાવી દીધી છે. આ સ્થિતિમાં અદાલતે પ્રશ્ન ઉઠાવ્યો છે કે ભારતે શા માટે આ પ્રથા રદ ન કરવી જોઈએ? એટલું જ નહીં અદાલતે સંસદને છ મહિનાની અંદર આ મુદ્દે સંસદને કાયદો બનાવવા પણ જણાવ્યું છે.

**ટ્રિપલ તલ્લાક પાપ છે**


ટ્રિપલ તલ્લાકને મુસ્લિમોના મૂળભૂત અધિકારોનો ભાગ ગણાવી મુખ્ય ન્યાયમૂર્તિ જે એસ ખેહર અને ન્યાયમૂર્તિ એસ અબ્દુલ નાઝીરે કહ્યું હતું કે, ન્યાયતંત્રએ તેમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ. જોકે ન્યાયમૂર્તિઓ એ વાત સાથે સંમત હતાં કે ટ્રિપલ તલ્લાક પાપ છે અને સરકારે કાયદો બનાવીને આ અંગે ઉચિત નિર્ણય કરવો જોઈએ. તેમાં શંકાને સ્થાન નથી કે કેન્દ્ર સરકાર હવે મુસ્લિમ મહિલાઓને સક્ષમ બનાવવા અસરકારક કાયદો બનાવશે.

જો કોઈ વ્યક્તિ ભારતમાં મુસ્લિમ મહિલાઓની સ્થિતિ સમજવા ઇચ્છતી હોય, તો તેણે અબ્દુલ્લા બિસ્મિલ્લાની નવલકથા – 'ઝીણી ઝીણી બિની ચદરિયા'નો અભ્યાસ કરવો જોઈએ. આ નવલકથામાં થોડાં મુસ્લિમ પરિવારોની વાત કરવામાં આવી છે, જેમાં મુસ્લિમ મહિલાઓને ત્રીજી કક્ષાના કે ઊતરતી કક્ષાના મનુષ્યો ગણવામાં આવે છે. લેખક નવલકથામાં એક પાત્ર મારફતે કહે છે કે, "છેવટે મહિલાઓનું સ્થાન શું છે? મહિલાઓની ઉપયોગિતા શું છે? મહિલાઓ ફક્ત રસોઈ બનાવવા, જાતીય ભૂખ સંતોષવા, બાળકો પેદા કરવાનું માધ્યમ જ છે. જો તે આ પ્રકારની કામગીરી ન કરી શકે તો તલ્લાક, તલ્લાક અને તલ્લાક."

**મુસ્લિમ મહિલાઓનું દુશ્મન કોણ છે?**

જ્યારે ઉદાર વિચારસરણી ધરાવતી મુસ્લિમ મહિલાઓએ ટ્રિપલ તલ્લાક સામે આંદોલન શરૂ કર્યું હતું, ત્યારે ઘણા મુસ્લિમ રાજકારણીઓએ તેમને મુસ્લિમ સમુદાયના હિતોની વિરોધી ગણાવી હતી અને તેમનો વિરોધ કરવાની શરૂઆત કરી હતી. ઉપરાંત મીડિયામાં વિવિધ ચર્ચાવિચારણામાં આ રાજકારણીઓએ સરકારને ટ્રિપલ તલ્લાક સામે લડાઈ શરૂ કરવા બદલ ઇંટનો જવાબ પત્થરથી આપવાની ધમકી આપી હતી. છતાં અનેક મુલ્લા અને ઉલેમાઓની ચર્ચામાં એક પણ મહિલાઓને સામેલ કરવામાં આવી નહોતી. ૨૧મી સદીમાં પણ સ્વયંભૂ મુસ્લિમ નેતાઓ ઇચ્છે છે કે મુસ્લિમ મહિલાઓ મધ્યયુગની અમાનવીય પ્રથાઓ અને કુરિવાજોનું પાલન કરે. આ પ્રકારની માનસિકતા ધરાવતા રાજકારણીઓ નિર્લજ્જપણે સરકારના ઉદારવાદી અભિગમનો વિરોધ કરી રહ્યાં છે.

તેમણે હકીકતમાં પૂછવું જોઈએ કે ટ્રિપલ તલ્લાકનો વિરોધ કરવા સરકાર સાથે લડવા સિવાય તેઓ શું કરે છે? જ્યારે સર્વોચ્ચ અદાલત પાસે આ મુદ્દો વિચારાધિન હતો, ત્યારે હું મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડનાં સભ્યોનાં સંપર્કમાં આવ્યો હતો. મેં તેમને થોડાં પ્રશ્નો પૂછ્યાં હતાં. પ્રથમ, ટ્રિપલ તલ્લાકથી તમારી દિકરીઓ અને મહિલાઓ સક્ષમ બનશે. પણ હિંદુને તેની સાથે શું સંબંધ છે? હકીકતમાં ટ્રિપલ તલ્લાક રદ થવાથી મુસ્લિમ સમુદાયની મહિલાઓને જ લાભ થયો છે. હિંદુ સમાજને તેની સાથે કશો સંબંધ નથી.



બીજું, જ્યારે તમામ મુસ્લિમ દેશોએ ટ્રિપલ તલ્લાકની પ્રથાને ફગાવી દીધી છે, ત્યારે ઈસ્લામનાં કાયદાનું ઉલ્લંઘન થતું નથી. તો ભારતમાં આ સદીઓ જૂની અને અમાનવીય પ્રથા પર પ્રતિબંધ મૂકવાથી તેમને ઈસ્લામ જોખમમાં હોવાનું શા માટે લાગે છે કે પછી મુસ્લિમોના અધિકારો પર તરાપ મારવામાં આવે છે એવો ડર શા માટે સતાવે છે? જે વ્યક્તિને આ પ્રશ્નો પૂછ્યાં હતાં તેમની પાસે કોઈ જવાબ નહોતાં. જો આ સમુદાય હજુ પણ અંધકાર યુગમાં જીવશે, તો તેના માટે કથિત મુસ્લિમ આગેવાનો જ જવાબદાર હશે.

મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, કુરાન કે હદીસમાં તલ્લાકનો ઉલ્લેખ સુદ્ધાં નથી. હકીકતમાં કુરાનમાં એક જગ્યાએ સ્પષ્ટપણે કહેવાયું છે કે અલ્લાહ વિવિધ બાબતોને ધિક્કારે ગણે છે, નાપાક ગણે છે અને તલ્લાક તેમાં ટોચનાં સ્થાને છે. રસૂલે કે નબીએ તેમની પત્નીઓને તલ્લાક આપ્યાં નહોતાં. હા, તેમાંથી કેટલાંક આ મુદ્દે અલગઅલગ અભિપ્રાય ધરાવતાં હતાં, પણ તેમણે તેમની પત્નીઓને અલગ-અલગ જગ્યાએ ખસેડી હતી, તેમને તમામ સુવિધાઓ આપી હતી અને સંપૂર્ણ નજર હેઠળ રાખી હતી તેમજ સારી સારસંભાળ રાખી હતી.

લગ્ન, તલ્લાક અને ખોરાકી માટે સારી જોગવાઈનાં અભાવે મોટા ભાગની મુસ્લિમ મહિલાઓનું જીવન નરક સમાન બની જાય છે. ચોક્કસ, મુસ્લિમ સમુદાયનું તેમની મહિલાઓ પ્રત્યે વર્તન ભેદભાવયુક્ત છે. પણ હવે સ્થિતિ બદલાશે. જ્યારે મોટા ભાગનાં મુસ્લિમ પુરુષો ટ્રિપલ તલ્લાકની તરફેણ કરતાં હતાં, ત્યારે મહિલાઓએ તેમનો ઉચિત વિરોધ કર્યો હતો.

ભારતીય મુસ્લિમ મહિલા આંદોલન (બીએમએમએ)એ હાથ ધરેલા સર્વેમાં ખુલાસો થયો હતો કે, ભારતમાં ૯૨.૧ ટકા મુસ્લિમ મહિલાઓ મૌખિક અને તાત્કાલિક તલ્લાક પ્રથાનો અંત લાવવાની તરફેણ કરે છે. સર્વોચ્ચ અદાલતના ઐતિહાસિક ચુકાદા પછી મુસ્લિમ મહિલાઓની ઈચ્છા પૂર્ણ થઈ છે. છતાં તેમને નક્કર અને અસરકારક કાયદાની રાહ જોવી પડશે.

હવે અદાલતના આદેશનું પાલન કરીને સરકારે મુસ્લિમ મહિલાઓના અધિકારોનું રક્ષણ કરવા કડક કાયદો બનાવવો પડશે, જેનાં પરિણામે તેમનું જીવન સુધરશે. અને છ મહિના રાહ શા માટે જોવી? સરકારે સંસદનાં શિયાળુ સત્રમાં ખરડો પસાર કરીને કાયદો બનાવવો જોઈએ. આ રીતે મોદી સરકાર મહિલાઓને સમાન દરજ્જા અને અધિકારો પ્રદાન કરવા દ્રઢ છે.

**લેખક રાજ્યસભાના સભ્ય છે અને હિન્દુસ્તાન સમાચાર ન્યુઝ એજન્સીના ચેરમેન છે.**

**E-mail: rkishroe.sinha@sansad.nic.in**

## Subscription Coupon

[For New Membership / Renewal / Change of Address] (Tick Mark)

I want to subscribe to
**Yojana** : 1 Yr. **₹. 230/-;** **Yojana** : 2 Yr. **₹. 430/-;** **Yojana** : 3 Yr **₹. 610/-;**
**(Gujarati)** (Circle the period of subscription)

DD / MO No. ____________ Date ____________

Full Name (in block letters) : ____________

Subscriber's profile : Student / Academician / Institution / Library / Others

Complete Address : ____________

Email ID : ____________

Phone No. : ____________

Pincode : ☐☐☐☐☐☐

Please allow us 4 to 6 weeks for the despatch of the first issue.
For Renewal / change in address, please quote your subscription number with all the details above.
લવાજમ મનીઓર્ડર, ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ, અંબિકા કોમ્પલેક્ષ, યુકો બેન્કની ઉપર, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭ ના સરનામે મોકલવું અથવા **(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana (2) http://yojana.gov.in/ (3) http://publicationsdivision.nic.in/Subscription.aspx** ઉપરથી ઓનલાઈન પણ ભરી શકાશે.

# નૂતન ભારતમાં કૌશલ્ય અને ઉદ્યોગ સાહસિકતા વિકાસ

**અમિત કુમાર દ્વિવેદી,**
**સરવાનન વેલ્યુસામી**

સરકારે દેશમાં ગુણવત્તા ધરાવતા શ્રમિકો અને રોજગાર પ્રાપ્યતાની સમસ્યા હલ કરવા માટે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા (MSDE) માટે એક નવા મંત્રાલયની રચના કરી છે. કૌશલ્ય વિકાસ અંગેની રાષ્ટ્રીય નીતિમાં દર્શાવવામાં આવ્યું છે કે ટૅક્નોલૉજીકલ વિકાસ અને શ્રમ બજારની માંગ મુજબ શ્રમદળમાં રોજગારપાત્રતા વધારવી જોઈએ. આ નીતિનો ઉદ્દેશ દેશમાં અર્થતંત્રમાં ઉત્પાદકતા વધારવાનો અને સ્પર્ધાને મજબૂત બનાવવાનો છે, કે જેથી દેશ ગરીબોનું જીવનધોરણ ઊંચુ લાવી શકે.

પ્રધાન મંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY) એ એક કૌશલ્ય વિકાસ કાર્યક્રમ છે, જે ઉદ્યોગો માટે જરૂરી એવું સાનુકૂળ કૌશલ્ય હસ્તગત કરીને યુવાનોને અર્થપૂર્ણ રોજગારી આપવાનું કામ કરે છે. આ એક ફ્લેગશીપ પ્રોગ્રામ છે. આ કાર્યક્રમમાં સામેલ થનારા યુવાનોને સર્ટિફિકેશન દ્વારા જ્ઞાન અને કૌશલ્ય મેળવવામાં સહાય કરે છે. જે લોકો પાસે અગાઉનો અનુભવ અથવા તો કૌશલ્ય હોય તો તેનું આકલન (assesement) કરીને અગાઉના અભ્યાસને માન્યતા (RPL) આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ ટૂંકા ગાળાના અભ્યાસક્રમો PMKVY તાલીમ કેન્દ્રો દ્વારા ચલાવવામાં આવે છે. સ્કિલ ઈન્ડિયા માટેનું લક્ષિત ગ્રુપમાં જે લોકો જોબ માર્કેટમાં પ્રવેશનાર છે એવા તમામ લોકોનો સમાવેશ કરાય છે. આ ઉપરાંત એમાં જે લોકો સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રમાં છે તેમને પણ આવરી લેવાયા છે.

છેલ્લા બે દાયકા દરમ્યાન સતત ૭ ટકાના સરેરાશ જીડીપી વૃધ્ધિ દર સાથે ભારતનું અર્થતંત્ર વિશ્વના સૌથી મોટા અર્થતંત્રોમાંનું એક છે. વિકસતા રાષ્ટ્રોમાં ભારતને નવા ઔદ્યોગિકીરણ કરાયેલા અર્થતંત્ર તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ દેશે હજુ તેની જંગી યુવા વસતિના પ્રમાણમાં વસતિ વિષયક ડિવિડંડ (demographic dividend) મેળવવાનું બાકી છે. ઔદ્યોગિક ઉત્પાદન, શહેરીકરણ અને ગામડાંમાંથી શહેરો તરફ રોજગારીના હેતુથી સ્થળાંતરને કારણે અર્થતંત્ર વૃદ્ધિ તરફ આગળ ધપી રહ્યું છે. દેશની જીડીપીમાં સર્વિસ સેક્ટર સૌથી મોટું પ્રદાન આપે છે. એ પછી, ઉદ્યોગ અને ખેતીનો સમાવેશ થાય છે. અંદાજે દેશનું અડધુ શ્રમદળ સ્વરોજગાર દ્વારા રોજી મેળવે છે અને તેમાંના અંદાજે ૯૩ ટકા લોકો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારતમાં કામ કરતા લોકોની વસતિ ૧૭૦ મિલિયનના આંકડાને સ્પર્શી જશે તેવો અંદાજ મૂકવામાં આવ્યો છે. આ અંદાજ શ્રમદળની સામેલગીરીમાં વધારો અને વધતા જતા ઉચ્ચ શિક્ષણમાં વધારો તથા વધુને વધુ લોકો ઉચ્ચ શિક્ષણ મેળવતા થયા છે અને જે રીતે નવા પ્રવેશનારની સંખ્યા વધતી જાય છે તેને આધારે મુકવામાં આવ્યો છે. આથી આપણે જો આપણા યુવા શ્રમદળને હજુ તાલીમ નહી આપીએ તો આપણે વસતિ વિષયક લાભ (demographic dividend)તો ગૂમાવીશું જ અને સાથે સાથે કામ કરવાની વય ધરાવતી ગતિશીલ વસતિમાં પણ ઘટાડો થશે, કારણ કે આ લોકો પણ વસતિ વિષયક ડિવિડન્ડને વસતિ વિષયક આફતમાં પલટી શકે તેમ છે. રોજગારીની તકોનું નિર્માણ અને રોજગારપાત્ર યુવાનોની વસતિ એક બીજા સાથે કદમ મિલાવીને ચાલવાં જોઈએ.

### કૌશલ્યની અછત

ગુણવત્તાયુક્ત શિક્ષણના અભાવે યુવાનોની રોજગારપાત્રતામાં અછતનું ઊંચુ પ્રમાણ જોવા મળે છે. રોજગારીની તકોની અછતને કારણે જોબ માર્કેટમાં સ્પર્ધાનું પ્રમાણ વધ્યું છે. વ્યવસાયલક્ષી તાલીમ અને કૌશલ્યની તાલીમને પ્રોત્સાહન આપવા માટે ભંડોળના અભાવને કારણે બિન-કુશળ શ્રમ દળમાં વધારો થયો છે. આમાંના મોટા ભાગના લોકો દેશમાં અસુરક્ષિત વાતાવરણ વચ્ચે કામ કરી રહ્યા છે. આને કારણે શાળા અને કોલેજોમાં ભણતર અધૂરું છોડવાના કિસ્સાઓ પણ ચાલુ રહે છે અને ઉદ્યોગસાહસિકતા માટે પ્રોત્સાહનના તથા પ્રેરણાના અભાવને કારણે દેશના યુવાનોમાં વ્યાપક બેરોજગારી જોવા મળી રહી છે. ભારત સરકારે રોજગારીની વધુ તકો પેદા કરવા અને દેશમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટેની પ્રતિજ્ઞા લીધી છે. અંદાજપત્ર રજૂ કરતી વખતે કેન્દ્રના નાણાં પ્રધાન શ્રી અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે "યુવાનોને શિક્ષણના માધ્યમથી, કૌશલ્ય અને નોકરીઓ દ્વારા ઊર્જાબધ્ધ કરવાની બાબતને સરકાર અગ્રતા આપી રહી છે. આમ છતાં



રોજગાર વૃદ્ધિ સ્થગિત છે અને જે કોઈ પ્રયાસો થયા છે તેનો ઘણીવાર પ્રતિભાવ મળ્યો નથી. કુલ શ્રમ દળના માત્ર ૧૦ ટકા લોકો જ થોડીક કૌશલ્ય તાલીમ મેળવે છે એવું અર્નસ્ટ એન્ડ યંગના એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે. હાલની તાલીમની પદ્ધતિમાં ક્ષમતા નિર્માણ, તાલીમમાં ગુણવત્તા અને સુસંગતતાની જાળવણી, સંસ્થાકીય તંત્ર વ્યવસ્થા (institutional mechanisms)નું નિર્માણ અને તાલીમના આવા પ્રયાસોને ભંડોળ પૂરું પાડવાની બાબતોનો કૌશલ્ય વિકાસના કેટલાંક પડકારોમાં સમાવેશ થાય છે અને રિપોર્ટમાં જણાવાયું છે કે સરકારે આગામી વર્ષોમાં આ પડકારોનો વધુ સામનો કરવો પડશે."

**રોજગાર પાત્ર શ્રમ દળનું સર્જન**

ASSOCHAM-TISS ના એક અભ્યાસમાં ધ્યાન દોરવામાં આવ્યું છે કે ભારત નવા સ્ટાર્ટઅપ્સના રેકિંગ અને વૃદ્ધિ બાબતે સારી કામગીરી દર્શાવી શક્યું નથી. રાજ્ય અને કેન્દ્રની યુનિવર્સિટીઓ જેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સંશોધન માટેની માળખાગત સુવિધાઓ અને ઉદ્યોગસાહસિકતા વિકાસ માટે ભંડોળ મેળવવામાં મુશ્કેલી અનુભવી રહી છે તેવું આ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે. આ રીતે દેશમાં ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્ર સુધારા માટે કૌશલ્ય એ એક માત્ર માર્ગ છે. આ ઉપરાંત નજીકના ભવિષ્યમાં એક કૌશલ્યપૂર્ણ શ્રમ દળ ઊભું કરવાની જરૂર છે. સરકાર પણ માંગ અને પુરવઠા વચ્ચે અસમતુલા, તાલીમ કાર્યક્રમોના વિકાસનો અને ટકાઉપણાંનો વ્યાપ વધારવો, મોટા પાયે હાથ ધરાતા તાલીમ કાર્યક્રમો માટે જરૂરી સુવિધાઓ અને માળખાગત સગવડો પૂરી પાડવી તથા સારી ગુણવત્તા ધરાવતા સારા ટ્રેઈનર્સની ભરતી કરવી તે એક માત્ર માર્ગ રહ્યો છે. અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે કે એકંદરે અર્થતંત્ર માટે રોજગારપાત્ર વિવિધ લાભાર્થીઓના નિર્માણ માટે પ્રયાસો અને નિપુણતા વચ્ચે તાલમેલ અને એકરૂપતા દ્વારા વ્યવસાયલક્ષી શિક્ષણને ગતિશીલ બનાવવું જોઈએ તથા કૌશલ્ય વિકાસના પ્લેટફોર્મ્સ ઓળખી કાઢવાં જોઈએ.

**સ્કિલ ઈન્ડિયા પ્રોગ્રામ**

સરકારે દેશમાં ગુણવત્તા ધરાવતા શ્રમિકો અને રોજગાર પ્રાપ્યતાની સમસ્યા હલ કરવા માટે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા (MSDE) માટે એક નવા મંત્રાલયની રચના કરી છે. કૌશલ્ય વિકાસ અંગેની રાષ્ટ્રીય નીતિમાં દર્શાવવામાં આવ્યું છે કે ટૅક્નોલૉજીકલ વિકાસ અને શ્રમ બજારની માંગ મુજબ શ્રમદળમાં રોજગારપાત્રતા વધારવી જોઈએ. આ નીતિનો ઉદ્દેશ દેશમાં અર્થતંત્રમાં ઉત્પાદકતા વધારવાનો અને સ્પર્ધાને મજબૂત બનાવવાનો છે, કે જેથી દેશ ગરીબોનું જીવનધોરણ ઊંચુ લાવી શકે.

પ્રધાન મંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY) એ એક કૌશલ્ય વિકાસ કાર્યક્રમ છે, જે ઉદ્યોગો માટે જરૂરી એવું સાનુકૂળ કૌશલ્ય હસ્તગત કરીને યુવાનોને અર્થપૂર્ણ રોજગારી આપવાનું કામ કરે છે. આ એક ફ્લેગશીપ પ્રોગ્રામ છે. આ કાર્યક્રમમાં સામેલ થનારા યુવાનોને સર્ટિફિકેશન દ્વારા જ્ઞાન અને કૌશલ્ય મેળવવામાં સહાય કરે છે. જે લોકો પાસે અગાઉનો અનુભવ અથવા તો કૌશલ્ય હોય તો તેનું આકલન (assesment) કરીને અગાઉના અભ્યાસને માન્યતા (RPL) આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ ટૂંકા ગાળાના અભ્યાસક્રમો PMKVY તાલીમ કેન્દ્રો દ્વારા ચલાવવામાં આવે છે. સ્કિલ ઈન્ડિયા માટેનું લક્ષિત ગ્રુપમાં જે લોકો જોબ માર્કેટમાં પ્રવેશનાર છે એવા તમામ લોકોનો સમાવેશ કરાય છે. આ ઉપરાંત એમાં જે લોકો સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રમાં છે તેમને પણ આવરી લેવાયા છે.

| શ્રમ દળ | | જેમને કૌશલ્ય આપવાનું છે તેવા લોકોની સંખ્યા |
|---|---|---|
| ૧. | પ્રથમ વખત નોકરીમાં પ્રવેશનાર લોકો (Freshers) | અંદાજે ૧૨.૮ મિલિયન લોકો (દર વર્ષે) |
| ૨. | સંગઠિત ક્ષેત્રના શ્રમિકો | ૨૬ મિલિયન |
| ૩. | અસંગઠિત ક્ષેત્ર | ૪૩૩ મિલિયન |
| ૪. | વર્ષ ૨૦૨૨ સુધીમાં જેમને કૌશલ્ય માટે લક્ષિત કરાયા છે તેવા શ્રમિકો | ૫૦૦ મિલિયન |
| ૫. | એનએસડીસીની હાલની ક્ષમતા | વાર્ષિક ૩.૧ મિલિયન |

● આ આંકડાઓ વર્ષ ૨૦૦૪-૦૫ના છે.
સ્રોતઃ નેશનલ પોલિસી ઓન સ્કીલ ડેવલપમેન્ટ ૨૦૧૫

ઉપર જે કોઠો દર્શાવ્યો છે તેનાથી આપણને એવી સમજ પ્રાપ્ત થાય છે કે સ્કિલ ઈન્ડિયા એ એક મહત્વાકાંક્ષી કાર્યક્રમ છે અને તેનો ઉદ્દેશ વિવિધ ક્ષેત્રના શ્રમિકોને ભિન્ન પ્રકારના કૌશલ્યો પૂરા પાડવાનો છે અને એ દ્વારા એક એવા પ્રતિભા સમૂહ (talent pool) નું નિર્માણ કરવાનું છે કે જેની તમામ ઔદ્યોગિક ક્ષેત્રોને તાતી જરૂરિયાત હોય.

PMKVY હેઠળની યોજનાઓનું અમલીકરણ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) દ્વારા કરવામાં આવે છે. અન્ય શૈક્ષણિક સંસ્થાઓ અને આયોજકોને ઉદ્યોગસાહસિકતા, સોફ્ટ સ્કીલ્સ, ફાયનાન્સ વગેરે જેવા વિશિષ્ટ ક્ષેત્રોમાં તાલીમ માટેનું પ્લેટફોર્મ ઉભું કરવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે. દેશમાં તાલીમ, કન્સલ્ટન્સી, સંશોધન વગેરે માટે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર આંત્રપ્રિનિયોર્શીપ એન્ડ સ્મોલ બિઝનેસ ડેવલપમેન્ટની સ્થાપના કરવામાં આવી છે. ઈન્સ્ટિટ્યૂટ આંત્રપ્રિનિયોરશિપ- કમ- સ્કિલ ડેવલપમેન્ટના અભ્યાસક્રમો, ટ્રેઈનર્સને ટ્રેનીંગ અને આંત્રપ્રિનિર્યોશીપના અન્ય કાર્યક્રમો હાથ ધરે છે.

### ઉદ્યોગસાહસિકતા ઊભી થાય તેવું વાતાવરણ રચવું

યુનિવર્સિટીઓ તેમના સ્ટાર્ટ-અપ વેન્ચર્સમાં વિદ્યાર્થીઓની ઉદ્યોગસાહસિકતાને સહાય પૂરી પાડવા માટે ઈન્ક્યુબેશન સેન્ટર્સની સ્થાપના કરીને મેન્ટર્સની નિમણૂક કરે છે. ઈનોવેટિવ બિઝનેસ મોડલ્સ અને ટેક્નોલોજી પ્રોડક્ટસને સહાય માટે વિવિધ રાજ્ય સરકારોએ તેમના મોટા શહેરો ઉપરાંત વર્ગ-૨નાં નગરોનું પણ સ્ટાર્ટ-અપ મથકોમાં રૂપાંતર કર્યું છે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય પણ મેન્ટર્સ, સાથી તાલીમાર્થીઓ અને ઈન્ક્યુબેટર્સને આંત્રપ્રિનિયોરશિપના ઈ-હબ્ઝનું મજબૂત નેટવર્ક ઉભું કરવામાં મદદ કરે છે. આથી સરકારો ઉદ્યોગસાહસિકતાની ભાવનાને આર્થિક પ્રગતિના ઉદ્દેશથી મદદ કરવાની ઈચ્છા દર્શાવતી હોય છે.



ISEED દ્વારા હાથ ધરાયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે જેમનો સર્વે કરવામાં આવ્યો હતો તેમાંથી ૮૭ ટકા જેટલા વિદ્યાર્થીઓ જીવનમાં કોઈક તબક્કે ઉદ્યોગસાહસિક બનવાની મહેચ્છા ધરાવતા હોય છે અને તેમાંથી બહુમતી (૯૦ ટકા) માને છે કે આ દેશ ઉદ્યોગસાહસિકતાની ભરપૂર તકો ધરાવે છે. આ અભ્યાસ અહેવાલમાં દર્શાવ્યા મુજબ પોતાના આર્થિક રીતે સબળ સાથીઓની તુલનામાં આર્થિક રીતે નબળા વર્ગનાં (૪૯ ટકા) લોકો ઉદ્યોગસાહસિકતાની વધુ મહત્વાકાંક્ષા ધરાવતા હોય છે. (બિઝનેસ સ્ટાન્ડર્ડ ૨૦૧૩) આપણને જોવા મળે છે કે આપણાં યુવાનોમાં ઉદ્યોગસાહસિકતા માટેની રૂચિ વધતી જાય છે.

નવા યુગમાં બિઝનેસ કરવા ઈચ્છતા લોકો અને ઈનોવેટર્સમાં સાહસિકપણું અને ઉદ્યોગસાહસિકતા જેવી ક્ષમતા આવશ્યક ગુણ બની રહે છે. અર્થતંત્ર પણ વધુને વધુ પ્રમાણમાં જ્ઞાન આધારિત બની રહ્યું છે. આધુનિક વર્કપ્લેસ કલ્ચર નોકરીની ક્ષમતા ધરાવતા લોકોમાં નવા કૌશલ્ય અને અભિગમોની અપેક્ષા ધરાવતું હોય છે. માનવ મૂડીમાં વધુને વધુ સ્પર્ધાત્મકતા માટે ભારતના કૌશલ્ય વિકાસ અને રોજગાર તાલીમ કાર્યક્રમોમાં




અતિ આધુનિક સ્કિલ-સેટ અને પ્રગતિલક્ષી કાર્ય અભિગમ આવશ્યક બની રહે છે.

**ઉદ્યોગસાહસિકતાના શિક્ષણ દ્વારા રોજગારપાત્રતા આપી શકે તેવા કૌશલ્યો**

ઉદ્યોગસાહસિક તકો માટેના વાતાવરણની ચકાસણી કરે છે અને અવરોધો અને પડકારો હોવા છતાં પણ સાધનોને ગતિશીલ બનાવીને વેરવિખેર બજારમાં ઈનોવેટિવ બિઝનેસ પ્રોડક્ટ અને વ્યૂહરચનાઓ દ્વારા સમાજમાં નવું વાતાવરણ ઊભું કરે છે. આવા લોકો સ્વતંત્ર દિમાગના હોય છે અને પોતાના સર્જનાત્મક ગુણોને કામે લગાડીને ઈનોવેશનને આગળ ધપાવે છે અને સમાજને બહેતર બનાવવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. તેમનામાં સિદ્ધિ મેળવવા માટેની પ્રેરણા અને ઉદ્યોગસાહસિકતાના ગુણો હોય છે. તે પોતાની ક્ષમતાનો સમસ્યા નિવારણ અને ટીમનું નિર્માણ કરવામાં ઉપયોગ કરે છે. સાહસિકતા અને નવા બિઝનેસનું સર્જન કરવા માટે સતત પ્રયાસો કરવાનું જરૂરી બને છે અને વ્યક્તિમાં તરવરીયાપણું અને ઉદ્યોગસાહસિકની ક્ષમતા હોય તો વિવિધ કૌશલ્યો દ્વારા અનિશ્ચિત બજારમાં અને બિઝનેસના અત્યંત સ્પર્ધાત્મક

| વર્કશોપ | સેમિનાર |
|---|---|
| બિઝનેસની તકો પારખવી, સમાન પ્રકારના બિઝનેસના વિકાસ માટે આવશ્યક લાભ પારખવા, કર્મચારીઓને માનવ મૂડીનો વિકાસ સમજીને તેમનું ગ્રુમીંગ કરવું | આઈપીઆર, બિઝનેસ લો ઝ, કાનૂની માળખું બ્રાન્ડીગ અને વિજ્ઞાપન |

વાતાવરણમાં પણ ટકી રહે છે.

આ રીતે ઉદ્યોગસાહસિક માટેના કૌશલ્યો એ સુસંકલિત સ્કિલ-સેટનો સમૂહ છે, જેમાં નેટર્વકીંગ અને પબ્લિક રિલેશન્સ, ગોલ સેટીંગ-કેરિયર પ્લાનીંગ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ, કોમ્યુનિટીની ક્ષમતા અને અન્ય સોફ્ટસ્કિલ્સ આવશ્યક બની રહે છે. કારકિર્દીના સ્પષ્ટ હેતુથી શિક્ષણ લેવાયું હોય તો ઉદ્યોગસાહસિકતાની અસરકારકતા વધે છે અને અટપટી પરિસ્થિતિમાં જ્ઞાન, કૌશલ્ય અને અભિગમ દ્વારા કોઈપણ ઉદ્યોગસાહસિકના સાહસમાં ઉભી થતી સમસ્યાઓ નિવારી શકાય છે.

આંત્રપ્રિનિયોર્શીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, અમદાવાદ કે જેની સ્થાપના દેશના યુવાનોને ઉદ્યોગસાહસિકતાનું ઘનિષ્ટ શિક્ષણ અને તાલીમ માટે કરવામાં આવી હતી તે બાળકો માટે પણ કાર્યક્રમોનું સંચાલન કરે છે, કે જેથી તેમનામાં આત્મવિશ્વાસ અને ઉદ્યોગસાહસિકતાલક્ષી પ્રેરણામાં વૃદ્ધિ થાય અને તેમની ઉદ્યોગસાહસિકતાની સ્વયંસ્ફૂર્તિ પ્રબળ બને. આ અભિગમ બાળકને તેમના જીવનમાં જોખમ ઉપાડવું, રચનાત્મક વિચારણા કરવી, સંઘર્ષની વચ્ચે સંચાલન કરવું, અસરકારક કોમ્યુનિકેશન કરવું અને વિવિધ રમતો અને કવાયતો દ્વારા ટીમ વર્ક વડે કાર્ય પ્રેરણા ઉભી કરવા જેવી ઉદ્યોગસાહસિકતાની લાક્ષણિકતાઓને સતેજ બનાવાય છે. દેશમાં ૧.૫ મિલિયન શાળાઓ છે અને ૩૧૫ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓ નોંધાતા રહે છે. ભારત એ દુનિયાની સૌથી મોટી શાળાકીય શિક્ષણની સિસ્ટમ છે. જો, એકમની સ્થાપના માટે કૌશલ્ય, તાલીમ અને અભિરૂચિ પેદા કરવામાં આવે તો ઉદ્યોગસાહસિકતાની શરૂઆત શાળાઓ અને વિદ્યાર્થીઓથી થાય અને ભવિષ્યમાં તે રોજગારી નિર્માતા બની શકે.

**સ્કિલ-પ્રિનિયોર્શીપ પ્રવૃત્તિઓ**

**ઉદ્યોગસાહસિકો માટે સોફ્ટ**

**સ્કિલની તાલીમ:** જૂથમાં કામ કરવાની ક્ષમતા, નેતૃત્વના ગુણો, ભાષાના કૌશલ્યો, વ્યક્તિગત ટેવો વગેરે વ્યક્તિમાં ઉદ્યોગસાહસિકતાની ક્ષમતાના વિકાસ માટે મહત્વનો હિસ્સો બની રહે છે. કૌશલ્યો અને ઉદ્યોગસાહસિકની ક્ષમતા વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રો અને પોર્ટફોલિયો માટે તબદીલ થઈ શકે છે. આથી જે કોઈ વ્યક્તિ પોતાનું નવું એકમ સ્થાપવા માંગતો હોય તેણે ઉદ્યોગસાહસિકતાની અને સંલગ્ન કૌશલ્યોની પાયાની તાલીમ મેળવવી જોઈએ, કે જેથી તે પોતાના વ્યવસાયમાં સફળ નિવડી શકે.

**નવા એકમની રચના અને વિકાસ માટે ટાસ્ક આધારિત ટ્રેનિંગ સેશન્સ અને અન્ય ઉપયોગી વિષયો:** સ્કિલ બેઝડ મોડેલ કેનવાસ ડેવલપમેન્ટ, બિઝનેસ પ્લાનની તૈયારી, બજારનો સર્વે કઈ રીતે કરવો, દસ્તાવેજીકરણ કઈ રીતે કરવું અને બી-પ્લાન કઈ રીતે કરવો, સ્થાનિક ઈનોવેશન્સને કેવી રીતે પ્રોત્સાહન આપવું, માહિતી ટેકનોલોજીનો લાભ મેળવી કઈ રીતે બિઝનેસ વધારવો તથા નવા એકમની રચના અને વિકાસ માટે એકાઉન્ટીંગ અને ફાયનાન્સ બિઝનેસમાં કઈ રીતે જરૂરી બને છે તે બધી જાણકારીઓ મેળવવી આવશ્યક છે. આ બધી તાલીમો ઉપરાંત યુવાન ઈનોવેટર્સ, વિદ્યાર્થી ઉદ્યોગસાહસિકો અને અન્ય મહત્વાકાંક્ષી લોકોએ પ્રોફેશનલ વર્કશોપ સેશન્સ અને સેમિનારમાં સામેલ થવું જોઈએ અને પોતાના માટે ઉદ્યોગસાહસિકતાની કારકીર્દિ ઘડવા માટે સુનિશ્ચિત વિષયોમાં પોતાની જાતને સજ્જ બનાવવી જોઈએ.

**વધુ સ્કિલ પ્રિનિયોર્સ ઉભા કરવા માટે સૂચનો અને આગળનો માર્ગ:**

- સમાજના તરછોડાયેલા વર્ગમાં બિઝનેસના વિકાસ માટે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહિત કરવા માટે જાતિ (પુરૂષ- સ્ત્રી વગેરે) અને ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું ઉપરાંત ટ્રાન્સજેન્ડર (કિન્નર) સમુદાય ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને કૌશલ્ય વિકાસના પ્રયાસો હાથ ધરી શકાય. આ ઉપરાંત પ્રાદેશિક અસમતુલા દૂર કરવા માટે અને નબળી જાતિઓના જૂથો તથા હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો તરફ અપાતું ઓછુ ધ્યાન અથવા તો ધ્યાન નહી જવાને કારણે આ બધા વર્ગો તરફ કૌશલ્ય વિકાસ માટે વિશેષ ધ્યાન આપવું જરૂરી બને છે. આવું થાય તો જ "તમામને માટે સમાવેશીતા" હાંસલ કરી શકાય.

- હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોમાં શિક્ષણ અને કૌશલ્યનો અભાવ એ એક મોટો અવરોધ છે. આવા આત્મવિશ્વાસના અભાવ અને પોતે કશું કરી શકશે નહીં તેવી માન્યતા ખાસ કરીને મહિલાઓમાં જોવા મળે છે. ઉદ્યોગસાહસિકતા માટેની પ્રેરણાની સાથે સાથે હાથ પકડીને તાલીમ તરફ દોરી જવાથી આ બધી ઊણપો દૂર કરી શકાય છે.

- તાલીમ કાર્યક્રમોમાં "વિવિધિકરણ ધરાવતો સર્વિસ પોર્ટફોલિયો" ઓફર કરવો જોઈએ. આવું થઈ શકે તો જેમના સામાજિક, આર્થિક અને રોજબરોજના અનુભવો ભિન્ન પ્રકારના છે તેવા લોકો માટે તક ઉભી કરી શકાય. દા.ત. કાર્યક્રમના સમયમાં સુગમતા, પ્રાદેશિક ભાષામાં સૂચનાઓ, સ્થળને ધ્યાનમાં રાખીને અપાતા ઉદાહરણો આ બધુ વિવિધ પશ્ચાદ્દભૂમિકા ધરાવતા વિદ્યાર્થીઓમાં સમજ અને તેમને પરિસ્થિતિ સાથે સાંકળવામાં સહાયરૂપ બને છે.

- ઉદ્યોગસાહસિકતાના શિક્ષણ માટે કામ કરતા નિષ્ણાંતો અને સ્કોલરો તેમજ કૌશલ્ય વિકાસને એકત્ર કરીને એક ઘનિષ્ટ સહજતાથી પ્રાપ્ત "ઓનલાઈન એસેસમેન્ટ ટુલ્સ અને તાલીમ અભ્યાસક્રમ" વિકસાવવો જોઈએ. આવું થશે તો જે તે શિક્ષણ સંસ્થા પોતાના સંકુલમાં ઉદ્યોગસાહસિકતાને વિકાસ અને પ્રોત્સાહન આપી શકશે.

- આ સમુદાયે વ્યવસાયલક્ષી શિક્ષણ માટે સૂચવવામાં આવેલા આંતરરાષ્ટ્રીય ધોરણોની એક યાદી બનાવીને અર્થપૂર્ણ રોજગારી માટે કૌશલ્યની તાલીમ હાથ ધરવી જોઈએ. વ્યવસાયલક્ષી શિક્ષણના માળખાને અપગ્રેડ કરવા માટે નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક હેઠળ જોગવાઈઓનું નિયમિત અપગ્રેડેશન કરવું જોઈએ.

- સરકાર અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓએ નાણાકીય તંગી નિવારવા માટે અને સ્થાનિક સ્કિલ- આંત્રપ્રિનિયોર્શીપ વિકાસ માટે કામ કરતી સંસ્થાઓ વચ્ચે પરસ્પર પરામર્શ કરીને સરકારી યોજનાઓ અને પ્રોત્સાહન લાભોનું મૂલ્યાંકન કરવું જોઈએ. કામે લાગી શકે અને રોજગારપાત્ર બની શકે તેવી ક્ષમતાઓ માટેનો અભ્યાસ હાથ ધરીને વધુ સુધારા માટે કામગીરી હાથ ધરી શકાય.

- વર્તમાન શૈક્ષણિક સંસ્થાઓ અને નોલેજ પાર્ટનર્સના સહયોગથી નવા ઉભરતા સ્ટાર્ટ-અપ્સના સમુદાયને હેન્ડહોલ્ડીગ અને મેન્ટરીગથી ક્ષમતા નિર્માણ માટેની સહાય મળી રહે છે. ઉદ્યોગને શિક્ષણ સંસ્થા અને ઈન્ક્યુબેસન સેન્ટર્સ સાથે જોડવાની જરૂર છે. આવું થશે તો કામગીરીની એકરૂપતા હાંસલ થઈ શકશે. આ માટે આપણે આપણાં તમામ કૌશલ્ય વિકાસના કામોમાં ઉદ્યોગને કેન્દ્રમાં રાખીને આગળ વધવું જોઈએ. આ માટે જે તે ક્ષેત્રમાં તક, ઉદ્દેશો, કૌશલ્ય વિકાસ ઉપરાંત રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમોના ઉદ્દેશો અને મર્યાદાઓની સ્પષ્ટ રૂપરેખા (ભૌગોલિક રીતે અને વસતિની દ્રષ્ટિએ)તૈયાર કરીને તેનો ઉદ્દેશ સ્પષ્ટપણે દર્શાવવો જોઈએ.

- ભંડોળ સાથે જોડાયેલી તાલીમની તંત્ર વ્યવસ્થાને પ્રોત્સાહિત કરીને એકમ સ્થાપવાની પ્રક્રિયા હાથ ધરી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

- ઈન્ક્યુબેશન અને વિકાસ કાર્યક્રમોમાં ગતિથી હાઈ-ટેક ઉદ્યોગસાહસિકો અને સ્કિલ-પ્રિનિયોર્સને સુગમતા ઉભી કરી શકાય.

**ડૉ. અમિત કે. દ્વિવેદી Entrepreneurship Development Institute of India (EDII), અમદાવાદમાં ફેકલ્ટી તરીકે કામ કરે છે. તે National Global Entrepreneurship Monitor (EDII)ની ટીમના સભ્ય છે Journal of Rural and Industrial Development ના તંત્રી પણ છે.**
**E-mail: akdwivedi@ediindia.rog**

**સરવાનન વેલ્યુસામી (EDII), અમદાવાદમાં રિસર્ચ એસોસિએટ છે.**
**Email : saravanan@ediindia.rog**

# ભ્રષ્ટાચાર સામે ભારતનો જંગ

**વી. શ્રીનિવાસ**




*ભ્રષ્ટાચાર બિલકુલ સહન નહીં કરવાના ભારતના અભિગમ તથા અલ્પતમ સરકાર અને મહત્તમ કારભારના અભિગમને પરિણામે તાજેતરનાં વર્ષોમાં કારભારનું મૉડલ વધુ સરળ બન્યું છે. આ સંબંધમાં ભરાયેલા કેટલાંક પગલાંમાં સરકારી અધિકારી દ્વારા સર્ટિફિકેટોની સત્યતાને પ્રમાણિત પ્રસ્થાપિત કરવા અંગેની જોગવાઈની નાબૂદી, નીચેની કક્ષાની જગાઓ માટેની ભરતીમાં વ્યક્તિગત ઇન્ટરવ્યૂની નાબૂદી તથા ૫૦ વર્ષ ઉપરના બિનકાર્યક્ષમ અને શંકાસ્પદ પ્રામાણિકતા ધરાવનાર કર્મચારીઓને નોકરીમાંથી વહેલા દૂર કરવાનો સમાવેશ થાય છે. વધુમાં સરકારે કાળાં નાણાં અને ભ્રષ્ટાચારની નાબૂદી માટે ઊંચા મૂલ્યની ચલણી નોટો ચલણમાંથી દૂર કરવા વિમુદ્રીકરણનું પગલું ભર્યું હતું. કાળાં નાણાંના દૂષણ સામે લડવા એક ખાસ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. સરકારે કોલસાના બ્લૉક્સની ઑનલાઇન હરાજી કરી હતી.*

*સરકારે જી-૨૦ની આંતરરાષ્ટ્રીય પરિષદોમાં, યુરોપ તથા અન્ય દેશોમાંના કાળાં નાણાંનાં આશ્રયસ્થાનોનો અંત લાવવા આંતરરાષ્ટ્રીય સહકાર માટે માંગણી કરી હતી. સ્વિટ્ઝરલેન્ડના સત્તાવાળાઓ સાથેની દ્વિપક્ષી બેઠકોમાં ભારતે જણાવ્યું છે કે કાળાં નાણાં અને કરચોરીના દૂષણને ડામવાની બાબત બંને દેશો માટે અગ્રતાક્રમ ધરાવે છે.*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝારખંડની તાજેતરની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે "ભ્રષ્ટાચાર અને કાળાં નાણાંએ ભારતીય લોકશાહીનો વિનાશ કર્યો છે. ભ્રષ્ટાચાર અને કાળાં નાણાં સામેની લડાઈ ચાલુ રહેશે." પ્રધાનમંત્રીએ ઝારખંડમાં ગણત્રીનાં સખી મંડળોને સ્માર્ટ ફોન ભેટ આપ્યા હતા અને જણાવ્યું હતું કે, સ્માર્ટ ફોનના ઉપયોગ અંગે ગ્રામજનો તરફથી એમને મળેલા જવાબોથી એમને આશ્ચર્ય થયું હતું.

### ભ્રષ્ટાચાર સામે જંગ

ભ્રષ્ટાચાર બિલકુલ સહન નહીં કરવાના ભારતના અભિગમ તથા અલ્પતમ સરકાર અને મહત્તમ કારભારના અભિગમને પરિણામે તાજેતરનાં વર્ષોમાં કારભારનું મૉડલ વધુ સરળ બન્યું છે. આ સંબંધમાં ભરાયેલા કેટલાંક પગલાંમાં સરકારી અધિકારી દ્વારા સર્ટિફિકેટોની સત્યતાને પ્રમાણિત પ્રસ્થાપિત કરવા અંગેની જોગવાઈની નાબૂદી, નીચેની કક્ષાની જગાઓ માટેની ભરતીમાં વ્યક્તિગત ઇન્ટરવ્યૂની નાબૂદી તથા ૫૦ વર્ષ ઉપરના બિનકાર્યક્ષમ અને શંકાસ્પદ પ્રામાણિકતા ધરાવનાર કર્મચારીઓને નોકરીમાંથી વહેલા દૂર કરવાનો સમાવેશ થાય છે. વધુમાં સરકારે કાળાં નાણાં અને ભ્રષ્ટાચારની નાબૂદી માટે ઊંચા મૂલ્યની ચલણી નોટો ચલણમાંથી દૂર કરવા વિમુદ્રીકરણનું પગલું ભર્યું હતું. કાળાં નાણાંના દૂષણ સામે લડવા એક ખાસ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. સરકારે કોલસાના બ્લૉકસની ઑનલાઇન હરાજી કરી હતી.

સરકારે જી-૨૦ની આંતરરાષ્ટ્રીય પરિષદોમાં, યુરોપ તથા અન્ય દેશોમાંના કાળાં નાણાંનાં આશ્રયસ્થાનોનો અંત લાવવા આંતરરાષ્ટ્રીય સહકાર માટે માંગણી કરી હતી. સ્વિટ્ઝલેન્ડના સત્તાવાળાઓ સાથેની દ્વિપક્ષી બેઠકોમાં ભારતે જણાવ્યું છે કે કાળાં નાણાં અને કરચોરીના દૂષણને ડામવાની બાબત બંને દેશો માટે અગ્રતાક્રમ ધરાવે છે.

### ભ્રષ્ટાચારને ડામવા અનેકવિધ પગલાં

ભારતમાં ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં સમયની કસોટીમાં પાર ઊતરેલું અને જોમવંતુ સંસ્થાકીય અને કાયદાકીય માળખું મોખરે રહ્યું છે. આ વિસ્તૃત માળખામાં, ભ્રષ્ટાચાર પ્રતિબંધક કાયદો, સેન્ટ્રલ વિજિલન્સ કમિશન, કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ, ન્યાયમૂર્તિ (પૂછપરછ) ધારો, લોકપાલ અને લોકાયુક્ત ધારો ૨૦૧૩, વ્હીસલ બ્લાઅરના રક્ષણનો




૨૦૧૧ નો કાયદો, મની લોન્ડરિંગ પ્રતિબંધક ધારો અને બેનામી વ્યવહારો (પ્રતિબંધ) ધારાનો સમાવેશ થાય છે, જે અપરાધીકરણ અને લાંચ રૂશ્વતના સંખ્યાબંધ ક્ષેત્રોને આવરી લે છે. તમામ મૂલ્કી કર્મચારીઓને દર વર્ષે એમની મિલકતોની જાહેરાત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પ્રત્યેક ચૂંટણી સમયે એમની મિલકતો જાહેર કરવાની રહે છે.

**વધુ ગતિશીલ કારભાર**

પ્રધાનમંત્રીએ ઑગસ્ટ ૨૦૧૪માં સ્વાતંત્ર્યદિને એમના સંબોધનમાં એક રાષ્ટ્રીય મિશન તરીકે પ્રધાનમંત્રી જનધન યોજનાની જાહેરાત કરી હતી. એનો ઉદ્દેશ દેશના તમામ કુટુંબોને સર્વગ્રાહી નાણાકીય સમાવેશકતા હેઠળ આવરી લેવા માટે એક સંગઠિત અભિગમ અખત્યાર કરવાનો હતો. એમણે કહ્યું હતું કે, દેશનાં આર્થિક સાધનોનો ગરીબોના કલ્યાણ માટે ઉપયોગ થવો જોઈએ. પરિવર્તનનો આરંભ આ મુદ્દાથી થશે. ભ્રષ્ટાચાર સામેની દેશની લડતમાં સૌથી મોખરે, દેશની સરકારને વધુ ગતિશીલ બનાવવા ઉપર ભારતનું ધ્યાન કેન્દ્રિત થયેલું છે. બૅંકિગ ક્ષેત્રે ટૅક્નોલોજીમાં આવેલી ક્રાંતિ એક એવી સાફલ્ય ગાથા છે કે જેનાથી લાખોની સંખ્યામાં ભારતીય લોકોને ફાયદો થયો છે. હાથેથી સંચાલિત (મેન્યુઅલ) સિસ્ટમમાં સબસીડીની રકમનો જેવો અને જેટલા લોકો માટે ઉપયોગ થઈ શકે એટલી જ રકમનો સ્માર્ટ સરકારી મોડેલમાં ઘણી મોટી સંખ્યામાંના લાભાર્થીઓ માટે ઘણી વધુ કાર્યક્ષમતાથી ઉપયોગ થઈ શકે.

જનધન યોજનાએ ઘણી મોટી સંખ્યામાં લોકોને માટે સાર્વત્રિક ધોરણે, ઓવરડ્રાફ્ટની સગવડ સાથે બેંકિગ સેવાનો ઉપયોગ કરવા માટેનો માર્ગ મોકળો કર્યો હતો. જનધન યોજનાએ બેંકરોને દેશની ગરીબ અને વંચિત વસ્તીના લોકોમાં ધિરાણના સંસ્કારને પ્રોત્સાહન પૂરું પાડવા જરૂરી વિશ્વાસ પૂરો પાડયો હતો અને એના પરિણામે ગ્રામીણ ક્ષેત્રે ધિરાણના પ્રવાહમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. નાણાકીય અને અન્ય સબસીડીના લાભો અને સેવાઓ લક્ષિત લોકોને જ મળે એ સુનિશ્ચિત કરવા સરકારે ૨૦૧૬માં આધારકાર્ડનો કાયદો એક નાણાકીય ખરડાના રૂપમાં ઘોષિત કર્યો હતો. આ કાયદાએ સરકારના આધાર (યુનિક આઈડેન્ટિફિકેશન નંબર) પ્રોજેકટને કાયદેસરનો ટેકો પૂરો પાડયો હતો. આ કાયદા દ્વારા, સરકારના સંચિત નિધિ - કૉન્સોલિડેટેડ ફંડ ઑફ ઈન્ડિયામાંથી થયેલા તમામ ખર્ચા સંબંધમાં લોકોને આધાર નંબરના આધારે સબસીડી, લાભ અને સેવાઓ કાર્યક્ષમ, પારદર્શી રીતે લક્ષ્ય પ્રમાણે પહોંચાડવા જોગવાઈ કરાઈ હતી.

કેન્દ્ર સરકારે ૨૦૧૬માં ભરેલું ત્રીજું મોટું પગલું ભીમ, (ભારત ઈન્ટરફેસ ઓફ મની) ની યોજના શરૂ કરવાનું હતું. આ એક, મોબાઈલ ફોન દ્વારા ઓપરેટ થતી યોજના છે જે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા વિકસાવવામાં આવી છે અને યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ ઉપર આધારિત છે. ભીમનો ઉપયોગ બેંકો મારફત સીધેસીધી ઈલેક્ટ્રોનિકસ ચૂકવણીમાં સહાયક છે. એ કેશલેસ વ્યવહારોને પ્રોત્સાહન પૂરું પાડે છે અને એનો ઉપયોગ કરનાર એની મદદથી કોઈપણ બે પાર્ટીઓના બેંકના ખાતા વચ્ચે નાણાંની તત્કાલ ટ્રાન્સફર કરી શકે છે. ભીમનો તમામ મોબાઈલ ફોન દ્વારા ઉપયોગ કરી શકાય છે.

સામૂહિક રીતે જોઈએ તો, જનધન યોજના, આધારનો કાયદો અને ભીમની સુવિધાએ એક પારદર્શી સરકાર માટેની ભૂમિકા રચી છે જેમાં સબસિડી અને અન્ય લાભોનો પ્રવાહ એના લાભાર્થીઓને સમયસર તેમજ કાર્યક્ષમતાથી પહોંચે છે. યુનિફાઈડ પેમેન્ટસ ઈન્ટરફેસ (યુપીઆઈ) દ્વારા નાણાંની ચુકવણીની વ્યવસ્થા ઉપર આધારિત 'જામ' (જનધન આધાર મોબાઈલ) ટૅકનોલૉજીએ મોબાઈલ દ્વારા બેંકિંગની ક્રિયાને એક ઈ-મેઈલ મોકલવા જેટલી સરળ બનાવી છે. નેશનલ ઈલેક્ટ્રોનિકસ ટ્રાન્સફર ઓફ ફન્ડસ (એનઈએફટી) રિઅલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટસ (આરટીજીએસ), ઈમીડીએટ કલીયરીંગ સિસ્ટમ (ઈસીએસ) નો ઉપયોગ

કરીને થતા ક્લિયરન્સીસ ઝડપથી બેંકિંગ ક્ષેત્રની પ્રવૃત્તિઓની મુખ્યધારામાં જોડાઈ રહ્યાં છે.

**સેન્ટ્રલ વિજિલન્સ કમિશન**

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી) નાં મૂળ ભ્રષ્ટાચાર રોકવા માટે સંસદસભ્ય શ્રી કે. સંથનમના અધ્યક્ષપદે રચાયેલી સમિતિની ભલામણોમાં રહેલાં છે. સંથનમ સમિતિએ ભ્રષ્ટાચાર માટે ચાર મુખ્ય કારણો જવાબદાર હોવાનું જણાવ્યું હતું. જેમાં વહીવટી વિલંબ, નિયમનકારી પગલાં દ્વારા જેનું વ્યવસ્થાપન કરી શકાય એથી વધુ કાર્યો સરકાર દ્વાર હાથમાં લેવા, વિભિન્ન સરકારી અધિકારીઓ દ્વારા એમની સત્તાના ઉપયોગ દરમ્યાન અંગત મુન્સફીનો અવકાશ અને ગુંચવણ - અડચણભરી કાર્યપદ્ધતિઓનો સમાવેશ થાય છે.

સંથનમ સમિતિની ભલામણોના આધારે, ભારત સરકારના એક ઠરાવ દ્વારા કેન્દ્ર સરકારની સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર અટકાવવા ૧૯૬૪ માં સેન્ટ્રલ વિજિલન્સ કમિશનની સ્થાપના કરવામાં આવી હતી. ભારતની સર્વોચ્ચ અદાલતે જૈન હવાલા કેસમાં આપેલા આદેશોના અનુસંધાનમાં ૧૯૯૭ માં સેન્ટ્રલ વિજિલન્સ કમિશનને કાયદેસરનો દરજ્જો બક્ષવામાં આવ્યો હતો. ૨૦૦૩ ના સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના કાયદામાં સરકારી કર્મચારીઓ તેમજ કોર્પોરેશનો દ્વારા ૧૯૮૮ ના ભ્રષ્ટાચાર પ્રતિબંધક ધારા હેઠળ જે ગુનાઓ થયા હોય એ અંગે તપાસ કરવાની કે પછી તપાસ કરાવવાની જોગવાઈ કરવામાં આવી છે.

સીવીસીએ જાહેર વહીવટમાં પારદર્શિતા, વસ્તુનિષ્ઠતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાના પ્રયાસો કર્યા છે. સીવીસી દ્વારા કેટલાક પ્રતિબંધક પગલાં દાખલ કરવામાં આવ્યા છે. ગવર્નમેન્ટ ઈ-માર્કેટ (જીઈએમ) જેવા પગલાએ ઈ-ટેન્ડરીંગ અને ઈ ખરીદી પ્રાપ્તિને ઉત્તેજન પૂરું પાડીને જાહેર સરકારી ખરીદીમાં જવાબદારી અને પ્રામાણિકતા સુધારવામાં મદદ કરી છે. સીવીસીએ વિવિધ પગલાં ભરીને એની મારફત નીતિવિષયક સિદ્ધાંતોને પ્રોત્સાહન પૂરું પાડવા પ્રયાસો કર્યા છે, જેમાં વિદ્યાર્થીઓ અને યુવકોને શિક્ષણ, જાગૃતતા જાણકારી સપ્તાહની ઉજવણી, મુન્સફીનો અવકાશ ઘટાડવા કાર્યપદ્ધતિને સરળ બનાવવી, સરકારી અધિકારીઓ સાથે વિચાર વિમર્શ, તાલીમ અને કૌશલ્ય વિકાસ ઉપર વિશેષ ધ્યાન, ગેરવર્તણૂક સામે ધાક બેસાડવા, ગેરવર્તણૂક પુરવાર થઈ હોય એવા તમામ કિસ્સાઓમાં ઉદાહરણરૂપ સજા કરવી વગેરેનો સમાવેશ થાય છે. ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડત માટે નાગરિકો અને સંગઠનો દ્વારા સ્વૈચ્છિક ઈ-શપથ મારફત ભ્રષ્ટાચાર સામે લોક આંદોલન જગાવવા સીવીસીએ પ્રયાસો કર્યા છે.




પારદર્શિતા, કાર્યક્ષમતા અને નાગરિક કેન્દ્રિત કારભારને સહાયક બનવા સંગઠનો માટે પ્રામાણિકતા અંગેનો એક ઈન્ડેક્ષ વિકસાવવામાં આવ્યો છે.

**હિસાબી અને ઓડિટની પ્રક્રિયા - સીએન્ડએજી**

ભ્રષ્ટાચાર સામેની ભારતની લડતમાં, ધી કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (સીએન્ડએજી) એક મહત્વની સંસ્થા છે. સંસ્થાકીય હિસાબી અને ઓડિટીંગની કાર્યપદ્ધતિમાં નાણાકીય કારભારમાં સરકારી સુધારાને સીએન્ડએજી ૨૦૧૪ થી અનુકૂળ થયું છે. સરકાર દ્વારા નાણાકીય કારભારમાં અમલી બનાવાયેલા કેટલાક મોટા ફેરફારોમાં, રેલ્વેના અંદાજપત્રને સામાન્ય અંદાજપત્રના ભાગરૂપ બનાવવું, યોજનાકીય અને બિન યોજનાકીય ખર્ચને ભેળવી દેવા, સંખ્યાબંધ ક્ષેત્રોમાં સીધા વિદેશી મૂડીરોકાણની છૂટ આપવી અને જીએસટી દાખલ કરવાનો સમાવેશ થાય છે. સરકારની ત્રીજી હરોળરૂપ શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને પંચાયતી રાજ સંસ્થાઓ દર વર્ષે લગભગ રૂ. ૧૪ લાખ કરોડ મેળવે છે પણ એના કારભારની વ્યવસ્થા ઘણી નબળી

છે. એનું નાણાકીય વ્યવસ્થાપન પણ નબળું છે અને જવાબદારી પણ નિશ્ચિતપણે નક્કી થયેલી નથી. શહેરી તેમજ ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને મળતા ફંડની વિપુલતા, એની સંખ્યા તથા એનો ભૌગોલિક વ્યાપ ધ્યાનમાં લેતાં સીએન્ડએજી એ એના ઓડિટને એક ખૂબ જ મહત્વની બાબત ગણી છે, અને એને એના ભૌતિક સ્વરૂપમાં તથા જોખમોની દૃષ્ટિએ સ્પષ્ટપણે સમજી જરૂરી પગલાં ભરવા ઉપર ભાર મૂકયો છે. સીએન્ડએજી એ મહેસૂલી આવકના વહીવટીતંત્રમાં બદલાતાં સ્વરૂપનો સ્વીકાર કર્યો છે તેમજ શેડો અર્થતંત્ર, કાળાં નાણાં, ટ્રાન્સફર પાઈસીંગ, એકોમોડેશન બિલ વગેરેના પડકારો તેમજ આગામી દિવસોમાં કરવેરાના રિટર્ન ફાઈલ કરવા, આકારણી અને વસૂલાતની કાર્યપદ્ધતિઓમાં વધતા જતા ઓટોમેશનને પરિણામે નિષ્પક્ષ થનારી વિપુલ ડિજીટલ માહિતીનું વ્યવસ્થાપન કરવાની જરૂરિયાતના પડકારોનો પણ સ્વીકાર કર્યો છે અને ધ્યાનમાં રાખ્યા છે.

**કારભારની પારદર્શિતા**

૨૦૦૫નો માહિતી મેળવવાનો કાયદો, એ હકો ઉપર આધારિત કાયદો છે જેણે ભારતની લોકશાહીને વધુ સુદૃઢ બનાવી છે. રાષ્ટ્રના વહીવટમાં નાગરિકો માટે ટકી શકે એવા હિત કે હિસ્સાનું નિર્માણ કર્યુ છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે માહિતી મેળવવાના કાયદાનો અમલ માત્ર જાણકારી મેળવવાના નાગરિકોના હક પૂરતો મર્યાદિત ન રાખતા એની હેઠળ સરકારને સવાલ કરવાના હકને પણ આવરી લેવો જોઈએ. માહિતી મેળવવાની પ્રક્રિયા પારદર્શી, સમયસરની અને મુશ્કેલીઓથી મુક્ત હોવી જોઈએ. આ હકના અમલના એક દાયકા પછી, માહિતી મેળવવાના હકની શક્તિ અને ઉપયોગીતાનો દેશભરમાં અનુભવ થઈ રહ્યો છે. આ કાયદાને પરિણામે સરકારના શાસન - કારભારમાં સુધારો થયો છે. માહિતી એકબીજાને વહેંચીને દેશના નાગરિકો નિર્ણયની પ્રક્રિયાના હિસ્સારૂપ બન્યા છે અને એનાથી નાગરિકો અને સરકાર વચ્ચેનો વિશ્વાસ વધ્યો છે.

**લોકપાલ અને લોકાયુક્ત ધારો**

૨૦૧૩ ના લોકપાલ અને લોકાયુક્તના ધારા દ્વારા ૨૦૦૩ ના સીવીસીના કાયદાની કેટલીક જોગવાઈઓમાં સુધારા કરવામાં આવ્યા છે. આ દ્વારા સીવીસીએ ગ્રુપ બી, સી અને ડીના અધિકારીઓ અને કર્મચારીઓ સંબંધમાં, લોકપાલે જે ફરિયાદોનો ઉલ્લેખ કર્યો હોય એ અંગે સીવીસીને પ્રાથમિક તપાસ હાથ ધરવાની સત્તા બક્ષવામાં આવી છે. જ્યારે ગ્રુપ એ ના અધિકારીઓ સામેની ફરિયાદો અંગે સેન્ટ્રલ વિજિલન્સ કમિશનમાં એક તપાસ નિદેશાલયની રચના કરવામાં આવશે. લોકપાલ દ્વારા રીફર થયેલી આવી બાબતોમાં, ગ્રુપ એ અને બી ના અધિકારીઓ અંગેની પ્રાથમિક તપાસના હેવાલો કમિશને લોકપાલને મોકલવાના રહે છે. ગ્રુપ સી અને ડી ના કર્મચારીઓ અંગે લોકપાલ દ્વારા રીફર થયેલી બાબતોમાં વધુ તપાસ હાથ ધરવા અને સંબંધિત અધિકારીઓ સામે વધુ પગલાં લેવાનો પણ કમિશનને આદેશ અપાયો છે.

**ભ્રષ્ટાચાર પ્રતિબંધક ધારામાં સુધારો**

૧૯૮૮ નો ભ્રષ્ટાચાર પ્રતિબંધક ધારો, ભ્રષ્ટાચાર અટકાવવાને લગતા ધારાને સુદૃઢ કરી એમાં જરૂરી સુધારા વધારા કરવા માટેનો ધારો છે. આ કાયદામાં, સત્તાવાર કાર્યો માટે કાયદેસરના વેતન ઉપરાંત ભેટ સોગાદ લેવા માટે સજાની જોગવાઈ કરવામાં આવી છે. તપાસ કરવાની સત્તા, સીબીઆઈ અને રાજય પોલિસના સત્તાવાળાઓને આપવામાં આવી છે. સરકારે જણાવ્યું છે કે, સરકારી કર્મચારીઓ - અધિકારીઓ માટે જવાબદારીના ધોરણોને વાસ્તવિક સપાટીએ રાખવા જોઈએ કે જેથી અધિકારીઓ પ્રામાણિક નિર્ણયો લેવામાં આનાકાની ન કરે. સરકારે ભ્રષ્ટાચાર પ્રતિબંધક કાયદામાં, હાલમાં ગુનાના સ્વરૂપની ગેરવર્તણૂકની જે વ્યાખ્યા આપવામાં આવી છે એને બદલવા માટે કાયદામાં સુધારો કરવાનું સૂચવ્યું છે. નવી સૂચિત વ્યાખ્યા મુજબ, આવકની સામે અપ્રમાણસર મિલકતો ધરાવવા ઉપરાંત કોઈએક વ્યક્તિની આવકની સામે અપ્રમાણસર મિલકતો ધરાવવાનો ઈરાદો પણ પુરવાર કરવાનો રહે છે. આમ આ દ્વારા આવકની સામે અપ્રમાણસર મિલકતો ધરાવવાનો ગુનો પુરવાર કરવા માટેની હદ કે સીમા વધારવામાં આવી છે.

**વ્હીસલ બ્લોઅર માટે વધુ સલામતી**

દેશમાં કોઈપણ વ્યક્તિ સામે ભ્રષ્ટાચાર અંગે ફરિયાદ કરનાર કે સરકારને એની જાણ કરનાર વ્યક્તિ એટલે કે વ્હીસલ બ્લોઅરને કાયદેસરનું રક્ષણ પૂરું પાડવા માટે લોકસભામાં ઓગષ્ટ ૨૦૧૦માં ડિસ્કલોઝર્સ એન્ડ પ્રોટેકશન ટુ પર્સન્સ મેકીંગ ડિસ્કલોઝર્સ બિલ ૨૦૧૧ રજુ કરવામાં આવ્યું હતું. આ વિધેયક લોકસભાએ ડિસેમ્બર ૨૦૧૧ માં ધી વ્હીસલ બ્લોઅર્સ પ્રોટેકશન બિલ ૨૦૧૧ તરીકે પસાર કર્યુ હતું, જ્યારે રાજ્યસભાએ ફેબ્રુઆરી ૨૦૧૪ માં પસાર કર્યુ હતું. આ વિધેયકને ૯મી મે, ૨૦૧૪ ના રોજ રાષ્ટ્રપતિની મંજુરી મળી ગઈ છે. વધુમાં આ કાયદામાં ૨૦૧૫ માં ૨૧ સુધારા કરવામાં આવ્યા હતા. આની પાછળનો ઉદ્દેશ, ભ્રષ્ટાચાર વગેરે અંગે જે કોઈ માહિતી બહાર

પાડવામાં આવે એવી માહિતી - જાહેરાત પક્ષપાતપૂર્ણ રીતે દેશની અખંડિતતા સાર્વભૌમત્વ, સલામતી વગેરેને માઠી અસર કરે એની સામેની સલામતી - સાવચેતીને વધુ સુદઢ કરવા માટે જરૂરી જોગવાઈઓનો કાયદામાં સમાવેશ કરવાનો હતો. આમ રાષ્ટ્રીય સલામતી અંગેની ચિંતાનો આ સુધારાઓ દ્વારા ઉકેલ લાવવામાં આવ્યો હતો.

**બેનામી વ્યવહારો સામે સખત પગલાં**

બેનામી વ્યવહારો - સોદા (પ્રતિબંધક) કાયદો, ૧૯૮૮ છેલ્લાં ૨૮ વર્ષોથી કાયદાની સૂચિમાં મોજૂદ છે, પણ, કાયદામાંની કેટલીક મૂળભૂત ખામીઓને કારણે એનો આજ સુધી અમલ નહોતો કરી શકાયો. દેશમાં બેનામી વ્યવહારોને અટકાવવા માટે અસરકારક માળખું પુરું પાડવાના ઉદ્દેશથી ૧૯૮૮ ના આ કાયદામાં સુધારા કરવા માટે બેનામી વ્યવહારો (પ્રતિબંધ) સુધારેલો ધારો ૨૦૧૬ પસાર કરવામાં આવ્યો હતો. આ સુધારેલો કાયદો, આવકવેરાના સત્તાવાળાઓને બેનામી મિલકતોને કામચલાઉ ધોરણે ટાંચમાં લેવાની સત્તા આપે છે જે મિલકતોને છેવટે જપ્ત કરી શકાય છે. વધુમાં જો કોઈ વ્યક્તિ બેનામી વ્યવહાર કરવાના ગુના માટે સક્ષમ અદાલતને દોષિત જણાય તો એને ઓછામાં ઓછી ૧ વર્ષની અને વધુમાં વધુ ૭ વર્ષની સખત કેદની સજા થઈ શકે છે. વધુમાં, એને બેનામી વ્યવહારો સાથે સંકળાયેલી સંબધિત મિલકતના વાજબી બજાર મૂલ્યના ૨૫ ટકા સુધીની રકમનો દંડ પણ થઈ શકે છે. બેનામી વ્યવહારો (પ્રતિબંધ) સુધારણા ધારો ૨૦૧૬ તા. ૧ લી નવેમ્બર ૨૦૧૬ થી અમલમાં આવ્યો છે, આ પછી કેટલાક બેનામી સોદાઓ શોધી કાઢવામાં આવ્યા છે.

છેવટે, એટલું જરૂર કહી શકાય કે ભારતે ભ્રષ્ટાચાર અને કાળાં નાણાં સામેનો જંગ ચાલુ રાખ્યો છે. ગતિશીલ કારભાર દ્વારા આ દિશામાં થઈ રહેલા પ્રયાસોના વિધાયક પરિણામો આવી રહ્યાં છે.


**લેખક રાજસ્થાન ટેક્સ બોર્ડના ચેરમેન છે અને અને બોર્ડ ઓફ રેવન્યુ ઓફ રાજસ્થાનનો વધારાનો હવાલો સંભાળે છે.**

**E-mail:vsrinivas@nic.in**

**"યોજના"**
**ગુજરાતી માસિક**

# યોજના

**વિકાસને સમર્પિત માસિક**
**યોજનાનું લવાજમ**
**આજે જ ભરો**




'યોજના' માસિકમાં વિકાસાત્મક લેખો સહિત સામાજિક, આર્થિક અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવે છે. યોજના માસિકમાં જુદા જુદા વિષયોના તજજ્ઞો દ્વારા અભ્યાસપૂર્ણ તેમજ માહિતીસભર લેખો પ્રકાશિત કરવામાં આવે છે.

યોજના માસિક વિદ્યાર્થીઓ અને જે તે વિષયના તજજ્ઞો માટે બહુ ઉપયોગી છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે યોજના સામાયિક વસાવવું જરૂરી છે.

**લવાજમના દર**

| | |
|---|---|
| છુટક નકલ | ₹. ૨૨.૦૦ |
| વિશેષાંક | ₹. ૩૦.૦૦ |
| એક વર્ષનું લવાજમ | ₹. ૨૩૦.૦૦ |
| બે વર્ષનું લવાજમ | ₹. ૪૩૦.૦૦ |
| ત્રણ વર્ષનું લવાજમ | ₹. ૬૧૦.૦૦ |


લવાજમ મનીઓર્ડર, ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ, અંબિકા કોમ્પલેક્ષ, યુકો બેન્કની ઉપર, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭ ના સરનામે મોકલવું. મનીઓર્ડર, ચેક, ડિમાન્ડડ્રાફ્ટ દ્વારા લવાજમ મોકલનારે કવરીંગ લેટરમાં પૂરું નામ, સંપૂર્ણ સરનામું, પીનકોડ નંબર, મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ સુવાચ્ય અક્ષરોમાં લખીને ઉપરના સરનામે મોકલવું.
યોજના ગુજરાતીનું ઓનલાઈન લવાજમ ભરવા માટે :
(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana
(2) http://yojana.gov.in/
(3)http://publicationsdivision.nic.in/Subscription.aspx
વેબસાઈટ પરથી પણ ભરી શકાશે. યોજના માસિકની વધુ માહિતી મેળવવા માટે yojanagujarati@gmail.com પર ઈમેલ કરવો.


प्रकाशन विभाग की 200 से अधिक ई-बुक्स
अब ऑनलाइन उपलब्ध हैं
BUILDERS OF MODERN INDIA
GREAT MEN GREAT DEEDS
THE GOSPEL OF BUDDHA
SARDAR PATEL
AFTER PARTITION
ऐसे थे बापू
Art & Science of PLAYING TABLA
विवेकानन्द चित्रावली
BELIEF IN THE BALLOT
यहाँ से खरीदें:
play.google.com
kobo.com
amazon.in
अंतः व अंतरा प्लेटफॉर्म अनुरूपता, निम्न में
Android, iOS, Kindle, Kobo etc
प्रकाशन विभाग
सूचना एवं प्रसारण मंत्रालय
भारत सरकार
सभी ई-बुक्स की सूची यहाँ उपलब्ध है: publicationsdivision.nic.in


"शुभकामनाओं के तौर पर गुलदस्ता देने के बजाय किताब दें....
इस प्रकार की पहल से काफी बदलाव आ सकता है।"
–माननीय प्रधानमंत्री
प्रकाशन विभाग के पास विविध विषयों पर पुस्तकों का विशाल भंडार है, जैसे कि –
कला एवं संस्कृति, स्वतंत्रता संघर्ष, इतिहास, महापुरुषों की जीवनी और गाँधी साहित्य से लेकर
..... बच्चों के लिए रोचक पुस्तकें भी ।
हमारी किताबें भेंट करिये,
अपने प्रियजनों को....
क्योंकि
"किताबों जैसा वफादार कोई दोस्त नहीं होता"
प्रकाशन विभाग
सूचना एवं प्रसारण मंत्रालय
भारत सरकार
किताबें खरीदने के लिए जानकारी यहाँ उपलब्ध है: publicationsdivision.nic.in
ई-बुक्स यहाँ से खरीदें: kobo.com, play.google.com, amazon.in

# વિકાસનો મંત્ર : જનધન, આધાર અને મોબાઈલ

**તુષાર હાથી**




લોકશાહી ગણતંત્રમાં જન પ્રતિધિત્વ અને જન નેતૃત્વ મહત્ત્વનો આધાર બને છે. લોકશાહીનો ઈતિહાસ એવું દર્શાવે છે કે, નેતૃત્વની અસરકારકતા લોકશાહીની ગરિમાને પ્રદર્શિત કરે છે. "નેતૃત્વનો એક પ્રકાર પરિવર્તનશીલતાનો છે. અંગ્રેજી ભાષામાં "ટ્રાન્ઝેશનલ" અને "ટ્રાન્સફોર્મેશનલ" એવા શબ્દો વપરાય છે. નેતૃત્વની કાર્યપધ્ધતિમાં અદમ્ય સાહસ હોય અને નિર્ધારિત લક્ષયાંકીત કાર્ય માટે આગવી અલગ પધ્ધતિ હોય ત્યારે તે નેતૃત્વ "ટ્રાન્સફોર્મેશનલ" બને છે.

૨૧મી સદીમાં લોકશાહી રાજયતંત્રમાં જનમાનસને વિકાસ પ્રેરિત કરવાનું કામ કપરું છે. પરંપરાગત રાજયપદ્ધતિથી ટેવાયેલા વહીવટીતંત્રમાં અને એકંદર જનસમુદાયમાં આદતો કોઠે પડી ગઈ હોય છે જે ચાલે છે તે અને જેમ ચાલે છે તેમ ચાલવા દેવું આ માનસિકતાના કારણે વિકાસના અંતરાયોને ઓળખવા અથવા આ અંતરાયોને ભેદવાનું કામ રૂઢીગત તંત્ર માટે લગભગ ગજા બહારનું થાય છે. નાનકડા એક ઘરમાં પણ માતાપિતા જીવનશૈલીને બદલવાની જીદ કરતા હોય ત્યારે ૧૨૫ કરોડના વિરાટ લોકતંત્રમાં એક જ કામ, એક જ વિચાર પણ તદન અલગ રીતે મૂકવાની પધ્ધતિ સ્વયં સાહસ છે. જે કપરું સાહસ ૨૦૧૪ પછી ચૂંટાયેલી સરકારે - પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ નીચે કરેલ છે.

"વિકાસ" કેવળ પ્રચારનું સાધન ન બનતા આચારનો આધાર બને તેની કાળજી લેવામાં આવી છે, તો તે કાળજીમાં દૂરંદેશિતાના પણ સ્પષ્ટ દર્શન થાય છે. "નાણાકીય સમાવેશનના વિચારને "જનધન યોજના" સ્વરૂપે મર્તિમંત કરવાનો પ્રયાસ થયો. તે વ્યકિત દૈહિક-ભૌતિક ઓળખ માટે "આધાર"ના આગ્રહમાં ક્રિયાશીલતા જોવા મળી તો ટૅક્નોલોજીનો સાથ લઈ ઘેર ઘેર જોવા મળતા મનગમતા મોબાઈલને વિકાસના મંત્ર તરીકે સાધન સ્વરૂપે જોડવાનો પ્રયત્ન થયો. જેનો પરિચય "જામ (JAM) તરીકે આપવામાં આવે છે. એટલે કે "જનધન આધાર મોબાઈલ"નું સંકલન કરીને એક આગવી વ્યૂહરચના અમલમાં આવી. સ્વતંત્રતા પછી પ્રત્યેક સરકારે વખતો વખત લોક કલ્યાણના કાર્યો કરેલા છે. પરંતુ કાળક્રમે તેમાં ખાસ કરીને તેની ઘડતર પ્રક્રિયા અને અમલીકરણમાં જે નવપ્રવર્તન આવશ્યક હોય છે તે સમયોચિત અને યોજનાબધ્ધ અમલમાં આવે ત્યારે તેનો પ્રભાવ વિશેષ જોવા મળતો હોય છે.

જનસમુદાયના સર્વાંગી વિકાસ અને કલ્યાણલક્ષી પરંપરાગત કાર્યક્રમોની કેટલીક મર્યાદાઓ અનુભવે ધ્યાનમાં આવી હતી. જેમાં મુખ્યત્વે (૧) વાસ્તવિક ફાયદો

*"વિકાસ" કેવળ પ્રચારનું સાધન ન બનતા આચારનો આધાર બને તેની કાળજી લેવામાં આવી છે, તો તે કાળજીમાં દૂરંદેશિતાના પણ સ્પષ્ટ દર્શન થાય છે. "નાણાકીય સમાવેશનના વિચારને "જનધન યોજના" સ્વરૂપે મર્તિમંત કરવાનો પ્રયાસ થયો. તે વ્યકિત દૈહિક-ભૌતિક ઓળખ માટે "આધાર"ના આગ્રહમાં ક્રિયાશીલતા જોવા મળી તો ટૅક્નોલોજીનો સાથ લઈ ઘેર ઘેર જોવા મળતા મનગમતા મોબાઈલને વિકાસના મંત્ર તરીકે સાધન સ્વરૂપે જોડવાનો પ્રયત્ન થયો. જેનો પરિચય "જામ (JAM) તરીકે આપવામાં આવે છે. એટલે કે "જનધન આધાર મોબાઈલ"નું સંકલન કરીને એક આગવી વ્યૂહરચના અમલમાં આવી. સ્વતંત્રતા પછી પ્રત્યેક સરકારે વખતો વખત લોક કલ્યાણના કાર્યો કરેલા છે. પરંતુ કાળક્રમે તેમાં ખાસ કરીને તેની ઘડતર પ્રક્રિયા અને અમલીકરણમાં જે નવપ્રવર્તન આવશ્યક હોય છે તે સમયોચિત અને યોજનાબધ્ધ અમલમાં આવે ત્યારે તેનો પ્રભાવ વિશેષ જોવા મળતો હોય છે.*

લાભાર્થીને અપ્રાપ્ય રહેતો અથવા ઘણો મોડો મળતો હતો. (૨) અમલીકરણની પ્રક્રિયાની મર્યાદાઓના કારણે વહીવટી ખર્ચ બિન ઉત્પાદકીય ખર્ચનો બોજ સરકારી તિજોરી પર વધતો જતો હતો. (૩) આ યોજનાનો વ્યાપક દુરપયોગ થતો હતો. મધ્યસ્થી સ્વરૂપનો ભ્રષ્ટાચાર વ્યાપક બન્યો હતો.

૨૦૧૪માં નવરચિત સરકારે સહુ પ્રથમ સિધ્ધ એ કરવાનું હતું કે ખરેખર જેને જરૂર છે તેની ઓળખ થવી જોઈએ. નિશ્ચિત છે જેની સ્પષ્ટ ઓળખ છે તેવા લાભાર્થીને સીધી રીતે લાભ પ્રાપ્ત કેવી રીતે થાય અને લાભ વિના વિલંબે કઈ રીતે પ્રાપ્ત થાય ? આ અનુસંધાને ૨૦૧૪ ડિસેમ્બરથી લઈ ૨૦૧૬ જૂન સુધીમાં અંદાજે ૧૦૦૦ મિલિયન લોકો આધારકાર્ડ ધરાવતા થયા હતા. વર્તમાનમાં ભારતની કુલ જનસંખ્યાના ૮૫%થી વધુ લોકો આધારકાર્ડ ધરાવતા હોવાનો અંદાજ છે. કેવળ ઉતરપૂર્વના ચાર મહત્ત્વના પ્રાંતોમાં આ કાર્યને ૧૬ જૂન સુધીમાં મોળો પ્રતિસાદ મળ્યો હતો. અલબત આસામ, નાગાલેંડ, મેઘાલય, મિઝોરમ ચાર પ્રાંતોમાં તાજેતરમાં પ્રભાવી કામગીરી જોવા મળેલ છે.

યોજનાકીય લાભ પ્રત્યક્ષ રીતે લાભાર્થીને જ પ્રાપ્ત થાય તે હેતુથી જનધન ખાતાની યોજનાને પણ સારો પ્રતિસાદ મળ્યો છે. મધ્યસ્થ બેંક દ્વારા નાણાકીય સમાવેશનની કામગીરી ઝડપી થાય અને બહોળો પ્રતિસાદ મળે તે હેતુથી ૨૦૧૫ના વર્ષમાં ૨૩ નવી બેંકો, ૨ યુનિવર્સલ બેંક, ૧૧ પેમેન્ટ બેંક્સ તથા ૧૦ નાની નાણા પ્રબંધ સંસ્થાઓને લાયસન્સ આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ૧૨૦ મિલિયન જનધન ખાતા ખોલવામાં આવ્યા હતા.

“જામ”નો ત્રીજો આધાર “મોબાઈલ નેટવર્ક” ઉપર છે. એકંદર ભારતમાં છેલ્લા દાયકામાં મોબાઈલ નેટવર્કમાં પ્રતિતિજનક સુધારો જોવા મળેલ છે. વર્તમાન સમયમાં નાણાકીય તબદીલી ઝડપી થાય અને સુરક્ષિત રહે તે માટે મોબાઈલ સરળ, સસ્તુ, શ્રેષ્ઠ ઉપકરણ પૂરવાર થયેલ છે. યોજનાની ઝીણામાં ઝીણી વિગતોની જાણકાર પણ હવે સત્વરે લાભાર્થીના ઘર બેઠા મળી રહે છે. ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૨૦% લાભાર્થઓને સીધી રીતે રોકડ તબદીલીનો લાભ મળ્યો હતો. ૨૦૧૪-૧૫ વર્ષમાં “જામ” અંતર્ગત જે પરિણામ જોવા મળ્યા હતા તે નીચે મુજબ દર્શાવી શકાય

| યોજનાનું નામ | કુલ યોજનાઓ | કુલ ચુકવણીમાં % હિસ્સો |
|---|---|---|
| મનરેગા | ૧ | ૪૧% |
| પહલ (એલ.પી.જી. સબસીડી) | ૧ | ૩૭% |
| રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ | ૧ | ૧૪% |
| શિષ્યવૃતિ યોજનાઓ | ૨૯ | ૭% |
| મહિલાને લગતી શ્રમ યોજનાઓ | ૧૦ | ૧% |

ઉજ્જવલા યોજના એટલે કે “પહલ” એ સૌથી મોટું વિકાસલક્ષી અભિયાન છે. ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં પણ એ સ્પષ્ટ થયું હતું કે ગ્રામીણ ભારતમાં રસોડામાં બળતણ તરીકે ચુલો અને દેશી પધ્ધતિનો ઉપયોગ મહત્વના પ્રમાણમાં છે. નવરચિત સરકારે વ્યુહાત્મક રીતે એક કાંકરે બે પક્ષી મારવાનું અભિયાન હાથ ધર્યું. ગ્રામ્ય વિસ્તારમાં ગરીબી રેખા નીચે આવરી લેતા ઘર એકમોની અંદર સબસીડીના ધોરણે રાંધણગેસના બાટલાનું વિતરણ થાય તેથી સગવડતામાં ઉમેરો થાય અને તેના કરતાં પણ સૌથી મોટો શારીરિક સુખાકારીનો ફાયદો થાય. ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર અમલમાં આવ્યા પછી સરકારે આધાર, મોબાઈલ અને બેંકના સંકલનથી એક તરફ ભુતીયા સિલીન્ડરરોનો જે વપરાશ થતો હતો તે પકડી પાડયું અને બીજી તરફ આવશ્યક ઘર એકમોને લાભ આપવાનો રસ્તો સરળ કર્યો. ૨૦૧૩ના સપ્ટેમ્બરમાં જે ચિત્ર ભારતના જિલ્લાઓમાં હતું તે અને સપ્ટેમ્બર ૨૦૧૪માં જે જોવા મળ્યું તેમાં જ સીધો ફરક જોવા મળ્યો. ડાયરેકટ બીનીફીટ ટ્રાન્સફર હેઠળ આવરી લેવાયેલા જિલ્લાઓમાં ૨૦૧૪માં બિન હિસાબી રીતે વિતરણ થતાં ગેસ સિલીન્ડરના વહનને

રોકવામાં ઉલ્લેખનીય સફળતા મળી. એક તબક્કે ગેસ સિલીન્ડરો ૧૧૦૦ રૂા.માં જે વેચાતા હતા તે નિયંત્રણમાં આવીને ૮૬૦ સુધી પહોંચી ગયા. ૨૦૧૪-૧૫માં કુલ ૪૪૦૩૫ કરોડ રૂપિયા ૨૯.૬ કરોડ લાભાર્થીઓને મળ્યા જેમાં ૫૭% આધારકાર્ડ સાથે જોડાયેલા હતા અને અન્ન સલામતીના સંદર્ભમાં પણ ૨૬%ને તેનો લાભ થયો હતો. સબસીડી યુકત રાંધણગેસના બાટલાઓના વપરાશ ઉપર પણ નિયંત્રણ મૂકવામાં આવ્યું જેને પરિણામે સબસિડી વગરના બાટલાઓના વેચાણનું પ્રમાણ પણ વધ્યું જેનો સીધો ફાયદો સરકારને પ્રાપ્ત થયો. સરકારના અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું કે ૧૦% સૌથી વધુ શ્રીમંત ઘરોમાં પણ સરેરાશ ૧૦ બાટલાથી વધારે વપરાશ થતો ન હતો.

એલ.પી.જી.ના અનુસંધાને છેલ્લા અધિકૃત અહેવાલો પ્રમાણે રાષ્ટ્રમાં કુલ ૧,૮૨,૭૬,૯૯૪ જેટલા ગેસ સિલીન્ડરોનું વિતરણ થયું ગુજરાતમાં આ પ્રમાણ ૬,૬૩,૨૨૭નું હતું. જામની પધ્ધતિ અમલમાં આવ્યા પછી સ્વાભાવિક રીતે જ નાણાંભંડોળનો પ્રવાહ નિયંત્રિત થયો. જયારે પધ્ધતિમાં નવપ્રવર્તન લાવવામાં આવે ત્યારે તેની પ્રત્યક્ષ અને પરોક્ષ અસરો સ્પષ્ટપણે જોવા મળતી હોય છે. મનરેગા યોજનામાં મૂળભૂત રીતે નીચે પ્રમાણે તફાવત જોવા મળ્યો.




| પ્રશ્ન/લાક્ષણિકતા | પરંપરાગત પદ્ધતિ | નવી પદ્ધતિ | અસર/પરિણામ |
|---|---|---|---|
| ભંડોળની વહેંચણી કયારે થાય | આગાહીને આધારે ખર્ચ પહેલા ભંડોળ ફાળવણી | વાસ્તવિક ધોરણે ખર્ચ પ્રમાણે ભંડોળ ફાળવણી | ૨૬% પ્રત્યક્ષ બચત |
| ભંડોળની પદ્ધતિ | કેન્દ્ર - રાજય - જિલ્લો - તાલુકો - પંચાયત | પ્રત્યક્ષ ફાળવણી કેન્દ્ર અને રાજયથી સીધી પંચાયતમાં | અનિશ્ચિતતા ઓછી થઈ અને ચુકવણીમાં કાર્યક્ષમતા વધી |
| ખર્ચનું દસ્તાવેજીકરણ કયારે | એક જ સાથે અનેક લાભાર્થીઓ અને ભંડોળ ચુકવણી થયા પછી | વ્યકિતગત વાસ્તવિક પ્રત્યેક સમયે વ્યકિતદીઠ નોંધ | ભંડોળ વિતરણમાં ૩૮% બચત |

રાંધણગેસ, કેરોસીન અને ધાન્યની બાબતોમાં ઘર એકમને વિતરણ માટે માન્ય ગણીને તેમાં ગરીબી રેખા નીચેના એકમોને વિશેષ લક્ષ્યાંકિત કરવામાં આવ્યા અને લાભાર્થીઓનો નિશ્ચિત આંક જાણવા માટે ડીજિટલ પધ્ધતિ અખત્યાર કરવામાં આવી. સરકારી સ્તરે પણ સંકલન અને આકલનમાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા. પરંપરાગત પધ્ધતિમાં કેન્દ્ર અને રાજય બંને સંયુકત રીતે જવાબદારીમાં હતા. તે માળખું અલબત યથાવત રહ્યું પરંતુ તેમાં આંતરિક ફેરફારો કરવામાં આવ્યા. ખાસ કરીને સબસિડી જે પ્રકારની આપવામાં આવે છે તે વિવિધ ખાતાઓ વચ્ચેનું સંકલન એક મહત્વનો મુદો બન્યો. જેમ કે, પેટ્રોલિયમ મંત્રાલય અને ગ્રાહકોને લગતા મંત્રાલય વચ્ચેનું સંકલન. અન્ન પુરવઠા મંત્રાલય અને છેક પંચાયત સ્તરના અન્ન પુરવઠા વિભાગ. આ પ્રકારના સંકલનને કારણે પુરવઠાના વિતરણમાં કાર્યક્ષમતા પણ આવી અને પારદર્શિતા પણ વધી.

વિકાસના કાર્યક્રમો ઉપરછલ્લી દ્રષ્ટિએ પરંપરાગત સ્વરૂપના હોવા છતાં તેની પ્રક્રિયામાં આમૂલ પરિવર્તન થયા. ભારત સરકારે સહુના સાથથી સૌનો વિકાસનો મંત્ર જે આપ્યો છે તે સહુમાં ટેકનોલોજીને સાંકળીને નોંધપાત્ર સફળતા મેળવી છે. આખા વિશ્વમાં જે કલ્યાણકારી યોજનાઓ ચાલે છે તેમાં બહુ સાહસભરી અને કદમાં વિશાળ ગણાતી યોજના "મનરેગા છે. દેશમાં લાભાર્થીઓની પાછળ જે કુલ ખર્ચ થાય છે તેનો ૪૧% મનરેગાના હેઠળ થાય છે તેથી જ તેમાં ઉપર દર્શાવેલા જે ફેરફારો થયા તેનું પ્રત્યક્ષ પરિણામ ભારત સરકારને અને સરવાળે લોકોને મળતું રહ્યું છે.

લાભાર્થીઓની ઓળખ તરીકે આધારના કદમથી ઘણા મોટા ફાયદાઓ થયા છે. બેંકનું ખાતું આધાર કાર્ડ, પાન કાર્ડના આનુષંગિક જોડાણોએ પ્રારંભિક તબકકે હાડમારી વધારી છે. કયાંક ટેકનોલોજીની




મંથર ગતિને કારણે પ્રશ્નો પણ ઉભા થયા છે. પરંતુ લાંબાગાળાના વિકાસને ધ્યાનમાં લઈએ તો આ એક અલ્પકાલિન સંક્રાંતિકાળ છે જે પૂર્ણ થયા પછી જનમાનસમાં નવું ચૈતન્ય આવશે તે નિર્વિવાદ છે.

જનધન, આધાર, મોબાઈલ પ્રતિબધ્ધ આંક તૈયાર કરવામાં ડી.બી.ટી. એટલે કે પ્રત્યક્ષ લાભાર્થીને તબદીલી સમગ્ર દેશના સંદર્ભમાં વિચારીએ તો મધ્યપ્રદેશ અને છતીસગઢ જેવા રાજ્યોમાં "જામ"નો પ્રતિબધ્ધતા ૭૦ ઉપર છે તો બિહાર અને મહારાષ્ટ્રમાં ૨૫ જેટલો છે. શહેરી વિસ્તારની સરખામણીમાં ગ્રામ્ય વિસ્તારોનું ચિત્ર હજુ પણ થોડું નબળુ જોવા મળે છે. ૮ મી નવેમ્બર ૨૦૧૬ના રોજ વિમુદ્રીકરણ થયા પછી એક તરફ રોકડ વિહીન અર્થતંત્રને હળવે હળવે વેગ મળ્યો છે તો બીજી તરફ ભારત સરકારે "ભીમ" (ભારત ઈન્ટરફેસ ફોર મની) દાખલ કરીને પારદર્શિતાને પ્રોત્સાહક તંત્ર ઉભું કરવાનો પ્રયાસ થયો છે.

ભારત સરકારે ૨૦૧૯માં બીજી ઓક્ટોબર સુધીમાં સંપૂર્ણ સ્વચ્છ ભારતની પ્રતિબધ્ધતા ઘોષિત કરી છે અને ૨૦૨૨ની ૧૫મી ઓગષ્ટ સુધીમાં પ્રત્યેક ઘર વગરનાને આશરો મળી રહે તે માટે મક્કમતાપૂર્વક પહેલ કરી છે. ૨૦૧૨-૧૩થી ૨૦૧૭-૧૮ સુધીના પ્રધાનમંત્રી આવાસ યોજનાની ફાળવણી નીચે પ્રમાણે જોવા મળી.

૨૦૧૨-૧૩ : ૭૮૬૮ કરોડ
૨૦૧૩-૧૪ : ૧૨૯૮૧ કરોડ
૨૦૧૪-૧૫ : ૧૧૦૯૬ કરોડ

૨૦૧૫-૧૬ : ૧૦૧૧૬ કરોડ
૨૦૧૬-૧૭ : ૧૬૦૦૦ કરોડ અંદાજિત
૨૦૧૭-૧૮ : ૨૩૦૦૦ કરોડ અંદાજિત

ગ્રામ્ય ગૃહ નિર્માણ ક્ષેત્રે ૨૦૧૪-૧૫, ૧૫-૧૬ અને ૧૬-૧૭માં અનુક્રમે ૧.૬ મિલિયન, ૧.૮ મિલિયન અને ૩.૨ મિલિયન ઘર બાંધવામાં આવ્યા.

હવે પછીના ત્રણ વર્ષમાં કુલ મળીને ૨૦ મિલિયન નવા ઘર તૈયાર કરવાનો સરકારનો સંકલ્પ છે. સ્વાભાવિક રીતે જ ગૃહનિર્માણની આ યોજના એકંદર



સામાજિક સુખાકારી વધારશે જ, સુરક્ષાનું પ્રમાણ પણ વધશે અને સાથોસાથ આનુષાંગિક રોજગારી વધતાં કુલ આવકના પ્રમાણમાં પણ વધારો થશે.

સાંસ્કૃતિક ભારતને સમૃદ્ધ ભારત બનાવવા માટે આયોજનમાં પણ બુધ્ધિઆંક, અધ્યાત્મ આંક અને લાગણીનો આંક એટલે કે આઈ.કયુ, ઈ-કયુ અને એસ-કયુ ત્રણેયનો સંગમ જરૂરી છે. કેવળ નાણાકીય ગણતરીથી વિકાસ થઈ શકે નહી તો કેવળ શ્રધ્ધાના બળે વ્યૂહાત્મકતા વગર વિકાસ સિધ્ધ થતો નથી. ૨૧મી સદી એ જ્ઞાન પ્રચલનની સદી છે. અને જ્ઞાન પ્રચલનના આ સમયમાં સ્વાભાવિક રીતે જ પ્રચલન માટેની પ્રતિબધ્ધતાને અભિવ્યકત કરવી પડે, વિશ્વમાં બ્રિકસ નામની જે ધરી ઉભી થઈ છે તેમાં ભારત પણ છે. અને ૨૧મી સદીનો ઉતરાર્ધ બ્રિકસનો હશે ત્યારે ભારત જ્ઞાન પ્રચલન થકી વિશ્વનો રાહબર બને તેવી આપણી આશા અપેક્ષા જો હોય તો તેનો પાયો નાંખવાનો આ સમય છે. અને પાયામાં કેવળ ભાવનાત્મકતા ટકી શકતી નથી, સરકારે સુપેરે જનમાનસને દ્રષ્ટિવંત બનાવવા માટે નવતર આયામોનો આરંભ કર્યો છે જે આગામી દાયકાઓમાં બીજાંકુર બનીને ઉતરાર્ધમાં વિકાસના વડલારૂપ સાબિત થશે. એક સામાન્ય આંબાને પણ ૧૨ વર્ષ લાગે છે, તો ૧૨૫ કરોડના આંબાને વિજ્ઞાનના ખાતર થકી નવપલ્લવિત કરવા માટે મજબૂત રાજકીય ઈચ્છાશકિત જોઈએ, જન જાગરણ જોઈએ અને આ ઈચ્છાશકિત અને જનજાગરણ સહિયારા પુરુષાર્થમાં પરિણમે ત્યારે નવપ્રવર્તનના મીઠા ફળ ચાખવા મળે. ભારત નવ ભારત બને તે માટેનો નકશો તૈયાર થઈ રહ્યો છે તેમાં યુવા ભારતે દ્રષ્ટિપૂર્વકના ઉપક્રમો હાથ ધરવા પડશે, શાસન વિકાસનું સાધન છે સાધ્ય નથી સરકાર વિકાસનું માધ્યમ છે. વિકાસના આ નવતર આયામને જાણી સમજી અને તેમાં સામેલ થવા માટે આ રૂડો અવસર છે.

**તુષાર હાથી નિવૃત્ત કોલેજ પ્રિન્સીપલ અને પૂર્વ વાઈસ ચાન્સેલર છે.**


**આગામી આકર્ષણ**

**નાના અને મધ્યમ સાહસો**

**Small & Medium Enterprises**

## અગત્યની સૂચના

**યોજનાના લેખકો / વાચકો નોંધ લે.**

**યોજના ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી તેમજ કુરુક્ષેત્ર અંગ્રેજી, હિન્દીનું લવાજમ હવે ઑનલાઈન ભરી શકાશે. આ માટેની વિગતો નીચેની વેબસાઈટ પરથી મળી રહેશે.**

**www.yojana.gov.in**

**યોજના વાંચો**

**યોજના વંચાવો**

**યોજના વસાવો**

# ૨૩મા દિલ્હી પુસ્તક પ્રદર્શન ૨૦૧૭ માં ભાગ લેતું પ્રકાશન વિભાગ

નવી દિલ્હીમાં ઇન્ડિયન ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશન દ્વારા ફેડરેશન ઓફ ઇન્ડિયન પબ્લિશર્સના સહયોગથી ,તા. ૨૬ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધી યોજાયેલા નેશનલ બુક ફેરમાં પ્રકાશન વિભાગે ભાગ લીધો હતો. આ વખતનો વિષય 'પઢે ભારત, બઢે ભારત- India Reads, India Grows' હતો. આ બુક ફેરમાં અંદાજે ૧૩૦ પ્રકાશકોએ ભાગ લીધો હતો.




*પ્રગતિ મેદાન, નવી દિલ્હી ખાતે યોજાયેલ ૨૩મા દિલ્હી બુક ફેર, ૨૦૧૭માં પ્રકાશન વિભાગનો સ્ટોલ.*

આ બુક ફેર દ્વારા મોટી સંખ્યામાં ફેરમાં સામેલ થયેલા બાળકોથી માંડીને વરિષ્ઠ નાગરિકો સુધીના લોકોને પ્રકાશન વિભાગનાં હિન્દી, અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓનાં પુસ્તકો, ઈ-બુક્સ અને સામયિકો પ્રદર્શિત કરવાની તક પ્રાપ્ત થઈ હતી.

ભારત છોડો ચળવળની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે તથા ભારતની આઝાદીને ૭૦ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે પુસ્તક પ્રદર્શનમાં આઝાદીની લડત અંગેનાં પુસ્તકો માટે 'આઝાદી કી કહાની, કિતાબોં કી ઝુબાની' નામનો વિશેષ વિભાગ રાખવામાં આવ્યો હતો, જેમાં પ્રકાશન વિભાગના સ્ટોલમાં લોકોએ ભારે રસ દર્શાવ્યો હતો અને તે મુખ્ય આકર્ષણનો વિષય બન્યો હતો. આ સ્ટોલમાં નોંધ લેવા લાયક જે પુસ્તકો મૂકાયા હતા તેમાં 'Who's Who of Indian Martyrs', (Life Sketches of Unsung Heroes), 'From Raj to Swaraj', 'Bharat mein Angrezi Raj', 'Bharatiya Swatantrata Andolan ka Itihas', 'History of the Freedom Movement in India', India: Before and After the Mutiny', '1857: The Uprising', 'Remember us once in a while'. ડીપીડી દ્વારા મહાત્માં ગાંધી વિષયે અન્ય મહત્વના પુસ્તકો ઉપરાંત "૧૦૦ વોલ્યુમનું 'Collected Works of Mahatma Gandhi' પણ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યું હતું. 'Mahatma' (૮ વોલ્યુમ), 'Gandhi in Champaran', 'Romain Rolland and Gandhi-Correspondence', 'Satyagraha'. આ ઉપરાંત ભારતનો વિવિધતાપૂર્ણ સમૃધ્ધ અને સાંસ્કૃતિક વારસો દર્શાવતાં પુસ્તકો, સ્વાતંત્ર સેનાનીઓના અને રાષ્ટ્રિય નેતાઓના જીવન ચરિત્રો, ઈતિહાસ, કલા અને સંસ્કૃતિ, ભૂમિ અને લોકો તથા સમકાલિન સુસંગતતા ધરાવતા અન્ય વિષયો તથા હિન્દી, અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં બાળકોના પુસ્તકો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. મુલાકાતીઓ પ્રકાશન વિભાગની ડીજીટલ લાયબ્રેરી ઉપર નજર નાંખી શકે તે માટે એક ઈ-કિયોસ્ક પણ મૂકવામાં આવ્યું હતું.



*પ્રકાશન વિભાગના સ્ટોલમાં મુલાકાતીઓ પુસ્તકો બ્રાઉઝ કરી રહ્યા છે.*

સાંસ્કૃતિક વિભાગના રાજ્યકક્ષાના પ્રધાન ડો. મહેશ શર્મા, DoPTના સચિવ શ્રી અજય મિત્તલ, IGNCAના ચેરમેન શ્રી રામ બહાદુર રાય, IGNCAના સભ્ય સચિવ શ્રી સચિદાનંદ જોષી ઉપરાંત સરકારના વરિષ્ઠ અધિકારીઓ, લેખકો અને પ્રકાશકોએ પણ પ્રકાશન વિભાગના સ્ટોલની મુલાકાત લીધી હતી.

પોતાના વિવિધ પુસ્તકો અને જર્નલ્સના વેચાણ દ્વારા પ્રકાશન વિભાગે બુક ફેર દરમ્યાન

રૂ.૧૫.૩૭ કરોડનું વેચાણ કર્યું હતું. ગયા વર્ષે આ વેચાણ રૂ.૧૦ લાખનું થયું હતુ. આ વખતે પ્રકાશન વિભાગે કેશલેસ આર્થિક વ્યવહારો માટે mPoS મશીન્સ પણ બેસાડ્યા હતા. કુલ વેચાણમાં અંદાજે ૨૨ ટકા વેચાણ કેશલેસ આર્થિક વ્યવહારો દ્વારા થયું હતું.

તા.૨૬ ઓગષ્ટ અને તા.૩૧ ઓગષ્ટ, ૨૦૧૭ દરમ્યાન પુસ્તક વિમોચનના બે સમારંભોનું આયોજન કરાયું હતું. આ ગાળા દરમ્યાન વિવિધ વિષયો પરના કુલ ૧૭ પુસ્તકોનું વિમોચન કરાયું હતું. આ પુસ્તકોમાં ગાયક મન્નાડેનું જીવન ચરિત્ર, પ્રસિધ્ધ ઈતિહાસકાર તારાચંદ લિખિત History of Indian Freedom Movement થી માંડીને Indian Costumes નો સમાવેશ થાય છે. 'સંસ્કૃત સાહિત્ય રત્નાવલી' ના ૪ વોલ્યુમ્સ કે જેનું સહ-પ્રકાશન સસ્તુ સાહિત્ય મંડળ દ્વારા કરાયું હતું, તે પુસ્તકોનું પણ વિમોચન કરાયું હતું.




*પ્રકાશન વિભાગના અધિકારી સંસ્કૃતિ અને પ્રવાસન વિભાગના રાજ્યકક્ષાના મંત્રી, ડૉ. મહેશ શર્મા પાસેથી 'Excellence in Book Production' એવોર્ડ સ્વીકારી રહ્યા છે.*

ભારતના ગૌરવપૂર્ણ આઝાદીના સંઘર્ષ અંગે ટૂંકી અને પ્રેરણાદાયી માહિતી આપવા માટે 'Saluting The Patriots' નામની મોબાઈલ એપ્પ પણ શરૂ કરવામાં આવી હતી. આ ઈન-હાઉસ એપ્પ બે ભાષામાં છે.

ધ ફેડરેશન ઓફ ઈન્ડિયન પબ્લિશર્સ દિલ્હી ફેર દરમ્યાન દર વર્ષે પુસ્તક નિર્માણની ઉત્તમ કામગીરી માટે વિવિધ કેટેગરીના એવોર્ડ એનાયત કરે છે. આ વર્ષે પ્રકાશન વિભાગને વિવિધ કેટેગરીનાં પુસ્તકો હિન્દી, અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં પ્રસિધ્ધ કરવા બદલ કુલ ૧૧ એવોર્ડઝ અને ૨ સર્ટિફિકેટ ઓફ મેરીટ ફોર Excellence in Book Production એનાયત કરાયો હતો. રાજ્યકક્ષાના સાંસ્કૃતિક અને પ્રવાસનમંત્રી ડો. મહેશ શર્માએ તા.૩૧ ઓગષ્ટના રોજ એવોર્ડનું વિતરણ કર્યું હતું.



*પ્રકાશન વિભાગના અધિકારીઓ Excellence in Display by ITPO સ્વીકારી રહ્યા છે.*

પ્રકાશન વિભાગ દ્વારા ૨૩મા દિલ્હી બુક ફેરમાં કરાયેલા ડીસ્પ્લેને પ્રાદેશિક ભાષાઓમાં Gold Trophy for Excellence in Display ને એવોર્ડ એનાયત કરાયો હતો, જેની ડીઝાઈન ઈન-હાઉસ આર્ટિસ્ટસ દ્વારા તૈયાર કરવામાં આવી હતી. આ એવોર્ડ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, આઈટીપીઓના હસ્તે તા.૩ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ યોજાયેલ એવોર્ડ વિતરણ સમારંભમાં એનાયત થયો હતો.


Mahatma Gandhi
His Life & Message
Satyagraha
THE COLLECTED WORKS OF MAHATMA GANDHI
Publications Division
Ministry of Information and Broadcasting
Government of India
For your colpies and business queries, please contact :
011-24367260,24365609
e-mail: businesswng@gmail.com
website: publicationsdivision.nic.in
www.facebook.com/publicationsdivision
Also Available e-books on Gandhian Literature at play.google.com and kobo.com

(પાના નંબર-૨થી શરૂ)

વડોદરામાં નવી હાઈસ્પીડ રેલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ ઊભી થઈ રહી છે. આ સંસ્થા સંપૂર્ણપણે સિમ્યુલેટર વગેરે ઉપકરણ અને સુવિધાઓથી સજ્જ છે. જાપાનમાં આ પ્રકારની સંસ્થા જેવી જ સુવિધા આ સંસ્થા ધરાવશે. આ સંસ્થા વર્ષ ૨૦૨૦ના અંત સુધીમાં કાર્યરત થશે. આ સંસ્થામાં સુવિધાઓનો ઉપયોગ આગામી ત્રણ વર્ષમાં આશરે ૪,૦૦૦ કર્મચારીઓને તાલીમ આપવા માટે થશે, જેમનો ઉપયોગ કામગીરી અને જાળવણી માટે થશે, જે સુનિશ્ચિત કરશે કે ભારતમાં કુશળ લોકો મારફતે આ કામગીરી થશે, નહીં કે તેનાં માટે વિદેશ પર નિર્ભર રહેવું પડશે. તેઓ ભારતમાં અન્ય હાઈસ્પીડ કોરિડોરના ભવિષ્યના વિકાસ માટે પણ આધારભૂત બનશે. ઉપરાંત ભારતીય રેલવેના ૩૦૦ યુવાન અધિકારીઓને જાપાનમાં તાલીમ આપવામાં આવે છે, જેથી તેઓ હાઈસ્પીડ ટ્રેક ટેકનોલોજીથી વાકેફ થાય. માનવ સંસાધન વિકાસ માટે લાંબાગાળાની યોજનાને ધ્યાનમાં રાખીને જાપાનની સરકારે ભારતીય રેલવેના અધિકારીઓ માટે જાપાનની યુનિવર્સિટીઓમાંથી માસ્ટર્સના અભ્યાસક્રમ માટે દર વર્ષે ૨૦ બેઠક પણ ઓફર કરી છે. આ કાર્યક્રમ માટે ભંડોળ સંપૂર્ણપણે જાપાનની સરકાર દ્વારા પૂરું પાડવામાં આવે છે.

**અત્યાધુનિક ટેકનોલોજી**

વધારે ઝડપ માટે અન્ય ક્ષેત્રોથી વિપરિત દેશને સંપૂર્ણપણે અત્યાધુનિક ટેકનોલોજી મળી છે. શિન્કાન્સેન ટેકનોલોજી તેની વિશ્વસનીયતા અને સલામતી માટે જાણીતી છે તથા ૫૦ વર્ષથી વધારે સમયથી સફળ પુરવાર થઈ છે. શિન્કાન્સેનનો ટ્રેન વિલંબ થવાનો રેકોર્ડ શૂન્ય જાનહાનિ સાથે એક મિનિટથી ઓછો છે.

એટલે પ્રોજેક્ટ સલામતીના ઊંચા ધારાધોરણો સાથે વિશ્વસનીય અને અનુકૂળ સેવા પ્રદાન કરશે. આપત્તિની ધારણા અને નિવારણ સાથે સંબંધિત ટેકનોલોજી પ્રોજેક્ટના ભાગરૂપે મેળવવામાં આવશે. આ પ્રકારની સલામતી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરશે કે ધરતીકંપ વગેરે કુદરતી આપત્તિના કેસમાં ટ્રેનની સલામતીની કામગીરી જાળવવામાં આવી છે.

આ ટેકનોલોજીની ઉપલબ્ધતા સાથે ભારત અત્યાધુનિક ટ્રેન ટેકનોલોજીમાં હરણફાળ ભરશે, જેમાં પેસેન્જર્સ ૨ કલાકમાં તેમના મુકામ સુધી પહોંચશે, જેમાં અત્યારે તેમને ૭થી ૮ કલાક લાગે છે. ઇજનેરી કર્મચારીઓ અત્યાધુનિક ટેકનોલોજીની જાણકારી મેળવી રહ્યાં છે એટલે તે ભારતમાં આવી જ ટેકનોલોજી વિકસાવવામાં પણ મદદરૂપ થશે.

આ બાબતને ધ્યાનમાં રાખીને દેશમાં દિલ્હી-કોલકાતા, દિલ્હી-મુંબઈ, મુંબઈ-ચેન્નાઈ, દિલ્હી-ચંદીગઢ, મુંબઈ-નાગપુર, દિલ્હી-નાગપુર માટે હાઈ સ્પીડ કોરિડોરની સમીક્ષા થઈ રહી છે. આ તમામ કોરિડોર ભવિષ્યમાં હાઈ સ્પીડ ટ્રેન મેળવવા માટે સક્ષમ બનશે. આ માટે રેલવે મંત્રાલયે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડની રચના કરી છે, જે આ એમએએચએસઆર પ્રોજેક્ટનો અમલ પણ કરે છે.

**મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટની ખાસિયતોઃ**

● મુખ્ય વિશેષતાઓ : લંબાઈ ૫૦૮ કિમી (અંદાજિત), બે રાજ્યો મારફતે ડબલ લાઇન, મહારાષ્ટ્ર (૧૫૬ કિમી) અને ગુજરાત (૩૫૧ કિમી) અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી (૨ કિમી). ૨૧ કિમી લાંબી ટનલ જેમાં ૭ કિમી દરિયાની નીચે (થાણે ક્રીક). ૧૨ સ્ટેશનઃ મુંબઈ, થાણે, વિરાર, બોઇસર, વાપી, બિલિમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ અને અમદાવાદ, સાબરમતી. અંડરગ્રાઉન્ડ સ્ટેશન મુંબઈ, અન્ય તમામ સ્ટેશન એલીવેટેડ.

● મહત્તમ ડિઝાઇન સ્પીડઃ ૩૫૦ કિલોમીટર પ્રતિ કલાક; મહત્તમ કાર્યકારી ઝડપ ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાક. પ્રવાસનો સમય – ૨.૦૭ કલાક (મર્યાદિત સ્ટોપ), ૨.૫૮ કલાક (સ્ટેશનો પર સ્ટોપ) જેની સાથે અત્યારે ટ્રેનનો પ્રવાસનો સમય ૭થી ૮ કલાક.
ઓછો ખર્ચ, વધારે ઝડપ : અંદાજિત ખર્ચ રૂ. ૧,૦૮,૦૦૦ કરોડ : સંપૂર્ણ કોરિડોર સલામતી અને જમીનના અસરકારક ઉપયોગ માટે એલીવેટેડ. પ્રોજેક્ટનો ૮૧ ટકા ખર્ચ જાપાનીઝ લોન પૂરો પાડશે, જેમાં વ્યાજદર ૦.૧ ટકા છે અને પુનઃચુકવણીનો ગાળો ૫૦ વર્ષ છે, જેમાં ૧૫ વર્ષનો ગ્રેસ પીરિયડ સામેલ છે. પ્રોજેક્ટ લોન સહાયની શરતે આપવામાં આવશે. ભારતમાં પ્રથમ વખત માળખાગત પ્રોજેક્ટને આટલી અનુકૂળ શરતે લોન મળી છે.

● ''મેક ઇન ઇન્ડિયા'' : સરકારો વચ્ચે થયેલી સમજૂતી મુજબ, એમએએચએઆર પ્રોજેક્ટના ઉદ્દેશ ''મેક ઇન ઇન્ડિયા'' અને ''ટેકનોલોજીનું હસ્તાંતરણ'' છે.
ભારતને શ્રેષ્ટ ટેકનોલોજી ઉપલબ્ધ થશે ભારતીય રેલવેને અત્યાધુનિક ટેકનોલોજી ધરાવતાં દેશોની ક્લબમાં સામેલ કરશે. શિન્કાન્સેન ટેકનોલોજી ૫૦ વર્ષની સફળતા સાથે વિશ્વસનીયતા અને સલામતી માટે જાણીતી છે ઝીરો જાનહાનિ સાથે વિલંબ થવાનો રેકોર્ડ એક મિનિટથી ઓછો છે, વિશ્વસનીય અને અનુકૂળ સેવાઓ પ્રોજેક્ટ ટેકનિકલ સપોર્ટ અને જાપાનીઝ મદદ ધરાવે છે, જે ભવિષ્યના પ્રોજેક્ટ્સ માટે ભારતીયોને સંપૂર્ણ ટેકનોલોજી જાણકારી મળશે એવું સુનિશ્ચિત કરશે કામગીરી અને જાળવણી માટે વડોદરામાં હાઈસ્પીડ રેલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના થશે, જેમાં ૪,૦૦૦ કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે.
● અર્થતંત્ર અને રોજગારીને પ્રોત્સાહન : નિર્માણ સાથે સંબંધિત ૨૦,૦૦૦ રોજગારીઓ કામગીરી માટે ૪,૦૦૦ પ્રત્યક્ષ રોજગારી અને ૨૦,૦૦૦ પરોક્ષ રોજગારી કોરિડોરને સમાંતર શહેરી અને ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન શહેરો વચ્ચે પ્રવાસની સરળતા અને પ્રવાસન માટે મોટી ક્ષમતા અન્ય હાઈ સ્પીડ પ્રોજેક્ટ્સ માટે ક્ષમતાનું નિર્માણ.

પ્રકાશન તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૭
પોસ્ટિંગ તા. ૧ ઑક્ટોબર, ૨૦૧૭

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

**YOJANA (GUJARATI), October 2017** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭


## નીચેના પુસ્તકો ૫૦ ટકા વળતર ઉપર ઉપલબ્ધ છે

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ | ૧૪ | દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ૨ | માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ | ૧૫ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| ૩ | સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ | ૧૬ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ૪ | કાલિદાસની કહાની | ૩૨.૦૦ | ૧૭ | તત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| ૫ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ | ૧૮ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| ૬ | સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ | ૧૯ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| ૭ | ઠક્કરબાપા | ૮૦.૦૦ | ૨૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| ૮ | આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ | ૨૧ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| ૯ | ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ | ૨૨ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| ૧૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ | ૨૩ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| ૧૧ | ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ | ૨૪ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| ૧૨ | ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ | ૨૫ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ૧૩ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ | ૨૬ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| | | | ૨૭ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |


Printed & Published by Dr. (Ms) Sadhana Rout, D.G. and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.
Director & Chief Editor : Deepika Kachhal. Assistant Director : Ajay Indrekar. Editor : Janhavi Patel.
Yojana Office, Publications Divsion, Ministry of Inforamation & Broadcasting, Government of India,
Long Life Hospital Building, Above UCO Bank, Nr. Paldi Char Rasta, Paldi, Ahmedabad - 380007. Gujarat.
**For business queries/subsciption, please email at yojanagujarati@gmail.com or call on (079) 26588669.**
Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Gujarat.